# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

સંયમ
તપ
ત્યાગ
ક્ષમા

Digital Editions

**Year :** 04, **Issue :** 109, Dt. 08-09-2026 (TUESDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789



### ગુજરાતની 'લેબોરેટરી'માં મોદીનો યુવા સાથેનો પ્રયોગ સફળ હવે દેશભરમાં આવું કરવાની શક્યતા


# ગુજરાતમાં મોદીનો રેમ્પવોકથી GEN-Z ફોર્મ્યુલા હિટ











## ધૂરંધરના સોંગ પર મોદીની એન્ટ્રી રેમ્પવોક કર્યુ

**સિટી ન્યૂઝ@વડોદરા**


આજે ગુજરાતની લેબોરેટરીમાં PM મોદીએ રેમ્પની રાજનીતિનો પ્રયોગ કર્યો હતો. વડોદરામાં સભા સ્થળ પર પહોંચતા હીરા બાના લાલ મારા ભારતના લાલ, એણે મને માયા લગાડી ગીતથી PM મોદીનું સ્વાગત કરાયું હતું. મોદીએ સ્ટેજ પર રેમ્પ વોક કરીને GEN-Zની સામે નારાજ ફૂફાને ફરી યાદ કર્યા. વિપક્ષ પર કટાક્ષ કરતા કહ્યું કે જૂની સરકાર ૧૦ વર્ષમાં ૫૦ હજાર ટોઈલેટ ના બનાવી શકી, અમે ચીપથી શિપ સુધી બનાવી દીધું. ભાજપ માટે ગુજરાત એ રાજકીય લેબોરેટરી ગણાય રહી છે ત્યારે જેન-ઝીને આકર્ષવા માટેનો રેમ્પવોકનો પ્રયોગ દેશમાં પહેલીવાર વડોદરામાં કરવામાં આવ્યો હતો અને જે સુપર ડૂપર હીટ જતા હવે યુવાઓને આકર્ષવા માટે મોદી દેશભરમાં આવા કાર્યક્રમો કરે તો નવાઇ નહીં. ધુરંધરના સોંગ પર પીએમ નરેન્દ્ર મોદીએ જોરદાર એન્ટ્રી કરી રેમ્પ વોક પણ કર્યું હતું અને યુવાનો સાથે સંવાદ કરી સેલ્ફીઓ પણ લીધી હતી આમ આજે લોકાર્પણ કરતા મોદીની રેમ્પ વોકની એન્ટ્રી યુવાનોઅમાં એક ચર્ચાનો વિષય બની ગઇ હતી.

### PM GEN-Zને ફૂલ સપોર્ટ કરે છે

## GEN-Z કહ્યું મોદીજી અમારી પાસેથી નીકળ્યા પોઝિટિવ વાઈબ્સ આવ્યા







પીએમ મોદી આજે ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવ્યા છે. જેમાં તેમણે વડોદરામાં ૩૫ હજાર કરોડના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. આ દરમિયાન GEN-Z પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુવાનોએ પોતાના અનુભવો શેર કર્યા હતા.

## નવસારીમાં 'નમો કમલમ'નું લોકાર્પણ કર્યું

# PM મોદીએ કહ્યું સૌરાષ્ટ્રના લોકોને પાન-મસાલા ખાવાની અને થૂકવાની કૂટેવો છે



## મોદીએ ગુજરાતી ભાષામાં સંબોધન કરી કહ્યું ભારત માતાકી જય કરે અને પિચકારી મારે, માવાથી મુક્તિ મેળવવા અપીલ કરી



**સિટી ન્યૂઝ@નવસારી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કરી પીએમ મોદી નવસારી પહોંચ્યા છે, જ્યાં તેમણે નવસારીના નેશનલ હાઈવે ગ્રીડ નજીક ભાજપના દેશના પ્રથમ AI આધારિત અત્યાધુનિક કાર્યાલય નમો કમલમનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર જિલ્લામાં ઉત્સાહનો માહોલ છે. કાર્યક્રમ સ્થળે ૫૦૦૦થી વધુ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા છે. સમગ્ર જિલ્લામાં ૪૦૦૦ સ્ક્રીન પરથી ૧.૧૫ લાખ લોકો આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બન્યા છે. વડાપ્રધાન હેલિપેડ પર ઉતર્યા ત્યારે તેમનું ભવ્ય અને પરંપરાગત શૈલીમાં સ્વાગત કરાયું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ૧૧૦૦ બહેનો માથે કળશ મૂકીને તેમના આગમનને વધાવ્યું. ૫૦૦ જેટલા પુરુષોએ વિશેષ ડમરુ વાદન કરીને સમગ્ર વાતાવરણને શિવમય બનાવ્યું. આ સિવાય ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના તાલ સાથે પરંપરાગત વાદ્યો વગાડીને વાતાવરણ ગજવી નાખ્યું.

વડાપ્રધાન મોદીએ ઉદઘાટન બાદ વડાપ્રધાન નમો કમલમ પરિસરની મુલાકાત લઈને વિગતવાર સમીક્ષા કરી. તેમણે મુખ્ય કાર્યાલય, અદ્યતન મીડિયા સેન્ટર અને ડિજિટલ કોલ સેન્ટરની કાર્યપ્રણાલીનું નિરીક્ષણ કર્યું. આ ઉપરાંત આધુનિક લાઈબ્રેરી તેમજ સાંસદ અને ધારાસભ્ય માટે બનાવાયેલી ખાસ કેબિનની મુલાકાત લીધી. આ સાથે જ તેમણે પંડિત દીનદયાળ મીટિંગ હોલ, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી હોલ અને અટલ સભાખંડનું પણ નિરીક્ષણ કર્યું.ત્યારબાદ વડાપ્રધાન મોદી સભાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ, ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોએ તેમનું સ્વાગત કર્યું.

સભાસ્થળે પહેલા સી. આર પાટીલ, પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને જગદીશ વિશ્વકર્માએ ટૂંકમાં સંબોધન કરી વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું, જેમાં ભાજપ સરકારની સિદ્ધીઓ, વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ પીએમ મોદીએ સંબોધન કર્યું હતું. નવસારીના તમામ ૩૮૯ ગામોમાં કુલ ૪૦૦૦ જેટલી સ્ક્રીન ગોઠવવામાં આવી હતી, જેના માધ્યમથી ૧.૧૫ લાખથી વધુ ગ્રામજનોએ પોતપોતાના ગામમાં બેસીને કાર્યક્રમ જોયો અને વડાપ્રધાનના સંબોધનને લાઈવ સાંભળ્યું. વડાપ્રધાન હેલિપેડ પર ઉતર્યા ત્યારે તેમનું ભવ્ય અને પરંપરાગત શૈલીમાં સ્વાગત કરાયું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ૧૧૦૦ બહેનો માથે કળશ મૂકીને તેમના આગમનને વધાવ્યું. ૫૦૦ જેટલા પુરુષોએ વિશેષ ડમરુ વાદન કરીને સમગ્ર વાતાવરણને શિવમય બનાવ્યું. આ સિવાય ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના તાલ સાથે પરંપરાગત વાદ્યો વગાડીને વાતાવરણ ગજવી નાખ્યું.



### મતદાન પૂર્ણ; ચૂંટણીમાં ભાજપના વ્હીપ વચ્ચે 21માંથી 20નું મતદાન

# લોધિકા સંઘની ચૂંટણીના રિઝલ્ટ બાદ જૂથવાદના લબકારા લાલચોળ દેખાશે

## શૈલેષ પરસાણાએ મતદાન ન કર્યુ, રાદડિયા જૂથના હોવાથી બંગલોમાં બેસાડી રાખ્યાની ચર્ચા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ લોધિકા સહકારી સંઘની હાઈવોલ્ટેજ ચૂંટણીમાં આજે પાંચ બેઠક માટે ૯૫.૨૩ ટકા મતદાન થયું હતું. કુલ પાંચ પૈકી ચાર બેઠકોમાં ૧૦૦ ટકા મતદાન થયું હતું, જયારે કોઠારીયા- ખોખડદળ બેઠકમાં રાજકોટ મહાપાલિકાના ભાજપના વોર્ડ નં.૧૮ના કોર્પોરેટર ભારતીબેનના પતિ શૈલેષભાઈ પરસાણા મતદાર હતા પરંતુ તેમણે મતદાન નહીં કરતા કોઠારીયા ખોખડદળ બેઠક ઉપર ૭૫ ટકા મતદાન નોંધાયું હતું.રાજકોટ-લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં કુલ ૧૫ પૈકી ૧૦ બેઠકો બિનહરીફ થયા બાદ આજે પાંચ બેઠકો માટે મતદાન શરૂ કરાયું છે.

ભાજપે વ્હિપ જાહેર કરીને પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા જેમાં પક્ષ દ્વારા કુવાડવા જૂથ બેઠક પરથી અરવિંદ રૈયાણી, માધાપર જૂથ બેઠક પરથી પૃથ્વીસિંહ (ઘોઘુભા) જાડેજા, ખોખડદડ જૂથ બેઠક પરથી બાબુ નસીત, ત્રંબા જૂથ બેઠક પરથી નિતીન રૈયાણી, હલેન્ડા જૂથ બેઠકથી મહેશ આસોદરિયા સહિતના નામો જાહેર કરવામાં આવ્યા હતા. ચૂંટણી કાર્યક્રમ મુજબ, આજે સવારે ૯થી બપોરે બે વાગ્યા સુધી મતદાન થયું હતું જેમાં ૯૫.૨૩ ટકા મતદાન નોંધાયું હતું. હવે આવતીકાલે તા.૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ કરી ફાઈનલ રિઝલ્ટ જાહેર કરાશે.

પાંચ બેઠકો માટે કુલ ૧૦ ઉમેદવારો વચ્ચે સીધો જંગ ખેલાયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે રા.લો.સંઘમાં ભાજપના ધારાસભ્ય જયેશ રાદડિયા અને ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ વચ્ચે રાજકીય જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ દ્વારા અપાયેલા મૌખિક મેન્ડેટનો ઉલાળીયો કરીને રાદડિયા જૂથના ઉમેદવારોએ બળવો કરીને ઉમેદવારી નોંધાવતા ચૂંટણી યોજવાની નોબત આવી હતી. છેલ્લા એક પખવાડિયાથી આ ચૂંટણીને લઈને ખેલાઈ રહેલા દાવપેચથી સહકારી ક્ષેત્રના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

રાજકોટ લોધિકા સંઘની ચૂંટણીમાં કોઠારીયા બેઠકના મતદાર શૈલેષભાઈ પરસાણા ને છેવટ સુધી જિલ્લા પંચાયત પ્રમુખના બંગલો ખાતે બેસાડી રાખવામાં આવ્યા હોવાની ચર્ચા છે. તેઓ ભાજપના ધારાસભ્ય જયેશ રાદડિયા જૂથ તરફ મતદાન કરે તેવી શંકા હોય આવું બન્યું હોવાનું ચર્ચાય રહ્યું છે. મતદાન માટે છેવટ સુધી દાવપેચ ખેલાયા હતા.

### કઈ બેઠક ઉપર કેટલું મતદાન ?

મોટામવા-માધાપર ગ્રુપ બેઠક
વિજયભાઈ કોરાટ ( મોટા મવા)
લક્ષ્મણભાઈ વિરાણી ( રામનગર)
વિજયભાઈ સખીયા ( રૈયા)
પૃથ્વીસિંહ જાડેજા ( માધાપર)
ભૂપેન્દ્રસિંહ જાડેજા (વાજડીગઢ)
૧૦૦ ટકા મતદાન

કુવાડવા ગ્રુપ બેઠક
અરવિંદભાઈ રૈયાણી (કુવાડવા)
નીતિન ચોવટિયા (ખીજડીયા)
મહેશભાઈ ખોયાણી (રાણપુર)
હરેશ પાનસુરીયા (જીયાના)
૧૦૦ ટકા મતદાન

કસ્તુરબા ધામ ત્રંબા ગ્રુપ
નીતિનભાઈ રૈયાણી (ત્રંબા)
ભૂપતસિંહ જાડેજા (ઢાંઢણી)
પંકજભાઈ ગઢિયા (ગઢકા)
અનિરુધ્ધસિંહ જાડેજા ( વડાળી)
૧૦૦ ટકા મતદાન

પાડાસણ-હલેન્ડા ગ્રુપ
મહેશભાઈ આસોદરિયા (પાડાસણ)
ધીરુભાઈ રોકડ (હલેન્ડા)
રામભાઈ જળું (હલેન્ડા)
ઘનશ્યામભાઈ મેતા (ઉમરાળી)
૧૦૦ ટકા મતદાન


કોઠારીયા-ખોખડદળ ગ્રુપ
બાબુભાઈ નસિત (ખોખડદળ)
હરજીભાઈ પીપળીયા( ખેરડી)
ગૌરવસિંહ જાડેજા (ઠેબચડા)
૭૫ ટકા મતદાન

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Rajkot
04 | 08 SEPTEMBER 2026, TUESDAY

## પોલીસ તપાસ પહેલા VRS? RMCના નિર્ણય સામે યુનિયન મેદાને

# મહાપાલિકામાં 120 સફાઈ કામદારો VRS વારસદારો વેઈટિંગમાં, પોલીસ રિપોર્ટ છતાં નિર્ણય

## 120 સફાઈ કામદારોએ મેડિકલ રિપોર્ટમાં શું ગરબડ કરી છે પોલીસે મનપાને નામોનું લિસ્ટ આપવા લેટર મોકલ્યો અને 31મી ઓગસ્ટે નિવૃત કરી દેવાયા


રાજકોટ મહાનગરપાલિકા
સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા
ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ
સ્વચ્છ સર્વેક્ષણ 2025

રા.મ.ન.પા./સો.વે.મે./સે.ઓ./જા.નં.- ૨૩૬૬ — તા. ૨૭/૦૮/૨૦૨૬

દફતરી હુકમ :-


વિષય:- શારીરિક અશક્તતા સબબ સ્વૈચ્છિક રાજીનામું આપનાર સફાઇ કામદારોને સ્વૈચ્છિક નિવૃત કરવા બાબત

વંચાણે:- ૧. જ.બો.ઠરાવનં.૪૯, તા.૨૭/૦૯/૨૦૧૨
૨. જ.બો.ઠરાવ નં.૧૬, તા.૧૩/૦૬/૨૦૧૫
૩. જ.બો.ઠરાવ નં.૪૬, તા.૧૧/૦૮/૨૦૧૭
૪. જ.બો.ઠ.નં.30 તા.૧૯/૦૧/૨૦૨૩
૫. જ.બો.ઠ.નં.૭૨ તા.૨૦/૦૧/૨૦૨૬
૬. સ્વૈચ્છિક નિવૃત્તિ કમિટી કાર્યવાહી નોંધ- રા.મ.ન.પા./સો.વે.મે./(૧) જા.નં. ૬૧૪૩, તા.૨૭/૦૨/૨૬,(૨) જા.નં. ૬૩૬૧,તા.૧૦/૦૩/૨૦૨૬,(૩) જા.નં. ૪૩૨, તા.૨૯/૦૪/૨૬
૭. ડી.પી.સી. કાર્યવાહી નોંધ ક્રમાંકઃરા.મ.ન.પા./મહેકમ/૮૪૪, તા.03/૦૮/૨૦૨૬
૮. રા.મ.ન.પા./મહેકમ/૨૩ ,તા.૦૫/૦૪/૨૦૨૧
૯. રા.મ્યુ.કો./એકાઉન્ટ/જા.નં.૧૭૪૦, તા.૨૬/૧૦/૨૦૨૩
૧૦. સો.વે.મે./ફાઇલ નં. ૬૯, સને-૨૦૨૬/૨૭.

રાજકોટ મહાનગરપાલિકાની 'સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં ફરજ બજાવતા સફાઈ કામદારો તેની નોકરી દરમ્યાન સફાઈ કામગીરીના કારણે રોગના ભોગ બને અને મેડીકલ તપાસમાં કામ કરવા માટે કાયમી અશક્ત જાહેર થાય' અથવા "સફાઈ કામદારનું નોકરી દરમ્યાન અવસાન થાય" અથવા "સફાઈ કામદાર લાપતા હોય" તેવા સંજોગોમાં તેના કોઈ એક વારસદારને રહેમરાહે નોકરી આપવા અંગે ઉપરોક્ત વંચાણે (૧) નાં ઠરાવથી નિતી નિયત તેમજ કાર્યપ્રણાલી નિયત કરવામાં આવેલ છે. જેમાં વંચાણે-(૨) થી (૫)નાં ઠરાવથી સુધારાઓ કરવામાં આવેલ છે.

વંચાણે-(૫)થી સફાઈ કામદારોના સ્વૈચ્છિક રાજીનામાં અન્વયે કામદારોને સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ તપાસ માટે મોકલવામાં આવતા હતા, જેના સ્થાને રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાનાં અધિકારીઓની કમિટી દ્વારા તપાસ કરવાનું નિયત કરવામાં આવેલ. જે સબબ રજુ થયેલ સ્વૈચ્છિક રાજીનામાંની અરજીઓ કરનાર સફાઈ કામદારોના આરોગ્ય શાખાની કમિટી મારફત મેડીકલ તપાસ કરાવી, પાત્રતા ધરાવતી અરજીઓ સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની ખાસ કમિટી પાસેથી મંજુર કરાવી ત્યારબાદ મંજુર થયેલ અરજીઓના વારસદારની વિગતો સાથે ડી.પી.સી. કમિટી સમક્ષ મંજુરી અર્થે રજુ કરવામાં આવી રહેલ છે.

વંચાણે-(૬)થી સ્વે.નિવૃત્તિ કમિટીની કાર્યવાહી નોંધ તથા વંચાણે-(૭)થી ડી.પી.સી. કાર્યવાહી નોંધની વિગતે કુલ-૧૧૯ સફાઈ કામદારના સ્વે.રાજીનામાની અરજી મંજુર કરવામાં આવેલ હોય, જે પૈકી નીચે


પ્રતિ,
મ્યુનીસીપલ કમીશ્નર શ્રી,
આંબેડકરભવન, ઢેબરભાઇ રોડ,
રાજકોટ.

વિષય:- સફાઇ કામદારોના મેડીકલ સર્ટી તપાસના કામે મળવા બાબત

સવિનય જય ભારત સાથ ડી.વાય.મહંત, પોલીસ સબ ઇન્સપેક્ટર, એ ડીવીઝન પોલીસ સ્ટેશન, રાજકોટ શહેરના લખવા વિ કે,

ઉપરોક્ત વિષય અનવ્યે જણાવવાનુ કે રાજકોટ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન સી.પી.એ.પી. અરજી નં-૪૪૧/૨૦૨૬ તા.૨૦/૮/૨૦૨૬ થી અરજદાર પારસભાઇ ભરતભાઇ બેડીયા રાજકોટ કામદાર યુનીયન પ્રમુખે ઉપરોક્ત નંબરથી અરજી આપેલ હોય અને આક્ષેપ કરેલ હોય કે રાજકોટ મહાનગરપાલીકા કાયમી સફાઇ કામદારો દ્વારા ખોટા મેડીકલ સર્ટીફીકેટ રજુ કરી અને રાજીનામુ આપી તેમના વારસદારોને કાયમી નોકરી અપાવતા હોવાના આક્ષેપ કરેલ છે અને તેના કારણે યોગ્ય લાયકાત વાળા માણસોને અન્યાય થતો હોવાનુ જણાવેલ જેથી આ સાથે સામેલ લીસ્ટ મુજબના માણસોના ઓરીજનલ મેડીકલ સર્ટી તપાસના કામે મળવા વિ છે.

તા.૨૫/૮/૨૦૨૬

(ડી.વાય.મહંત)
પોલીસ સબ ઇન્સપેક્ટર
એ ડીવીઝન પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

રાજકોટ મહાનગરપાલિકા
જનરલ રજીસ્ટ્રી વિભાગ
ઇન્વર્ડ નં ૨૨૩૨
તારીખ: ૨૮-૮-૨૬

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા
મધ્ય ઝોન, રાજકોટ મહાનગરપાલિકા
ઇન્વર્ડ નં :- ૨૮૦૦
તારીખ :- ૦૨/૦૯/૨૦૨૬

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા
મધ્ય ઝોન, રાજકોટ મહાનગરપાલિકા
ઇન્વર્ડ નં. :- ૨૮-૦૧
તારીખ :- ૦૮/૦૯/૨૦૨૬

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા (RMC)ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં સફાઈ કામદારોને અપાયેલા સ્વૈચ્છિક નિવૃત્તિ (VRS)ના નિર્ણયને લઈને વિવાદ વકર્યો છે. પોલીસનો રિપોર્ટ ૨૯ ઓગસ્ટે આવ્યા બાદ પણ આશરે ૧૨૦ સફાઈ કામદારોને નિવૃત્ત કરી દેવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે રાજકોટ કામદાર યુનિયને સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતા સામે સવાલો ઉઠાવ્યા છે.યુનિયનના જણાવ્યા મુજબ, કર્મચારીઓની બીમારી અને શારીરિક અશક્તતાના આધારે VRSની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન રજૂ કરવામાં આવેલા મેડિકલ સર્ટિફિકેટ, મેડિકલ રિપોર્ટ અને અગાઉની બીમારીની હિસ્ટ્રીની યોગ્ય ચકાસણી કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, આ અંગેની તપાસ અને રજૂઆતો વચ્ચે જ નિવૃત્તિના હુકમો કરી દેવામાં આવતા કર્મચારીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પોલીસ રિપોર્ટ ૨૯ ઓગસ્ટે પ્રાપ્ત થયો હોવા છતાં ત્યારબાદ કર્મચારીઓને નિવૃત્ત કરવાનો નિર્ણય લેવાયો હોવાના મુદ્દે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. યુનિયનનો આક્ષેપ છે કે સમગ્ર પ્રક્રિયામાં જરૂરી ચકાસણી અને પારદર્શિતા જળવાઈ છે કે નહીં તેની તપાસ થવી જોઈએ. આ મામલે વધુ એક મહત્વનો મુદ્દો એ છે કે નિવૃત્ત કરવામાં આવેલા કર્મચારીઓના વારસદારોને હજુ સુધી નિમણૂક આપવામાં આવી નથી. યુનિયનનો દાવો છે કે રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં એકસાથે આટલા કર્મચારીઓને નિવૃત્ત કર્યા બાદ પણ તેમના વારસદારોને નિમણૂક ન અપાઈ હોય તેવી સ્થિતિ પ્રથમ વખત જોવા મળી રહી છે. રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ જણાવ્યું હતું કે, કર્મચારીઓના હક્કોને અસર કરતો નિર્ણય લેતા પહેલાં તમામ દસ્તાવેજોની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે. પોલીસ રિપોર્ટ આવ્યા બાદ પણ નિવૃત્તિની કાર્યવાહી અને વારસદારોને નિમણૂક ન મળવા અંગે તેમણે તંત્ર પાસે સ્પષ્ટતા માગી છે. યુનિયને સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ નિવૃત્ત કરાયેલા કર્મચારીઓ અને તેમના વારસદારોના હક્કો અંગે તાત્કાલિક નિર્ણય લેવા રજૂઆત કરવામાં આવી છે. જો મનપા તંત્ર દ્વારા સત્વરે યોગ્ય નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં કાયદેસરના માર્ગે આંદોલન કરવાની ચીમકી રાજકોટ કામદાર યુનિયને ઉચ્ચારી છે.  હવે સમગ્ર મામલે રાજકોટ મહાનગરપાલિકા તંત્ર શું સ્પષ્ટતા કરે છે અને નિવૃત્ત કર્મચારીઓના વારસદારોની નિમણૂક અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.




## RMCના ઈતિહાસમાં પહેલીવાર VRS બાદ વારસદારોને હજુ સુધી નોકરી લેવાની પ્રક્રિયા કરી નથી

## રાજકોટ મહાપાલિકાને કુલ 158 કરોડ ફંડ મળ્યું હતું જેમાંથી 32 કરોડ હજૂ વપરાયા નથી

# સ્વચ્છ હવા સર્વેક્ષણમાં રાજકોટ 15માં ક્રમેથી 7માં ક્રમે છતાંય સ્થિતિ હજુ ગંભીર

■ રાજકોટમાં ચોખ્ખી હવામાં વોર્ડ નં.2 બીજા ક્રમે અને વોર્ડ નં.5 ત્રીજા ક્રમે છે

■ દેશમાં લખનઉ, ઈન્દોર, જંબલપુર, ભોપાલની હવા સૌથી શુધ્ધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કેન્દ્રીય પર્યાવરણ વિભાગે જાહેર કરેલા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૬ મુજબ, ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા સ્વચ્છ શહેરમાં ગુજરાતના ૪ મહાનગર ટોપ-૧૫માં સામેલ છે.દેશના ૪૮ શહેરમાંથી લખનઉ પ્રથમ ક્રમે છે. સુરત ગયા વર્ષે ત્રીજું હતું, હવે ૫મા ક્રમે ધકેલાયુ છે. રાજકોટ ૧૫થી ૭મા ક્રમે આવી ગયું છે. અમદાવાદ ૨ સ્થાનના સુધારા સાથે ૮મા અને વડોદરા ૧૫મા ક્રમે છે. નેશનલ ક્લિન એર પ્રોગ્રામ હેઠળ ૨૦૧૯-૨૦થી ૨૦૨૫-૨૬ દરમિયાન સાત વર્ષમાં ચાર મહાનગરને ૧૫૪૬ કરોડ ફાળવાયા હતા, તેમાંથી ૧૨૫૫ કરોડ ખર્ચ થયા હતા. જો કે આ ચારેય મહાનગરોમાં ફેફસા અને હૃદયની બીમારી કરતાં PM૧૦ કણોનું વાર્ષિક સરેરાશ પ્રમાણ ૬૦ g/mની મર્યાદા કરતાં વધુ છે. ૨૦૨૫-૨૬માં વડોદરામાં PM૧૦ કણોનું પ્રમાણ ૧૧૯, અમદાવાદમાં ૧૦૨, રાજકોટમાં ૯૮ અને સુરતમાં ૮૭ g/m નોંધાયું હતું. પર્ટિક્યુલેટ મેટર(PM૧૦) ૧૦ માઇક્રોમીટરથી ઓછી સાઇઝવાળા પ્રદૂષકો છે.


https://citynewsrajkot.com
CITY NEWS
follow us +91 81409 88883
NOVEMBER 2025
20
Year : 03, Issue : 199, Dt. 20-11-2025 (THURSDAY) Rs. 02/- Page : 00, RNI No. GUJGUJ/2023/84789

રાજકોટની 'હવા' થી બિમારી કન્ફર્મ

રાજકોટમાં પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

શહેરમાં AQI 180ને પાર થઈ જતાં તબીબોએ લોકોને ચેતવ્યા

**દેશમાં લખનઉની હવા સૌથી શુદ્ધ**

| રેન્ક | શહેર | સ્કોર |
|---|---|---|
| 1 | લખનઉ | 198 |
| 2 | ઈન્દોર | 197 |
| 3 | જબલપુર | 195 |
| 4 | ભોપાલ | 192 |
| 5 | સુરત | 191 |
| 7 | રાજકોટ | 187 |
| 8 | અમદાવાદ | 186 |
| 15 | વડોદરા | 179 |

(10 લાખથી વધુ વસ્તી ધરાવતા 48 શહેરમાંથી)


CITY NEWS 06

રાજકોટની 'હવા' ઝેરી બાળકોને સૌથી વધુ ખતરો!

ભારતના સ્ટેટ ઓફ ગ્લોબલ 2024ના અહેવાલ મુજબ

ભારતમાં વાયુ પ્રદુષણને કારણે દરરોજ 5 વર્ષથી ઓછી ઉંમરના 464 બાળકો મૃત્યુ પામે છે


CITY NEWS 27

પ્રદુષણ નિયંત્રણ બોર્ડની સત્તાવાર જાહેરાત

રાજકોટની 'હવા' સ્વાસ્થ્ય માટે 100% જોખમી

અબ કી બાર AQI 300 પાર


CITY NEWS 05

રાજકોટની 'હવા' ડેન્જર બનતા ફેફસામાંથી બીમારીનું જોખમ વધ્યું

ડૉક્ટરોની સલાહ: બહાર માસ્ક પહેરો

### મહાપાલિકા હજુ આ કામોમાં કડક નિયમો કરે તો રાજકોટની હવા શુધ્ધ થઈ શકે છે

ઔદ્યોગિક પ્રદૂષણ નિયંત્રણ

પરિસ્થિતિઃ શહેરમાં ડાઈંગ-પ્રિન્ટિંગ-કેમિકલ એકમો મોટી સંખ્યામાં આવેલા છે.

પાછળ પડવાનું કારણઃ ઉદ્યોગોના ધુમાડા પર ૧૦૦% અંકુશ મેળવી શકાયો નથી. ક્લિન ફ્યુઅલ અપનાવવામાં અને એર પોલ્યુશન કંટ્રોલ ડિવાઈસના પાલનમાં ખામી રહી ગઈ છે.

વાહન પ્રદૂષણ નિયંત્રણ

પરિસ્થિતિઃ વાહનોની તોતિંગ સંખ્યા અને ટ્રાફિક જામની સમસ્યા વધતી જાય છે.

પાછળ પડવાનું કારણઃ ટ્રાફિક જામને કારણે વાહનોના ધુમાડાનું ઉત્સર્જન વધ્યું. ટોપ-૩ શહેરોની સરખામણીએ ઈલેક્ટ્રિક વાહનો અને પબ્લિક ટ્રાન્સપોર્ટના ઉપયોગનું પ્રમાણ ઓછું.

રસ્તા પર ભેગી થતી ધૂળની સફાઈ

પરિસ્થિતિઃ રોડ પર ધૂળના રજકણોનું નિર્માણ.

પાછળ પડવાનું કારણઃ લખનૌ, ઈન્દોર અને જબલપુરે ૯૭થી વધુ મિકેનાઈઝ્ડ સ્વીપિંગ મશીનો અને ૫૫૦+ કિમી એન્ડ-ટુ-એન્ડ રોડ પેવિંગ જેવી કામગીરી કરી. સુરત પાલિકાની યાંત્રિક સફાઈ, પેવિંગ કામગીરી મર્યાદિત રહી.

PM૧૦ અને PM૨.૫ લેવલમાં ઘટાડો

પરિસ્થિતિઃ હવાની ગુણવત્તામાં વર્ષ દરમિયાન થયેલો ટકાવારી ઘટાડો.

પાછળ પડવાનું કારણઃ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામગીરી, ટ્રાફિક અને ઔદ્યોગિક ધુમાડાના કારણે હવામાં PM૧૦નું પ્રમાણ સતત ઊંચું રહ્યું, જેથી વાસ્તવિક ટકાવારી ઘટાડાનો સ્કોર ઘટી ગયો.

અન્ય ઉત્સર્જન નિયંત્રણ

પરિસ્થિતિઃ ડીઝલ જનરેટર, હોટલ-ધાબાઓમાં કોલસા અને લાકડાનો વપરાશ.

પાછળ પડવાનું કારણઃ વાણિજ્યિક એકમો, હોટલો અને ધાબાઓ પર બળતણ તરીકે વપરાતા લાકડા/કોલસા પર પૂર્ણ પ્રતિબંધ અને ડીઝલ જનરેટરો પર કડક મોનિટરિંગ ન થયું.

ઘન કચરા વ્યવસ્થાપન & બાયોમાસ

પરિસ્થિતિઃ કચરો સળગાવવા પર પ્રતિબંધ અને વૈજ્ઞાનિક નિકાલ.

પાછળ પડવાનું કારણઃ ખુલ્લામાં કચરો કે બાયોમાસ બાળવાના બનાવો સંપૂર્ણપણે રોકી શકાયા નથી, જેથી હવાની ગુણવત્તા બગડી.

જનજાગૃતિ અને ફરિયાદ નિવારણ (IEC)

પરિસ્થિતિઃ નાગરિકોની ફરિયાદ નિવારણ.

પાછળ પડવાનું કારણઃ જનજાગૃતિ અભિયાનો અને પ્રદૂષણ સંબંધિત ફરિયાદોના ત્વરિત નિવારણમાં ટોચનાં શહેરો કરતાં પાછળ.

## ‘જાનથી મારી નાખવાની ધમકીનો કોઈ જ પુરાવો નથી’

# કોન્સ્ટેબલ વિરુદ્ધ ખોટી ફરિયાદ મામલે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ

### ભક્તિનગરના પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ઝાલાને મોટી રાહત, આગામી સુનાવણી સુધી કોઈ પણ કડક પગલાં ન લેવા હાઈકોર્ટનો સ્પષ્ટ આદેશ





કોન્સ્ટેબલ ભગીરથસિંહ ઝાલા

## ગુનાહિત ઈતિહાસ ધરાવતા ફરિયાદી દ્વારા સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી પોલીસકર્મીને ફસાવવાનું કાવતરું નિષ્ફળ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ આદેશ આપતાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા અને ખોટી ફરિયાદો કરવાની ટેવ વાળા ઈસમોને કડક સંદેશ આપ્યો છે. ભક્તિનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ ભગીરથસિંહ ઝાલા વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆર (FIR) મામલે સુનાવણી કરતા જસ્ટિસ એમ. આર. મેંગડેની કોર્ટે નોંધ્યું છે કે, રેકોર્ડ પર એવી કોઈ જ બાબત કે પુરાવો નથી જે સાબિત કરતો હોય કે અરજદારે પ્રથમ માહિતી આપનાર (ફરિયાદી) ને જાનથી મારી નાખવાની ધમકી આપી હોય.

સમગ્ર મામલાની વિગત મુજબ, ફરિયાદી સ્મિત સખીયા અને કોન્સ્ટેબલ ભગીરથસિંહ ઝાલા વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ હતી. કોર્ટે નોંધ્યું છે કે આ વાતચીત દરમિયાન આઈપીસી (IPC) ની કલમ ૩૦૨ હેઠળ સજાપાત્ર ગુનો કરતા અચકાશે નહીં તેવા શબ્દોનો ઉલ્લેખ થયો હતો. જોકે, તેને સીધી હત્યાની ધમકી ગણી શકાય તેવા કોઈ તથ્યો રેકોર્ડ પર જોવા મળ્યા નથી.

મળતી માહિતી અનુસાર, ફરિયાદી પક્ષ દ્વારા સોશિયલ મીડિયાનો ભારે દુરુપયોગ કરી કોન્સ્ટેબલ ભગીરથસિંહ વિરુદ્ધ દુષ્પ્રચાર કરવામાં આવ્યો હતો અને ખોટો ગુનો દાખલ કરાવી તેમની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરાયો હતો.

આ ખોટો ગુનો દાખલ થવાને પગલે ભગીરથસિંહની પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બદલી પણ કરી દેવામાં આવી હતી. પોતાની સામે થયેલી આ ખોટી કાર્યવાહીનો પર્દાફાશ કરવા અને ન્યાય મેળવવા કોન્સ્ટેબલ ભગીરથસિંહે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ નામદાર હાઈકોર્ટે માત્ર સ્મિત સખીયાની અરજી બાબતે ઘટતી કાર્યવાહી કરવા સૂચના આપી હતી, પરંતુ ગુનો દાખલ કરવાનો કોઈ જ આદેશ કે ડાયરેકશન આપ્યું ન હતું. આમ છતાં, ફરિયાદીએ સિસ્ટમનો ગેરલાભ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો.


હાઈકોર્ટે એફઆઈઆરનું પ્રાથમિક અવલોકન કર્યા બાદ ભગીરથસિંહ ઝાલાને વચગાળાની મોટી રાહત આપી છે. નામદાર કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો છે કે સુનાવણીની આગામી તારીખ, ૫ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી અરજદાર ભગીરથસિંહ વિરુદ્ધ કોઈ પણ પ્રકારના કડક કે દબાણયુક્ત પગલાં લેવામાં આવશે નહીં. હાઈકોર્ટનો આ આદેશ ખોટી ફરિયાદો કરીને કાયદાના રક્ષકોને જ નિશાન બનાવતા તત્વો માટે એક મોટી લપડાક સમાન છે.

### G-PAY જેવી SD PAY એપ બનાવી રોજ કેશબેક અને 30% રેફરલ બોનસની લાલચ

# 635 કરોડનું કૌભાંડ; 1.50 લાખ ગુજરાતીઓ સાથે છેતરપિંડી

## અમરેલી પોલીસે ગુજરાતના સૌથી મોટા કરોડો રૂપિયાના ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો: 6 લોકોની ધરપકડ કરાઈ







### 3.5 લાખ વપરાશકર્તાઓનો ડેટા મળ્યો

તપાસ દરમિયાન પોલીસને આ એપ્લિકેશનમાં નામ અને મોબાઈલ નંબર સાથે રજિસ્ટર થયેલા આશરે સાડા ત્રણ લાખ (૩.૫ લાખ) લોકોનો ડેટા પ્રાપ્ત થયો છે. પોલીસના અંદાજ મુજબ, જો આમાંથી ૨૦ થી ૫૦ ટકા લોકોએ પણ મિનિમમ ૧,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો પણ રોકાણનો આંકડો ખૂબ મોટો થઈ જાય છે. અત્યાર સુધીની પ્રાથમિક વિશ્લેષણ અનુસાર, જિલ્લા પોલીસ પાસે આશરે ૬૫ કરોડ રૂપિયાના રોકાણનો આંકડો સામે આવ્યો છે.

### 1.5 વર્ષમાં 635 કરોડના શંકાસ્પદ લેવડ-દેવડ

પોલીસના હાથે લાગેલા આરોપીઓના બેંક ખાતાઓની તપાસમાં અત્યંત ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ બેંક અકાઉન્ટ્સ છેલ્લા એકથી દોઢ વર્ષ દરમિયાન જ ખોલવામાં આવ્યા હતા. આરોપીઓનો અન્ય કોઈ કાયદેસર વ્યવસાય કે ધંધો ન હોવા છતાં, આટલા ટૂંક સમયમાં ખાતાઓમાં રૂ. ૬૩૫ કરોડ જેટલી વિશાળ રકમની લેવડ-દેવડ (ટ્રાન્ઝેક્શન) થઈ છે. આ નાણાંની કાયદેસરતા અંગે તપાસ ચાલી રહી છે.

### ભોગ બનનારને પોલીસનો સંપર્ક કરવા અપીલ

જિલ્લા પોલીસે 'Up Pay' અથવા 'HDP' કે અન્ય કોઈ માધ્યમથી રોકાણ કરનાર તમામ નાગરિકોને આગળ આવવા અપીલ કરી છે. જો કોઈ વ્યક્તિ કે એજન્ટ દ્વારા આ પ્રકારની સ્કીમમાં નાણાંનું રોકાણ કરાવવામાં આવ્યું હોય, તો ભોગ બનનાર તમામ રોકાણકારોને તાત્કાલિક જિલ્લા પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે, જેથી આરોપીઓ સામે કાનૂની શિકંજો વધુ મજબૂત કરી શકાય.

**સિટી ન્યૂઝ@અમરેલી**

ગુજરાતના લાખો રોકાણકારો સાથે ૬૩૫ કરોડ રૂપિયાની ઠગાઈ થઈ છે અને પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી છે. આ કરોડોના કૌભાંડને આચરવા માટે આરોપીઓએ એસ.ડી. હબ, શિવ ધરતી કોમ્યુનિકેશન અને ઉપાય ડીજી જેવી કુલ ૭ બોગસ કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના અલગ અલગ ૧૫ બેંક ખાતાઓમાં ૬૩૫ કરોડ રૂપિયાથી વધુ રકમના ટ્રાન્ઝેક્શન અને જમા રકમ મળી આવી છે. આ મામલે IPS જયવીર ગઢવીના નેતૃત્વ હેઠળ SITની રચના કરવામાં આવી છે અને તપાસ શરૂ કરાઈ છે. આ સાયબર કૌભાંડના તાર ગુજરાત રાજ્યમાં ચારે તરફ ફેલાયેલા છે. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરત સહિતના મહાનગરોમાં સૌથી વધુ નાના રોકાણકારો આ ઠગાઈનો ભોગ બન્યા છે.

આરોપીઓએ SD Pay એપ્લિકેશન બનાવીને પ્લે સ્ટોર પર મૂકી હતી, જેના કારણે ૧૦ લાખથી વધુ ડાઉનલોડ અને યુઝર્સ હોવાનું સામે આવ્યું છે. પકડાયેલા આરોપીઓએ પોતાના રેફરન્સથી લગભગ પોણા બે લાખ લોકોને આ નેટવર્કમાં જોડ્યા હતા. આ સિવાય, NCCAP પોર્ટલ પર પણ આ કંપનીઓના ખાતાઓ વિરુદ્ધ દેશભરમાંથી ૮૩ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ ચૂકી છે.

SD Pay એપમાં ૧,૦૦૦ રૂપિયાથી ૨૫,૦૦૦ રૂપિયા સુધીના રોકાણ પર દૈનિક ૦.૧૫ ટકા, ૨૫,૦૦૦ રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધી ૦.૨૦ ટકા, ૧ લાખ રૂપિયાથી ૫ લાખ રૂપિયા સુધી ૦.૨૫ ટકા અને ૫ લાખ રૂપિયાથી વધુના રોકાણ પર દૈનિક ૦.30 ટકા કેશબેક આપવાની લાલચ આપવામાં આવતી હતી.

આ ઉપરાંત, એપમાં બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ સહિતની સુવિધાઓ સાથે રેફરલ સિસ્ટમ પણ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસનો દાવો છે કે તેમાં અલગ-અલગ લેયર મારફતે કેશબેક બોનસ આપવાની લાલચથી વધુ લોકોને જોડવામાં આવતા હતા.

આ મામલે ધરપકડ કરાયેલા ૬ આરોપીઓમાં આશિષભાઈ છગનભાઈ ગેડીયા (સુરત), ભાવેશભાઈ ધીરુભાઈ ચૌહાણ (સુરત), નિશિ સત્યનારાયણ પ્રસાદ (મહેસાણા), સોહિલભાઈ જીતેન્દ્રકુમાર મકવાણા (મહેસાણા), નિવરકુમાર અરવિંદભાઈ પટેલ (મહેસાણા) અને સૂર્યસિંહ જગતસિંહ રાઠોડનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મહાનગરોના રહેવાસી છે.

ઓનલાઈન એપ્લિકેશન અને મોહક વચનો આપીને લોકો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવવાના એક મોટા કૌભાંડનો ખુલાસો થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ કેસમાં તપાસ કરી રહેલી જિલ્લા પોલીસે મુખ્ય આરોપીઓ ધવલ પટેલ, હિરેન શાહ અને નરેન્દ્રસિંહ સોલંકી તથા તેમની સાથે જોડાયેલા નેટવર્ક સામે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.





## કોળી યુવાનને ઓનલાઈન ગેમિંગમાં પકડી તોડ કર્યાની ચર્ચાએ રાજકારણ ગરમાવી દીધું

# બોટાદ પોલીસ 1 કરોડના તોડકાંડનો રેલો ગાંધીનગર સુધી, કોળી સમાજ આંદોલનના મૂડમાં

## ભાજપ નેતાએ આંગડિયાથી 60 લાખ લીધાનો ઉમેશ મકવાણાનો દાવો

**સિટી ન્યૂઝ@બોટાદ**

બોટાદ જિલ્લાના કાનીયાડ ગામના કોળી સમાજના યુવાનો સાથે પોલીસ અને રાજકીય નેતાઓની મિલીભગતથી કરોડો રૂપિયાનો તોડ કરવામાં આવ્યો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. બોટાદના ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાએ સનસનાટીભર્યા આરોપ લગાવતા જણાવ્યું છે કે, પોલીસ દ્વારા કલ્પેશભાઈ મીઠાપરા સહિત ત્રણ યુવાનોને ગેરકાયદે ઉઠાવી જઈને નિર્દયતાપૂર્વક માર મારવામાં આવ્યો હતો.

આ યુવાનો પાસેથી ૧ કરોડથી વધુની ખંડણી વસૂલવા દબાણ કરાયું હતું, જેમાં જિલ્લા ભાજપના એક કદાવર નેતાની સંડોવણી હોવાનો અને આંગડિયા મારફતે ૬૦ લાખ રૂપિયા મેળવી લેવાયા હોવાનો ગંભીર દાવો કરવામાં આવ્યો છે. આ ઘટનાના વિરોધમાં અને પીડિત યુવાનોને ન્યાય અપાવવા માટે અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ દ્વારા બોટાદ સર્કિટ હાઉસ ખાતે એક મહત્ત્વની બેઠકનું આહવાન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સમાજના રાજકીય-સામાજિક આગેવાનો અને હોદ્દેદારો ઉપસ્થિત રહી આગળની રણનીતિ નક્કી કરશે.

### ધારાસભ્ય અને સમાજની મુખ્ય માંગણીઓ

સમગ્ર ઘટનાની તટસ્થ, નિષ્પક્ષ અને તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરવામાં આવે. જો ભાજપના હોદ્દેદારની સંડોવણી સાબિત થાય તો તેમને ત્વરિત હોદ્દા પરથી દૂર કરવામાં આવે. તોડ કાંડમાં સામેલ પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ સામે કડક ગુનાહિત કાર્યવાહી થાય.સમગ્ર વિગત સાથે ગુજરાત સરકાર, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

## ધારાસભ્ય કાળુભાઈ ડાભીએ કહ્યું... જે સાચું હશે તે બહાર આવશે

બોટાદમાં ચર્ચામાં આવેલા કથિત રૂ.૧ કરોડના તોડકાંડ મામલે હવે ધંધુકાના ધારાસભ્ય અને ગુજરાત કોળી સમાજના પ્રમુખ કાળુભાઈ ડાભીની પ્રતિક્રિયા સામે આવી છે. આ સમગ્ર મામલો કોળી સમાજના એક યુવક સાથે કથિત રીતે તોડકાંડ થયો હોવાના આરોપોને લઈને ચર્ચામાં આવ્યો છે. બોટાદમાં ભાજપની બેઠક દરમિયાન આ મામલે ધારાસભ્ય કાળુભાઈ ડાભીને સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેમણે સમગ્ર ઘટનાને લઈને સ્પષ્ટપણે કહ્યું હતું કે, "જે સાચું હશે તે બહાર આવશે." કથિત તોડકાંડ અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરતાં કાળુભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, જો સમગ્ર મામલે જે વાત સામે આવી રહી છે તેમાં સત્ય હશે તો તેઓ સાચી વાતની સાથે ઊભા રહેશે. ધારાસભ્યએ કહ્યું કે, "સાચી વાતમાં હું ચોક્કસ સાથે રહીશ."



તેમના આ નિવેદન બાદ કથિત તોડકાંડના મામલે રાજકીય સ્તરે પણ ચર્ચા વધુ તેજ બની છે. કાળુભાઈ ડાભીએ વધુમાં જણાવ્યું હતું કે સમાજ પોતાની રીતે જે યોગ્ય હશે તે કામ કરશે. જોકે, તેમણે ભારપૂર્વક કહ્યું કે તેઓ સત્યની સાથે રહેશે. આ મામલે ધારાસભ્યએ વધુ વિગતો જાહેર કરવાનું ટાળ્યું હતું. એટલે કથિત તોડકાંડ પાછળની હકીકત શું છે અને સમગ્ર ઘટનામાં કોની ભૂમિકા છે, તે અંગે હાલ અનેક સવાલો ઊભા થયા છે.

### તપાસ બાદ હકીકત સામે આવવાની રાહ

બોટાદના કથિત રૂ.૧ કરોડના તોડકાંડ મામલે હાલમાં સમગ્ર ઘટનાની હકીકત શું છે તે તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકે તેમ છે. બીજી તરફ, કોળી સમાજના યુવક સાથે કથિત રીતે તોડકાંડ થયો હોવાના આરોપને લઈને સમાજમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. ધારાસભ્ય કાળુભાઈ ડાભીએ આ મામલે કોઈ એક પક્ષનો બચાવ કરવાને બદલે "જે સાચું હશે તે બહાર આવશે" કહીને પોતાની વાત ટૂંકમાં રજૂ કરી છે. હવે તપાસ આગળ વધે તેમ કથિત તોડકાંડ અંગેના આરોપોમાં કેટલું તથ્ય છે અને સમગ્ર મામલાની વાસ્તવિકતા શું છે, તે સામે આવે તેની રાહ જોવાઈ રહી છે.

# સરકાર ડરે છે!



## કોંગ્રેસ ધારાસભ્ય શૈલેષ પરમારના આકરા પ્રહાર

# ઓછો વરસાદ, મોંઘવારી, બેરોજગારી મુદ્દાના ડરથી વિધાનસભાનું સત્ર માત્ર 3 દિવસનું

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાનું આગામી ચોમાસુ સત્ર માત્ર ૩ દિવસ માટે બોલાવવામાં આવતાં રાજકીય ગરમાવો આવી ગયો છે. વિરોધ પક્ષ કોંગ્રેસે સત્રના ટૂંકા ગાળાને લઈને રાજ્ય સરકાર સામે આકરા સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્ય શૈલેષ પરમારે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે, રાજ્ય સરકાર જનતાના સળગતા પ્રશ્નોનો સામનો કરવાથી બચવા માટે જાણીજોઈને સત્ર ટૂંકું આટોપી લેવાનો કારસો રચી રહી છે. બંધારણીય જોગવાઈ મુજબ દર ૬ મહિને વિધાનસભાનું સત્ર બોલાવવું ફરજિયાત હોય છે, જેથી સરકારની કામગીરીની સમીક્ષા થઈ શકે અને લોકોના પાયાના પ્રશ્નો વાચા મેળવી શકે.

શૈલેષ પરમારે જણાવ્યું કે હાલ સમગ્ર ગુજરાતમાં મોંઘવારી, શિક્ષિત યુવાઓમાં વ્યાપક બેરોજગારી અને વરસાદની ભારે ઘટથી ખેડૂતોમાં ઊભી થયેલી વિકટ સ્થિતિ જેવા અનેક ગંભીર પ્રશ્નો મોં ફાડીને ઊભા છે. આ સંવેદનશીલ મુદ્દાઓ પર ગૃહમાં ચર્ચા કરવાથી શાસક પક્ષ ડરી રહ્યો છે અને તેથી જ વિધાનસભાની બેઠકોની સંખ્યા મર્યાદિત કરી દેવામાં આવી છે. ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ ગૃહમાં પ્રજાનો અવાજ બુલંદ ન કરી શકે તેવો પદ્ધતિસરનો પ્રયાસ સરકાર દ્વારા થઈ રહ્યો હોવાનો તેમણે આરોપ મૂક્યો હતો.

સત્રની વાસ્તવિક અવધિ અંગે સ્પષ્ટતા કરતાં તેમણે જણાવ્યું કે, સત્રના પ્રથમ દિવસે દિવંગત ધારાસભ્ય યોગેશ પટેલના માનમાં શોકપ્રસ્તાવ પસાર કરી ગૃહનું કામકાજ મોકૂફ રાખવામાં આવશે. પરિણામે, ધારાસભ્યો પાસે પ્રજાહિતના મુદ્દાઓની ચર્ચા કરવા માટે વાસ્તવમાં માત્ર ૨ દિવસનો જ સમય બચશે. ૭ કરોડથી વધુ જનતાનું પ્રતિનિધિત્વ કરતી સર્વોચ્ચ સંસ્થામાં આટલા ટૂંકા ગાળામાં રાજ્યના ગંભીર પ્રશ્નો પર પૂરતી અને વિસ્તૃત ચર્ચા કેવી રીતે શક્ય બનશે, તેવો વેધક સવાલ કોંગ્રેસે ઉપસ્થિત કર્યો છે. હાથ પર માત્ર ૨ દિવસનું કામકાજ હોવા છતાં કોંગ્રેસ પક્ષ પ્રજાહિત માટે આક્રમક રીતે લડી લેવાના મૂડમાં છે. શૈલેષ પરમારે સ્પષ્ટ કર્યું કે, વરસાદની ખેંચના કારણે મુશ્કેલીમાં મુકાયેલા ધરતીપુત્રોની વેદના, વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નો, પેપર લીક અને પરીક્ષાઓની અનિયમિતતા, વધતી જતી મોંઘવારી તેમજ યુવાનોની બેરોજગારીના મુદ્દાઓ ગૃહમાં પૂરી તાકાત સાથે રજૂ કરવામાં આવશે. ટૂંકા સત્રના બહાને ભાગવા માંગતી સરકારને વિધાનસભામાં ઘેરવા માટે કોંગ્રેસે સંપૂર્ણ રણનીતિ તૈયાર કરી લીધી છે.

## પ્રહલાદ મોદીએ કહ્યું

# પૂરવઠામાંથી નકસલવાદને હટાવો સરકાર શું કરવા માંગે છે એ સમજાતું નથી

## રેશનમાં ચોખા ઘટાડીને 1 કિલો કરાતા વિવાદ




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં રેશન વિતરણના જથ્થામાં અચાનક ફેરફારને લઈને ફેર પ્રાઈસ શોપ લાઈસન્સ હોલ્ડર એસોસિએશનના અધ્યક્ષ પ્રહલાદ મોદીએ પુરવઠા વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. પ્રહલાદ મોદીના જણાવ્યા મુજબ, છેલ્લા બે દિવસથી રેશનમાં ચોખાનું પ્રમાણ ઘટાડીને ૧ કિલો કરવામાં આવ્યું છે, જ્યારે ૨ કિલો ઘઉં અને ૨ કિલો બાજરી આપવાનું જણાવાયું છે. અગાઉ ૩ કિલો ચોખા અને ૨ કિલો ઘઉં આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રહલાદ મોદીએ આક્ષેપ કર્યો કે, ઘઉં અને ચોખાનું પ્રમાણ ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. પરંતુ, ગુજરાત સરકાર અને ભારત સરકારના પુરવઠા વિભાગ વચ્ચે યોગ્ય સંકલનના અભાવે દુકાનદારો તેમજ ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે, ૭ તારીખ સુધીમાં જ વિતરણના પ્રમાણમાં ફેરફાર કરવાની જરૂર કેમ પડી?

પ્રહલાદ મોદીના જણાવ્યા પ્રમાણે, અગાઉ પણ બાજરીના વિતરણને લઈને આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી. બાજરી ઉપલબ્ધ ન થતાં તેની અવેજીમાં ચોખા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, રેશન વિતરણના કોમ્પ્યુટર પ્રોગ્રામમાં ફેરફાર કરવામાં સમય લાગતા રેશનની દુકાનોના સંચાલકો અને ગ્રાહકો બંનેને મુશ્કેલી પડી હતી. પ્રહલાદ મોદીએ રેશનના જથ્થાની ઉપલબ્ધતા અંગે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, કેટલાક ગોડાઉનમાં ઘઉંનો જથ્થો છે તો ચોખા નથી અને જ્યાં ચોખા છે ત્યાં ઘઉં ઉપલબ્ધ નથી. તેમના જણાવ્યા પ્રમાણે, હાલમાં બાજરી મળી રહી છે. પરંતુ, ઘઉં અને ચોખાની ઉપલબ્ધતાને લઈને સમસ્યા સર્જાઈ રહી છે. પ્રહલાદ મોદીએ કહ્યું કે, સરકાર શું કરવા માંગે છે એ સમજ પડતી નથી. તેમણે રેશન વિતરણની સમગ્ર વ્યવસ્થામાં યોગ્ય સંકલન અને આયોજનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.




# પર્યુષણ પર્વ શરૂ; ધર્મ અને આત્મચિંતનના 8 દિવસ

## 8 દિવસના આચરણ અને કલ્પ સૂત્રનું શું છે મહત્વ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈન ધર્મમાં પર્યુષણ મહાપર્વને આત્મ-અનુશાસનનો સૌથી મોટો પર્વ માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન શ્રદ્ધાળુઓ પોતાની સાંસારિક મોહ-માયા અને રોજિંદી દોડધામથી દૂર રહીને સંપૂર્ણપણે ધર્મ, સાધના, તપ અને આત્મચિંતન પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ષ ૨૦૨૬માં શ્વેતાંબર જૈન પરંપરા અનુસાર આ પાવન પર્વ ૮ સપ્ટેમ્બરથી શરૂ થઈને ૧૫ સપ્ટેમ્બર સુધી ધામધૂમથી અને પૂરી શ્રદ્ધા સાથે ઉજવવામાં આવશે. આ દિવસોમાં અહિંસા, સત્ય, સંયમ અને ત્યાગ જેવા મૂળભૂત સિદ્ધાંતોને પોતાના દૈનિક જીવનમાં ઉતારવાનો કઠોર પ્રયાસ કરવામાં આવે છે. ઘણા શ્રદ્ધાળુઓ પોતાની શારીરિક ક્ષમતા મુજબ ઉપવાસ રાખે છે.

શ્વેતાંબર જૈન સમુદાયમાં, પર્યુષણના આ આઠ દિવસોમાં કલ્પસૂત્ર ગ્રંથનું પાઠ અને શ્રવણ કરવાની એક ખાસ અને પ્રાચીન પરંપરા છે. આ પવિત્ર ગ્રંથમાં જૈન તીર્થંકરોના જીવન, તેમના ઉપદેશો અને જૈન પરંપરા સાથે સંકળાયેલા મહત્વપૂર્ણ ઐતિહાસિક કથાઓ અને પાઠોના વિગતવાર વર્ણનો છે.

પર્યુષણનો અસલી અને મૂળ સંદેશ આત્મશુદ્ધિ, અહિંસા, સંયમ, કઠોર તપ, ત્યાગ અને ક્ષમા સાથે જોડાયેલો છે. જૈન ધર્મમાં આ ઊંડી માન્યતા છે કે દરેક વ્યક્તિએ સમયાંતરે પોતાના કર્મો અને વ્યવહારનું નિષ્પક્ષ મૂલ્યાંકન કરવું જોઈએ. આ જ કારણ છે કે આ આઠ દિવસોને માત્ર કેટલાક ધાર્મિક અનુષ્ઠાનો સુધી મર્યાદિત નથી માનવામાં આવ્યા, પરંતુ આ પર્વ દરેક ઈન્સાનને પોતાની ભૂલોને ખુલ્લેઆમ સ્વીકારવાનો, બીજાઓ પ્રત્યે મનમાં ક્ષમાનો ભાવ રાખવાનો અને પોતાના જીવનને સકારાત્મક દિશા આપવાની સૌથી મોટી પ્રેરણા આપે છે.

### પ્રથમ દિવસ (8 સપ્ટેમ્બર) સંયમ અને સાધનાનો સંકલ્પ

પર્યુષણના પહેલા દિવસથી જ શ્રદ્ધાળુઓ પોતાના દૈનિક જીવનમાં સંયમ અને સાધનાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો દ્રઢ સંકલ્પ લે છે. આ દિવસથી અધિકૃત રીતે ધાર્મિક ગતિવિધિઓની શરૂઆત થાય છે અને જૈન મંદિરોમાં વિશેષ પૂજા-પાઠ, સ્વાધ્યાય તથા સંતોના પ્રવચનોનો દોર શરૂ થઈ જાય છે. શ્રદ્ધાળુઓ પૂરી કોશિશ કરે છે કે આ દિવસોમાં તેઓ ક્રોધ, અહંકાર, લોભ અને મોહ જેવી તમામ નકારાત્મક ભાવનાઓથી પોતાની જાતને કોસો દૂર રાખે.

### બીજો દિવસ (9 સપ્ટેમ્બર) આત્મચિંતન અને ગ્રંથોનો સ્વાધ્યાય

સાધનાનો આ ક્રમ બીજા દિવસે વધુ આગળ વધે છે. શ્રદ્ધાળુઓ જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોને ઊંડાણપૂર્વક સમજવાની સાથે-સાથે આત્મચિંતન કરે છે. શહેરના તમામ જૈન મંદિરો અને ઉપાશ્રયોમાં ધાર્મિક ગ્રંથોનું પઠન અને વિદ્વાન સંતોના પ્રેરણાદાયી પ્રવચનો થાય છે. આ દરમિયાન ખાન-પાનમાં પણ વિશેષ સાવધાની રાખવામાં આવે છે અને પોતાની ક્ષમતા મુજબ ઉપવાસ કે તપસ્યા કરવામાં આવે છે.

### ત્રીજો દિવસ (10 સપ્ટેમ્બર) વિચારો અને વ્યવહારમાં સુધાર

પર્યુષણનો ત્રીજો દિવસ સંપૂર્ણપણે આત્મસંયમ અને ધાર્મિક અભ્યાસને સમર્પિત રહે છે. શ્રદ્ધાળુઓ પોતાના રોજિંદા વ્યવહાર અને કર્મો પર ઊંડાણપૂર્વક વિચાર કરે છે. જૈન દર્શને એવું માનવામાં આવે છે કે સાચી આત્મશુદ્ધિ માત્ર બાહ્ય દેખાડા કે પૂજા-પાઠથી નથી થતી, પરંતુ પોતાના વિચારો અને આચરણમાં સકારાત્મક બદલાવ લાવવાથી થાય છે. આ જ ભાવના સાથે લોકો પોતાની ખામીઓને ઓળખવાનો પ્રયાસ કરે છે.

### ચોથો દિવસ (11 સપ્ટેમ્બર) મનની શાંતિ અને બહેતર જીવન તરફ કદમ

ચોથા દિવસે પણ તપ, ત્યાગ અને સ્વાધ્યાયનો સિલસિલો પૂરી નિષ્ઠા સાથે ચાલુ રહે છે. જૈન સમાજમાં આ દિવસોમાં ધાર્મિક ગ્રંથોનું શ્રવણ કરવા અને ધર્મ સાથે જોડાયેલી ઊંડી વાતોને સરળ રૂપમાં સમજવાની જૂની પરંપરા છે. આ પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર ઉપવાસ રાખવાનો નથી, પરંતુ પોતાના અશાંત મનને શાંત કરવાનો અને પોતાની ભૂતકાળની ભૂલો પર વિચાર કરીને એક બહેતર ઈન્સાન બનવાનો છે.

### પાંચમો દિવસ (12 સપ્ટેમ્બર) અહિંસાના સિદ્ધાંત પર વિશેષ ભાર

પાંચમા દિવસે શ્રદ્ધાળુઓ આત્મચિંતન સાથે પોતાના આચરણને વધુ સંયમિત બનાવવાનો પ્રયાસ કરે છે. જરૂરિયાત મુજબ ઉપવાસ, એકાસણ કે અન્ય કઠિન તપ કરવામાં આવે છે. આ દિવસોમાં કોઈપણ જીવને કોઈપણ પ્રકારનું નુકસાન ન પહોંચાડવા અને અહિંસા પરમો ધર્મ ના સિદ્ધાંતનું કડકાઈથી પાલન કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

### છઠ્ઠો દિવસ (13 સપ્ટેમ્બર) બાહ્ય દેખાડાથી દૂર મનની શુદ્ધતા

પર્યુષણના છઠ્ઠા દિવસે સાધના અને ધાર્મિક અનુષ્ઠાનો સતત ચાલુ રહે છે. શ્રદ્ધાળુઓ જૈન ધર્મના સિદ્ધાંતોનો સૂક્ષ્મ અભ્યાસ કરે છે અને પોતાના જીવનમાં સંયમનો વ્યાપ વધારવાનો પ્રયાસ કરે છે. આ પર્વની સૌથી ખાસ વાત એ છે કે તેમાં કોઈપણ પ્રકારના બાહ્ય દેખાડાના બદલે મન, વચન અને કર્મની પવિત્રતાને સૌથી વધુ મહત્વ આપવામાં આવે છે.


### સાતમો દિવસ (14 સપ્ટેમ્બર) આત્મમંથન અને ભૂલોનો અહેસાસ

પર્યુષણનો સાતમો દિવસ શ્રદ્ધાળુઓ માટે આત્મમંથનનો એક ખૂબ મોટો અવસર હોય છે. પર્વના આ અંતિમ ચરણમાં લોકો પોતાની અંદર ડોકિયું કરવા અને વીતેલા સમયમાં જાણે-અજાણે થયેલી ભૂલો પર વિચાર કરવાનો પ્રયાસ કરે છે. પર્વના આ અંતિમ દિવસોમાં આ ભાવનાઓ પર વિશેષરૂપે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

### આઠમો દિવસ (15 સપ્ટેમ્બર) સંવત્સરીનું મહાપર્વ અને ક્ષમાવાણી

પર્યુષણનો અંતિમ દિવસ એટલે કે ૧૫ સપ્ટેમ્બરનો દિવસ જૈન સમાજ માટે સૌથી વધુ મહત્વ ધરાવે છે. શ્વેતાંબર જૈન પરંપરામાં આ દિવસે સંવત્સરીનું પાવન પર્વ મનાવવામાં આવે છે. તેને મુખ્યરૂપે ક્ષમાવાણી અને પૂર્ણ આત્મશુદ્ધિ સાથે જોડીને જોવામાં આવે છે. આ દિવસે બધા લોકો જાણે-અજાણે થયેલી પોતાની ભૂલો માટે એકબીજા પાસે દિલથી ક્ષમા માગે છે અને ભેટે છે.

## જૈન સમાજના પર્વોના રાજા ગણાતા પર્યુષણની મહિમા કંઈક અનોખી છે



# પર્યુષણ એટલે પાવર ઓફ પ્યોરિટી !

## પર્યુષણનું હાર્દ ક્ષમાપના થકી આત્માશુદ્ધિ છે જેને પામવા માટે ૮ દિવસની ટ્રેઈનિંગની બહુ જ સુંદર લૉજિકલ વ્યવસ્થા પૂર્વના આચાર્યોએ કરી છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈન ધર્મમાં પર્યુષણને પર્વાધિરાજ એટલે કે તમામ તહેવારોનો રાજા માનવામાં આવે છે. સામાન્ય ઉત્સવોમાં આહ્લાદ, ભૌતિક આનંદ અને ખાન-પાન મુખ્ય હોય છે; જ્યારે પર્યુષણ એ અંતર્મુખી બનીને આત્માની શુદ્ધિ કરવાનું પર્વ છે. પર્યુષણ એ માત્ર ધર્મક્રિયાઓના રૂટીનને અનુસરવાના દિવસો નથી; મન, વચન અને કાયાની શુદ્ધિ માટેનું એક અત્યંત વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક માળખું છે. મૅથેમૅટિકલી આ ૮ દિવસની ગોઠવણી એ રીતે કરવામાં આવી છે કે જો વ્યક્તિ પૂરા સમર્પણ સાથે એમાં ઈન્વૉલ્વ થઈને આરાધના કરે તો મનમાં સંચિત થયેલા ક્રોધ, લોભ જેવા કષાયોની તીવ્રતા ઘટવી પૂરી રીતે શક્ય છે. આજથી શરૂ થઈ રહેલા પર્યુષણ પર્વની સાથે પર્યુષણની વિશેષ લેખમાળાના પહેલા અધ્યાયમાં પર્યુષણ શું કામ ખાસ છે, પર્યુષણનું અંતિમ ધ્યેય શું છે અને કઈ રીતે આજથી શરૂ થતા ૮ દિવસને ઊજવવા જોઈએ એ જાણીએ.જૈન આચાર્ય ભગવંત ધર્મ અને ધર્મક્રિયાનો અર્થ સમજાવવાની એક અનોખી લિટમસ ટેસ્ટ આપે છે. ધર્મક્રિયા તમને સદ્ગતિ આપશે, પણ ધર્મ તમને પરમ ગતિ સુધી લઈ જશે. જોકે બન્ને વચ્ચેનો ભેદ કેમ સમજવો? એનો સરળ ઉપાય છે કે દરેક ક્રિયા પછી જાતને પૂછો કે આમ કરવાથી મારા મનના રાગ અને દ્વેષ ઓછા થયા? જો જવાબ હા હોય તો તમે ધર્મ કર્યો અને ના હોય તો તમે માત્ર ધર્મક્રિયા કરી કહેવાય.

જૈન પરંપરાના મૂળ આગમ ગ્રંથો અર્ધમાગધી અને પ્રાકૃત ભાષામાં લખાયેલા છે. પ્રાકૃત ભાષામાં આ પર્વ માટે મૂળ શબ્દ પજ્જુસણા અથવા પરિજુસણા છે. કાળક્રમે સંસ્કૃત ભાષામાં એનું શાબ્દિક રૂપાંતરણ પર્યુષણ થયું. જૈન આચાર્યો અને પ્રાચીન શાસ્ત્રકારોએ પર્યુષણ શબ્દને મુખ્યત્વે બે સંસ્કૃત ધાતુઓ અને ઉપસર્ગના આધારે વિગતવાર સમજાવ્યો છે. પરી વત્તા વસન. એમાં પરી એટલે કે ચારેય તરફથી, સંપૂર્ણપણે, ચોમેરથી અને વસન એટલે કે નિવાસ કરવો, વાસ કરવો કે સ્થિર થવું. આખું વર્ષ માનવમન અને ઇન્દ્રિયો બાહ્ય જગતના વિષયો, ભૌતિક સુખો, વ્યાપાર-ધંધા અને રાગ-દ્વેષમાં દોડતું રહે છે. પર્યુષણના દિવસોમાં મનને ચારેય તરફથી સંકોચીને પોતાના શુદ્ધ આત્મામાં સ્થિર કરવું એને પર્યુષણ કહેવાય છે. બીજી એક વ્યાખ્યા મુજબ પર્યુષણ શબ્દ પરી અને ઉષણ આ બે શબ્દના સંયોજનથી બન્યો છે. પરી એટલે કે સંપૂર્ણ રીતે અને ઉષણ એટલે કે તપાવવું, સળગાવવું કે બાળીને નષ્ટ કરવું. તપ, સંયમ, સ્વાધ્યાય અને જપરૂપી અગ્નિ દ્વારા આત્મા પર ચોંટેલા ક્રોધ, માન, માયા અને લોભ જેવા ચાર કષાયો તેમ જ પ્રાચીન કર્મરૂપી કચરાને ચારેય બાજુથી બાળીને સાફ કરવાનું પર્વ એટલે પર્યુષણ.અહીં જૈન ખગોળ-ભૂગોળના જાણકાર વૈજ્ઞાનિક ગ્રંથોના રચયિતા આચાર્ય શ્રી નંદીઘોષસૂરિ મહારાજસાહેબ કહે છે, 'પર્યુષણનું હાર્દ ક્ષમાપના થકી આત્માશુદ્ધિ છે જેને પામવા માટે ૮ દિવસની ટ્રેઈનિંગની બહુ જ સુંદર લૉજિકલ વ્યવસ્થા પૂર્વના આચાર્યોએ કરી છે. જો તમારે અંતરની શુદ્ધિ જોઈએ છે તો તમારે માફ કરવા પડે અને માફી માગવી પડે. મનમાં વેર-ઝેરની ગાંઠ સાથે ક્યારેય આત્મશુદ્ધિ થાય જ નહીં. હવે પ્રશ્ન એ છે કે આ માફી માગવી અને આપવી સહેલી તો નથી. એના માટે શું કરવાનું? તો કષાય એટલે કે ક્રોધ, માન, માયા અને લોભને ઘટાડો. આ ૪ જ એ નડતર છે જે તમને માફી માગતા અને માફી આપતા રોકે છે.'

આગળ કહ્યું એમ પર્યુષણનું હાર્દ ક્ષમાપના છે અને ક્ષમાપના વિના આત્મશુદ્ધિ અસંભવ છે. પૂજ્ય નંદીઘોષસૂરિ મહારાજસાહેબ કહે છે, 'કોઈને માફ કરવા કે કોઈની માફી માગવી ત્યારે જ સરળ બને જ્યારે કષાયો નબળા પડે. શાસ્ત્રોમાં કષાયોની તીવ્રતાના આધારે ૪ સ્તર દર્શાવ્યાં છે. સંજ્વલન એટલે કે સૌથી ઓછી તીવ્રતા, જે સામાન્ય રીતે ૧૫ દિવસ સુધી ટકે. પ્રત્યાખ્યાનાવરણ એટલે કે મધ્યમ તીવ્રતા, જે આશરે ૪ મહિના સુધી પ્રભાવ રાખે. અપ્રત્યાખ્યાનાવરણ એટલે કે ઉચ્ચ તીવ્રતા, જે આખા વર્ષ સુધી મનમાં ગાંઠ બાંધી રાખે. અનંતાનુબંધી એટલે કે અત્યંત ઘોર તીવ્રતા, જે આજીવન અથવા ભવોભવ સુધી વેર-વિરોધ કાયમ રાખે. જો સંવત્સરીના દિવસે પણ ક્ષમાપના ન થાય અને વેરની ગાંઠ અકબંધ રહે તો એ અનંતાનુબંધી કષાય જીવને સંસારભ્રમણ અને દુર્ગતિ તરફ દોરી જાય છે. આ જ કારણથી પૂર્વના સમર્થ આચાર્યોએ ૮ દિવસનું મનોવૈજ્ઞાનિક માળખું ઘડ્યું છે. પ્રથમ ૩ દિવસ અમારી (જીવદયા) પ્રવર્તન એટલે કે અહિંસાના માહાત્મ્ય પર પ્રવચનો અને કર્તવ્યો દ્વારા કષાયોને મંદ કરવા. ચોથા અને પાંચમા દિવસે પ્રભુ મહાવીરના જીવનચરિત્રના શ્રવણ દ્વારા સમભાવની સાધના કરવી અને સરળતા કેળવવી; ચંદનબાલા, મૃગાવતી કે ગજસુકુમાલ જેવાં ઉત્તમ દૃષ્ટાંતો દ્વારા ક્ષમાની ભૂમિકા તૈયાર કરવી. અંતિમ ચરણમાં કઠોર મનને કોમળ બનાવી 'ખામેમી સવ્વ જીવો, સવ્વે જીવા ખમંતુ મેં, મિતિમે સવ્વ ભુવેસુ, વેરં મજ્ઝ ન કેણઈ' એટલે કે બધા જીવો મને ક્ષમા કરે, હું બધા જીવોને ક્ષમા કરું છું, બધા જીવો સાથે મારે મૈત્રી છે અને વેર કોઈ સાથે નથી એ ભાવ સાથે અહંકાર ઓગાળીને જાતને નિર્મળ કરીને આત્મામાં લીન કરવી એ જ પર્યુષણનું પ્રયોજન છે. બીજી મહત્ત્વની વાત એ કે આધ્યાત્મિક સાધના સીધી રીતે આપણી આંતરિક ઊર્જા અને આભામંડળ સાથે જોડાયેલી છે. જેમ કષાયો વધે એમ આભામંડળ સંકોચાઈને કલુષિત અને નકારાત્મક બને છે; પરંતુ જેમ સમભાવ અને ક્ષમા વધે એમ આભામંડળ શુદ્ધ, તેજસ્વી અને શુક્લ લેશ્યા તરફ ગતિ કરે છે.'

## સાગરજી મહારાજે જણાવ્યું કારણ

# વાણિયાની 'બુધ્ધિ' તેજ કેમ?

## જે વ્યક્તિ જમીનની ઉપરના ફળો ખાય છે તેની ખોપરી તેજ હોય છે ઉપરના ફળોમાં ઓક્સિજન અને પ્રકાશ હોય છે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

સોશિયલ મીડિયા પર એક વીડિયો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં 'ભાભીજી ઘર પર હૈ'ના કલાકાર સાનંદ વર્મા મુનિપુંગવશ્રી સુધા સાગરજી મહારાજને પૂછી રહ્યા છે કે આખરે જૈન સમાજના લોકો લસણ અને ડુંગળી કેમ નથી ખાતા. લસણ અને ડુંગળી ભારતીય રસોડાનો મહત્વનો ભાગ છે. તેમાં ઘણા પોષક તત્વો હોય છે અને સામાન્ય આહારમાં તેનો ઉપયોગ સ્વાદ વધારવા તેમજ સ્વાસ્થ્ય માટે પણ થાય છે.

આ હોવા છતાં, જૈન ધર્મમાં ડુંગળી, લસણ, બટાકા અને જમીનની અંદર ઉગતા અન્ય ઘણા કંદમૂળનું સેવન કરવામાં આવતું નથી. આ પાછળ સ્વાસ્થ્ય કરતાં ધાર્મિક અને અહિંસા સાથે જોડાયેલી માન્યતાઓ વધુ મહત્વની છે. ચાલો જાણીએ વાયરલ વીડિયોમાં શું છે અને જૈન સમાજના લોકો લસણ અને ડુંગળી કેમ નથી ખાતા...

વાયરલ વીડિયોમાં સાનંદ વર્મા મુનિપુંગવશ્રી સુધા સાગરજી મહારાજના આશીર્વાદ લે છે અને પછી સવાલ કરે છે કે આખરે જૈન સમાજના લોકો લસણ અને ડુંગળી કેમ નથી ખાતા. સાગરજી મહારાજ તેનો જવાબ આપે છે, જે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તેમાં સાગરજી મહારાજ સાનંદ વર્માને પૂછે છે કે તમે કયા સમાજની ખોપરીને સૌથી તેજ માનો છો. આના પર હસી મજાકમાં સાગરજી મહારાજ કહે છે કે વાણિયાની ખોપરીને.

સાગરજી મહારાજ કહે છે કે જૈન સમુદાયના વાણિયાની ખોપરી કેમ તેજ હોય છે, તેનું મૂળ કારણ એ છે કે તે જમીનની અંદરના પદાર્થો ખાતો નથી કારણ કે જમીનની અંદરનો પદાર્થ અંધારામાં રહે છે, તે કીચડમાં થાય છે. તેમાં ભીનાશ રહે છે અને કીચડ સાથે જ તે બને છે, કીચડ સાથે જ તે જન્મે છે અને ફળે છે, તેની સાથે જ આખું જીવન વિતાવે છે. આજ કારણ સાયકોલોજી કહે છે કે જમીનની નીચેના ફળો ખાશો તો ઘૂંટણ મજબૂત થશે અને મજૂર બનશો. જ્યારે જમીનની ઉપરના ફળમાં ઓક્સિજન અને પ્રકાશ હોય છે. તે ફૂલ ધૂળથી રહિત હોય છે. જે વ્યક્તિ જમીનની ઉપરના ફળો ખાય છે, તેની ખોપરી તેજ હોય છે. તેથી જ જૈન સમુદાયની ખોપરી ખૂબ તેજ હોય છે. વીડિયોમાં આગળ મહારાજજી બીજું કારણ જણાવતા કહે છે કે જે વસ્તુ જમીનની નીચે હોય, તેની સાથે નાના-નાના જીવોની ઉત્પત્તિ પણ થઈ જાય છે, તેને ઉખાડીને ખાવાથી જીવોનો વિનાશ વધુ થાય છે. આ અહિંસાની દ્રષ્ટિએ છે અને તે સાયકોલોજીની દ્રષ્ટિએ છે. આ પછી સાનંદ વર્મા કહે છે કે આજ પછી પ્રયાસ કરીશ કે જમીનની ઉપરના ફળો હંમેશા ખાઉં. જૈન ધર્મમાં અહિંસાને સર્વોચ્ચ મહત્વ આપવામાં આવ્યું છે. જૈન દર્શન અનુસાર દરેક જીવમાં આત્મા હોય છે અને કોઈપણ જીવને અનાવશ્યક કષ્ટ પહોંચાડવું હિંસા માનવામાં આવે છે. આ જ સિદ્ધાંતના આધારે ભોજનની પસંદગી પણ એવી રીતે કરવા પર ભાર મૂકવામાં આવે છે, જેથી જીવોને ઓછામાં ઓછું નુકસાન પહોંચે.

> ”
> **જૈન**
> **સમાજ એટલે જ બટાકા, ડુંગળી, લસણ, મૂળા બને ત્યાં સુધી ખાવાનું ટાળે છે**

જૈન આહાર પરંપરામાં બટાકા, ડુંગળી, લસણ, ગાજર, મૂળા જેવા ઘણા કંદમૂળને લઈને વિશેષ નિયમો માનવામાં આવે છે. આ છોડને જમીનમાંથી કાઢતી વખતે આખો છોડ ઉખાડવો પડે છે. ધાર્મિક માન્યતા અનુસાર તેનાથી માટીમાં રહેલા સૂક્ષ્મ જીવોને નુકસાન પહોંચી શકે છે અને એક સાથે ઘણા જીવોની હિંસા થવાની આશંકા રહે છે. આ ઉપરાંત, કંદમૂળના એક ભાગમાંથી ફરીથી છોડ વિકસિત થવાની ક્ષમતાને પણ જૈન દર્શનમાં જીવોની ઉપસ્થિતિ સાથે જોડીને જોવામાં આવે છે. તેથી ઘણા જૈન પરિવારો આવા ખાદ્ય પદાર્થોથી સંપૂર્ણપણે દૂર રહે છે.

જૈન પરંપરામાં ડુંગળી અને લસણનો ત્યાગ ફક્ત એટલા માટે નથી કરવામાં આવતો કે તે જમીનની અંદર ઉગે છે, પરંતુ તેના સેવનને લઈને સંયમ અને આધ્યાત્મિક સાધના સાથે જોડાયેલી માન્યતાઓ પણ છે. જૈન ધર્મમાં ભોજનને શરીરની જરૂરિયાત પૂરી કરવા સાથે-સાથે મન અને ઇન્દ્રિયો પર નિયંત્રણ રાખવાનું માધ્યમ માનવામાં આવે છે. જૈન સાધુ-સાધ્વીઓના આહારમાં તો નિયમો વધુ કઠોર હોય છે. ભોજનમાં એવી વસ્તુઓથી બચવા પર ભાર મૂકવામાં આવે છે, જેના માટે વધુ જીવોની હિંસા થઈ શકે છે અથવા જે સાધના અને સંયમના ઉદ્દેશ્યને અનુકૂળ ન માનવામાં આવે.



## જમીનની અંદરના પદાર્થો અંધારામાં રહે છે તે કીચડમાં થાય છે નીચેના ફળો ખાશો તો ઘૂંટણ મજબૂત થશે અને મજુર બનશો

**મોટી તૈયારી** ડ્રાઈવિંગ લાઈસન્સના કડક નિયમો સાથે ફેરફાર આવશે

# ટ્રાફિક નિયમો તોડ્યા તો કપાશે પોઈન્ટ

# વારંવાર ભૂલ તો લાઈસન્સ રદ્દ




AI IMAGE

### પેનલ્ટી પોઈન્ટ્સ શું આવે ?

- સ્પીડ લિમિટ તોડવી
- સિગ્નલ જમ્પ કરવો
- રોંગ સાઈડ ડ્રાઈવિંગ

### લાઈસન્સ રદ્દ કરવાની જોગવાઈ

જો કોઈ ડ્રાઈવર નક્કી કરેલી સીમા કરતા વધુ પોઈન્ટ્સ ગુમાવી દેશે તો તેનું લાઈસન્સ ચોક્કસ સમય માટે સસ્પેન્ડ અથવા કાયમ માટે રદ્દ કરી દેવાશે.

### નિયમો પાળનારાઓને ઈનામ

જો ડ્રાઈવરનો ટ્રફિક રેકોર્ડ ક્લિન રહેશે અને પોઈનટ્સ સારા રહેશે તેમને વાહન વિમાના પ્રિમયમમાં ડિસ્કાઉન્ટ અને અન્ય નાણાકિય પ્રોત્સાહનો અપાશે.

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આ નવી વ્યવસ્થા હેઠળ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દેશમાં થતા અકસ્માતોના આંકડા અંગે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, માર્ગ સુરક્ષાના અનેક પગલાં લીધા છતાં દુર્ઘટનાઓનો આંકડો ચિંતાજનક છે અને તેને કોઈપણ ભોગે ઘટાડવો જરૂરી છે. સિયામના વાર્ષિક સંમેલનમાં નિતિન ગડકરીએ આ પ્રસ્તાવિત નિયમ અંગે વિગતો આપી હતી.

પેનલ્ટી પોઈન્ટ્સઃ અલગ-અલગ ટ્રાફિક ગુનાઓ (જેમ કે સ્પીડ લિમિટ તોડવી, સિગ્નલ જમ્પ કરવો, રોંગ સાઈડ ડ્રાઈવિંગ વગેરે) માટે ચોક્કસ પેનલ્ટી પોઈન્ટ્સ નક્કી કરવામાં આવશે.

લાઈસન્સ રદ કરવાની જોગવાઈઃ જો કોઈ ડ્રાઈવર નક્કી કરેલી સીમા કરતાં વધુ પોઈન્ટ્સ ગુમાવી દેશે, તો તેનું ડ્રાઈવિંગ લાઈસન્સ ચોક્કસ સમય માટે સસ્પેન્ડ અથવા કાયમ માટે રદ કરી દેવામાં આવશે.

નિયમ પાળનારાઓને ઈનામઃ જે ડ્રાઈવરોનો ટ્રાફિક રેકોર્ડ ક્લીન રહેશે અને પોઈન્ટ્સ સારા રહેશે, તેમને વાહન વિમાના પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ અને અન્ય નાણાકીય પ્રોત્સાહનો આપવામાં આવશે.

ડ્રાઈવરોના કૌશલ્યને સુધારવા અને તેમને યોગ્ય તાલીમ આપવા માટે સરકારે મોટો રોડમેપ તૈયાર કર્યો છે. દેશભરમાં ૧,૬૦૦ અદ્યતન ડ્રાઈવિંગ ટ્રેનિંગ સેન્ટર ખોલવાની યોજના પર ઝડપથી કામ ચાલી રહ્યું છે, જેમાંથી ૨૪ સેન્ટર હાલ કાર્યરત છે અને ૧૧૨ નવા સેન્ટર બનવાની પ્રક્રિયામાં છે. અત્યાર સુધીમાં લગભગ ૧૦ લાખથી વધુ ડ્રાઈવરો આ કેન્દ્રોમાંથી તાલીમ મેળવી ચૂક્યા છે.



### અકસ્માતો ઘટાડવા Bharat NCAP 2.0ની તૈયારી

ભારતમાં દર વર્ષે આશરે ૫ લાખ રોડ અકસ્માતો થાય છે, જેમાં ૧.૮૦ લાખથી વધુ લોકો જીવ ગુમાવે છે. આમાં મૃત્યુ પામનારાઓમાં સૌથી વધુ ૧૮ થી ૩૬ વર્ષની વયના યુવાનો હોય છે. આ પરિસ્થિતિ નિવારવા માટેઃ ઓક્ટોબર ૨૦૨૭થી ગાડીઓની સુરક્ષા ચકાસવા 'Bharat NCAP ૨.૦' લાગુ કરાશે. જુના BS-IV વાહનોથી થતું પ્રદૂષણ ઘટાડવા રૂ. ૪,૦૦૦૦ થી ૫,૦૦૦ની કિંમતનું વિશેષ એમિશન કંટ્રોલ ડિવાઈસ લાવવા પર વિચારણા ચાલી રહી છે. રોડ સેફ્ટી માટે ભારતીય સ્ટાર્ટઅપ્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા નવીન ટેકનોલોજીકલ સોલ્યુશન્સનો પણ ઉપયોગ કરવામાં આવશે.

## તૈયારી પૂર્ણ : 105 કર્મીઓ, 24 કલાક ફરજ પર તૈનાત



# કાઠિયાવાડી સંસ્કૃતિની છાપ એટલે પ્રસિધ્ધ તરણેતરનો મેળો સોમવારથી શરૂ



## ટ્રેડિશનલ ડ્રેસ તૈયાર કરવામાં 30 દિવસ લાગે છે

### 5 હજારથી 11 હજાર સુધીની કિંમત

થાનગઢના તરણેતર ગામે ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરે યોજાતો ભાતીગળ તરણેતરીયો મેળો દેશ વિદેશમાં પ્રખ્યાત છે. ત્યારે કાઠિયાવાળી સંસ્કૃતિને ઓળખ આપતા આ પહેરવેશની મેળામાં સારી એવી માંગ રહેશે તેવી વેપારીઓને આશા છે. એક પરંપરાગત ટ્રેડિશનલ ડ્રેસ તૈયાર કરવામાં આશરે ૧ મહિના જેટલો સમય લાગે છે. આ ખાસ પોશાકની કિંમત રૂ.૫૦૦૦થી લઈને ૧૧૦૦૦ સુધીની હોય છે. થાનગઢ નજીક યોજાતા વિશ્વપ્રસિદ્ધ તરણેતરના ભાતીગળ મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભારતવર્ષની અને ખાસ કરીને કાઠિયાવાડની અમૂલ્ય સંસ્કૃતિને જીવંત રાખવા લોકો આતુર બન્યા છે. તરણેતરના મેળામાં વિવિધ જ્ઞાતિના લોકો પોતાનો ભાતીગળ અને પારંપરિક પહેરવેશ પહેરીને ઉમટી પડે છે. મેળાની સીઝન દરમિયાન પરંપરાગત પોશાક, ભાતીગળ છત્રીઓ અને એક્સેસરીઝના વેચાણ થકી સ્થળ પર અને બજારમાં થઈને અંદાજે રૂ. ૫૦ લાખથી ૧ કરોડથી વધુનો કારોબાર થાય છે.

### 25 પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધાઓ ઝળકશે

## મેળામાં જામશે લોકકળાના મહારંગ

### લોકગીત, ભજન, દુહા–છંદ, લોકનૃત્ય, વાહન, હસ્તકલા અને વેશભૂષા

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

વિશ્વવિખ્યાત તરણેતરનો લોકમેળો આ વર્ષે પણ સાંસ્કૃતિક રંગોથી ઝળહળી ઊઠશે. આ મેળો ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ, કલા અને પરંપરાઓનું જીવંત દર્શન કરાવે છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ સુરેન્દ્રનગરની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીએ ત્રીજી ગ્રામીણ પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કર્યું છે. આ સ્પર્ધાઓ ૧૪થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. તેમાં લોકગીત, ભજન, દુહા-છંદ, લોકનૃત્ય, પરંપરાગત વાદન, હસ્તકલા અને વેશભૂષા સહિતની વિવિધ કલાઓનો સંગમ જોવા મળશે. ગ્રામ્ય કલાકારોને પોતાની આગવી કલા-કૌશલ્ય રજૂ કરવાની અનોખી તક મળશે. તરણેતરના મેળાને સાંસ્કૃતિક સ્વરૂપ આપવા માટે આ સ્પર્ધાઓ ત્રીજી વખત યોજાઈ રહી છે. રાવણહથ્થો, શરણાઈ, ડાક-ડમરુથી રાસ-હુડા અને છત્રી સજાવટ જેવી લુપ્ત થઈ રહેલી લોકકલાઓને જીવંત રાખવા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ખાસ પ્રયાસ કરી રહ્યું છે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં પેઢીઓથી સચવાયેલી કલાઓને યોગ્ય મંચ આપવાનો, કલાકારોને પ્રોત્સાહિત કરવાનો અને વિસરાતી જતી લોકકળાઓનું જતન કરવાનો છે. ગુજરાત સરકાર લોકકળા અને યુવા પ્રતિભાના સંવર્ધન માટે વિવિધ સ્પર્ધાઓ, તાલીમ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે. કલાકારોને રજૂઆત માટેનું મંચ, સ્પર્ધાત્મક તક, સન્માન અને પુરસ્કાર ઉપરાંત મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પોતાની કલા રજૂ કરવાની તક આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.



## 4 મહિનાના પરિશ્રમથી બને છે 1 છત્રી

### 11 વાર પ્રથમ અને 3 વાર દ્વિતીય નંબર મેળવી સંસ્કૃતિને જીવંત રાખી

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ નજીક યોજાતો વિશ્વવિખ્યાત તરણેતરનો મેળો પોતાની રંગબેરંગી ભરતકામ વાળી છત્રીઓ અને ભાતીગળ સંસ્કૃતિ માટે ઓળખાય છે. આ આધુનિક યુગમાં પણ ગામડાના કારીગરો આપણી પ્રાચીન સંસ્કૃતિની ઝલકને જીવંત રાખવા સતત મહેનત કરી રહ્યા છે. આવી જ કારીગરીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે દેરાળા ગામના રણછોડભાઈ પ્રેમજીભાઈ ધરજીયા. રણછોડભાઈ જ્યારે મેળામાં ફરવા જતા ત્યારે તેમના મિત્ર અને મનડાસર ગામના કેશાભાઈને હાથે બનાવેલી છત્રીઓ સાથે સ્પર્ધામાં ભાગ લેતા હતા.

### વહીવટી તંત્રએ તૈયારીઓ શરૂ કરી

# અંબાજીમાં 20થી 26 સપ્ટેમ્બરે ભાદરવી પૂનમનો મહામેળો

## 10 થી 15 લાખ ભક્તો ઉમટી પડશે








**સિટી ન્યૂઝ@અંબાજી**

અંબાજીમાં ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર ભાદરવી મહામેળા માટે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. યાત્રિકોની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ ૨૯ કમિટીઓની રચના કરવામાં આવી છે. અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું કે, સુરક્ષા અને ભોજન વ્યવસ્થા હાલમાં મંદિરમાં ૧૬૦ જેટલા સીસીટીવી કેમેરા કાર્યરત છે, પરંતુ મેળા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે અંબાજી નગરમાં ૪૦૦ કરતાં વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે. આ ઉપરાંત, અંબાજી નગરમાં પ્રથમ વખત મંદિર ટ્રસ્ટના ભોજનાલય ઉપરાંત અન્ય ચાર સ્થળોએ પણ ભોજન ભંડારા શરૂ કરવામાં આવશે. દાતાઓના સહયોગથી શરૂ થનારા આ ચારેય ભોજન ભંડારા તદ્દન નિશુલ્ક રહેશે.



### ગુરુવારે કુશગ્રહણી અને શુક્રવારે સ્નાન-દાનની અમાસ

# શ્રાવણ માસની અમાસ બે દિવસ રહેશે

## 10 સપ્ટેમ્બરના રોજ સવારે 10:33 વાગ્યે શરૂ થશે 11 તારીખે સવારે 8:56 વાગ્યે સમાપ્ત થશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આ વર્ષે શ્રાવણ માસની અમાસ બે દિવસની છે. આ તિથિ ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦.૩૩ વાગ્યે શરૂ થશે અને ૧૧ તારીખે સવારે ૮.૫૬ વાગ્યે સમાપ્ત થશે. આ જ કારણે ૧૦ તારીખે કુશગ્રહણી અમાસ ઉજવવામાં આવશે અને ૧૧ તારીખે સ્નાન-દાનની અમાસ રહેશે.

ઉજ્જૈનના જ્યોતિષાચાર્ય પં. મનીષ શર્માના મતે, શ્રાવણ માસની અમાસને પીઠોરી અમાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. મહિલાઓ સંતાનની લાંબી ઉંમર, સારા સ્વાસ્થ્ય અને પરિવારની સુખ-સમૃદ્ધિની કામનાથી આ તિથિ પર વ્રત રાખે છે. કુશગ્રહણી અમાસ પર કુશા ઘાસ એકત્ર કરવાની પરંપરા છે. પૂજા અને શ્રાદ્ધ-તર્પણ વગેરે ધર્મ-કર્મો માટે કુશા ઘાસનું વિશેષ મહત્વ માનવામાં આવ્યું છે. આ ઘાસ વિના પૂજા-પાઠ અ ને શ્રાદ્ધ કર્મ અધૂરા જ માનવામાં આવે છે. જૂના સમયમાં ભક્તો આખા વર્ષ દરમિયાન પૂજા-પાઠ અને શ્રાદ્ધ વગેરે ધર્મ-કર્મોમાં ઉપયોગ કરવા માટે કુશા ઘાસ શ્રાવણ માસની અમાસ પર જ એકત્ર કરતા હતા. આ જ કારણે તેને કુશગ્રહણી અમાસ કહેવામાં આવવા લાગી.

અમાવસ્યા તિથિ પર પિતૃઓ માટે શ્રાદ્ધ-તર્પણ અને દાન-પુણ્ય કરવાની પરંપરા છે. આ દિવસે શ્રદ્ધાળુઓ પોતાના પૂર્વજોનું સ્મરણ કરતા જળ અર્પણ કરે છે અને જરૂરિયાતમંદ લોકોને ભોજન, વસ્ત્ર અને ઉપયોગી ચીજોનું દાન કરે છે. માન્યતા છે કે આવું કરવાથી પિતૃઓને તૃપ્તિ મળે છે અને પિતૃઓના આશીર્વાદથી પરિવારમાં સુખ-શાંતિ આવે છે. ભાદ્રપદ અમાવસ્યા પર પવિત્ર નદીઓમાં સ્નાન કરવાની પરંપરા છે. ગંગા, યમુના, નર્મદા, શિપ્રા જેવી નદીઓમાં સ્નાન કર્યા પછી સૂર્યદેવને અર્ઘ્ય આપવામાં આવે છે. જે લોકો નદી સ્નાન કરી શકતા નથી, તેઓ ઘરે પાણીમાં ગંગાજળ ભેળવીને સ્નાન કરી શકે છે. સ્નાન કર્યા પછી તાંબાના લોટાથી સૂર્યને જળ અર્પણ કરવું જોઈએ. આ દિવસે સામર્થ્ય અનુસાર જરૂરિયાતમંદ લોકોને દાન કરવું જોઈએ. કાળા તલ, સરસવનું તેલ, કપડાં, અનાજ, ભોજન, જૂતા-ચપ્પલ, છત્રી અને ધાબળા જેવી વસ્તુઓનું દાન કરી શકાય છે. અમાસના દિવસે પીપળાના વૃક્ષની પૂજા કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓ પીપળા નીચે દીવો પ્રગટાવે છે અને પરિક્રમા કરે છે. આ જ રીતે ગાય, કાગડા અને કૂતરાને ભોજન કરાવવાની પરંપરા પણ છે.

ભાદરવી અમાસના દિવસે ભગવાન વિષ્ણુ અને મહાલક્ષ્મીની પૂજાનો વિશેષ અભિષેક કરવો જોઈએ. ઘરના મંદિરમાં જળ અને પંચામૃતથી અભિષેક કર્યા પછી પીળું ચંદન, તુલસી અને પુષ્પ અર્પણ કરવામાં આવે છે. ભગવાન વિષ્ણુના મંત્ર ૐ નમો ભગવતે વાસુદેવાયનો જાપ કરતા પરિવારની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવી જોઈએ.

કોઈ તળાવ કે નદીમાં માછલીઓ માટે લોટની ગોળીઓ બનાવીને નાખો. કોઈ ગૌશાળામાં ગાયોની દેખભાળ માટે ધનનું દાન કરો.

### ઉજ્જૈનમાં મૂર્તિ હટાવવા ભારે મશીનો, ક્રેનની મદદ છતાં પ્રતિમા પોતાની જગ્યાએથી ખસી પણ નહીં

# હનુમાનજી મંદિર તોડી નાખ્યું: 1000 વર્ષ જૂની હનુમાનજીની મૂર્તિ હલી પણ નહીં !

## 1856માં રાજા ભોજના શાસનકાળના સમયમાં આ મૂર્તિની સ્થાપના કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ધાર્મિક નગરી ઉજ્જૈનમાં સિંહસ્થ ૨૦૨૮ની તૈયારીઓના ભાગરૂપે રસ્તાઓ પહોળા કરવાનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન કંઠાલ ચોકથી છત્રી ચોક માર્ગ પર આશરે ૧૦૦૦ વર્ષ જૂની ઊભેલા હનુમાનજીની પ્રતિમા વહીવટીતંત્ર માટે મોટો પડકાર બની ગઈ છે. પ્રતિમાને બીજે સ્થળે ખસેડવા માટે છેલ્લા ચાર દિવસમાં ચાર વખત પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ ભારે મશીનો અને ક્રેનની મદદ છતાં પ્રતિમા પોતાની જગ્યાએથી સહેજ પણ હલી ન હતી. રસ્તો પહોળો કરવા માટે હનુમાન મંદિરના મુખ્ય ગર્ભગૃહ અને બહારના ભાગને હટાવી દેવામાં આવ્યો છે. જોકે, પ્રતિમાને હાલ પૂરતી સુરક્ષિત રાખવા માટે કેનોપી ટેન્ટમાં રાખવામાં આવી છે. વહીવટીતંત્ર હવે આ પ્રતિમાને નજીકના ટાંકી ચોક પર સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે. બીજી તરફ સ્થાનિક લોકોએ પ્રતિમાને નુકસાન થવાની સ્થિતિમાં વહીવટીતંત્રને જવાબદાર ઠેરવવાની ચેતવણી આપી છે. લોકોનું કહેવું છે કે પ્રતિમા ખૂબ જ પ્રાચીન અને આસ્થા સાથે જોડાયેલી છે, તેથી તેને હટાવવામાં ઉતાવળ કરવી જોઈએ નહીં. વિક્રમ યુનિવર્સિટીના પુરાતત્વવિદ પ્રો. ડૉ. રમણ સોલંકીના જણાવ્યા અનુસાર, આ પ્રતિમા માળવાના ખાસ બેસાલ્ટ પથ્થરમાંથી બનેલી છે. તેની શિલ્પકળા પરમાર કાળ અને રાજા ભોજના શાસનકાળની માનવામાં આવે છે. એટલે કે પ્રતિમા આશરે ૧૦૦૦ વર્ષ જૂની હોઈ શકે છે. પ્રતિમા પર લાંબા સમયથી સિંદૂર ચઢાવવામાં આવતું હોવાથી તેની મૂળ બનાવટ સંપૂર્ણપણે દેખાતી નથી. નિષ્ણાતોનું માનવું છે કે ભારે મશીનોના ઉપયોગથી પ્રતિમામાં તિરાડ પડવાનો કે તેને નુકસાન પહોંચવાનો ખતરો છે.

### દોઢ ફૂટ સુધી ખોદકામ કરાયું, હવે સ્કેનિંગ થશે

વહીવટીતંત્રે પ્રતિમાના નીચેના ભાગની સ્થિતિ સમજવા માટે લગભગ દોઢ ફૂટ સુધી ખોદકામ કર્યું છે. હવે પુરાતત્વ નિષ્ણાતો અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી પ્રતિમાના પાયા અને તેની આસપાસની માટીની તપાસ કરશે. વહીવટીતંત્ર ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એટલે કે ASIની પણ મદદ લેવાની તૈયારીમાં છે. સ્કેનિંગ અને વૈજ્ઞાનિક તપાસનો રિપોર્ટ આવ્યા બાદ જ નક્કી કરવામાં આવશે કે પ્રતિમાને કેવી રીતે અને ક્યાં સ્થાનાંતરિત કરી શકાય છે.

### આસ્થા અને વિકાસ વચ્ચે અટવાયો મામલો

મંદિરના પૂજારી મહેશ પંડિત અને સ્થાનિક લોકોનું કહેવું છે કે આ સ્થાન ૧૮૫૭ની ક્રાંતિ કરતાં પણ જૂનું છે. ચાર વખત પ્રયાસ કરવા છતાં પ્રતિમાનું ન હલવું લોકો આસ્થા સાથે જોડીને જોઈ રહ્યા છે. કેટલાક લોકોનું કહેવું છે કે હનુમાનજી આ જ સ્થાને બિરાજમાન રહેવા માંગે છે. સ્થાનિક નાગરિકોની માંગ છે કે પ્રતિમાને હટાવવાને બદલે આ જ જગ્યાએ નવેસરથી મંદિરનું નિર્માણ કરવામાં આવે. જ્યારે વહીવટીતંત્ર સામે સિંહસ્થ ૨૦૨૮ પહેલા રસ્તો પહોળો કરવાનો પડકાર છે.

## અર્થશાસ્ત્રી ફ્રેડરિક ન્યૂમને આપી મોટી ચેતવણી

# વિશ્વમાં આર્થિક સંકટનો ખતરો શેરબજારમાં 1997 જેવી ઉથલ-પાથલના સંકેત




**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

એશિયાના શેરબજારોમાં છેલ્લા કેટલાક સમયથી સતત ઉથલપાથલ જોવા મળી રહી છે અને આવનારા સમયમાં પણ આ અસ્થિરતા ચાલુ રહી શકે છે. HSBCના મુખ્ય અર્થશાસ્ત્રી ફ્રેડરિક ન્યૂમને એશિયા માટે મોટા નાણાકીય સંકટની ચેતવણી આપી છે. તેમના મતે આ સંકટ ૧૯૯૭માં જોવા મળેલા એશિયન નાણાકીય સંકટ જેવું હોઈ શકે છે. તેમણે વર્તમાન આર્થિક વ્યવસ્થા અને લગભગ ત્રણ દાયકા પહેલાં એશિયામાં આર્થિક પતન માટે જવાબદાર બનેલી પરિસ્થિતિઓ વચ્ચેની સમાનતાઓ ઉજાગર કરી છે. પોતાના એક અહેવાલમાં ફ્રેડરિક ન્યૂમને અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં થયેલા ઝડપી વધારા અને જાપાનની કરન્સી યેનની અત્યંત નબળી સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે. તેમના કહેવા પ્રમાણે, આજે એશિયન બજારોને ચલાવતું નાણાકીય પરિદૃશ્ય ૧૯૯૭ના વિનાશક એશિયન નાણાકીય સંકટ સાથે કેટલીક બાબતોમાં મળતું આવે છે.

ફ્રેડરિક ન્યૂમને આ આંકડાઓ રજૂ કરતાં કહ્યું છે કે બંને પરિસ્થિતિઓમાં સંકટનું એક મોટું કારણ સમાન જોવા મળે છે. ૧૯૯૦ના દાયકાના મધ્યમાં ઈન્ટરનેટનો ઉદય થયો હતો અને આજે બજારની ગતિ AIના વધતા પ્રભાવ પર ટકેલી જોવા મળી રહી છે. જોકે, બંને પરિસ્થિતિઓમાં કેટલીક સમાનતાઓ હોવા છતાં ન્યૂમને ભારપૂર્વક જણાવ્યું કે ૧૯૯૭ અને આજના સમય વચ્ચેના માળખાકીય તફાવતો સમાનતાઓ કરતાં ઘણા વધારે છે.

## AI બની રહ્યો છે સૌથી મોટો ખતરો

૩૧ ઓગસ્ટના એક નોટમાં HSBCના મુખ્ય અર્થશાસ્ત્રી ફ્રેડરિક ન્યૂમને એશિયન બજારોને લઈને મોટી ચેતવણી આપી હતી. CNBCના અહેવાલ અનુસાર, તેમણે કહ્યું કે વૈશ્વિક બજારો ચેતવણીના સંકેતોનું મૂલ્યાંકન કરી રહ્યા છે ત્યારે એશિયા માટેનો અંતિમ ખતરો હવે નબળી બેન્કિંગ સિસ્ટમમાંથી આગળ વધીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે AI તરફ અમેરિકાના વધતા ઝોક પરની ભારે નિર્ભરતા બની ગયો છે. તેમના મતે એશિયાના ઘણા દેશોની અર્થવ્યવસ્થા અમેરિકન ટેક કંપનીઓના AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના મોટા ખર્ચ અને તેના કારણે વધતી ઈલેક્ટ્રોનિક્સ તથા સેમિકન્ડક્ટરની માગ પર નિર્ભર બની રહી છે.

## કરન્સી માર્કેટ પણ આપી રહ્યું છે એલર્ટ

અર્થશાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે, કરન્સી માર્કેટમાં જોવા મળી રહેલી ઉથલપાથલ પણ એક વધુ ચેતવણીનો સંકેત છે. એપ્રિલ ૧૯૯૫થી એપ્રિલ ૧૯૯૭ વચ્ચે જાપાનનું યેન અમેરિકન ડોલરની સરખામણીએ લગભગ ૫૫ ટકા નબળો પડ્યું હતું. યેન ૮૦થી ઘટીને સીધો ૧૩૦ પ્રતિ ડોલર સુધી પહોંચી ગયો હતો. હાલની સ્થિતિમાં જાપાની યેન જાન્યુઆરી ૨૦૨૧માં લગભગ ૧૦૩ પ્રતિ ડોલરના સ્તરથી ઘટીને જુલાઈમાં ૧૬૩ના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. આ દરમિયાન લગભગ ૫૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

## આવી શકે મોટો આર્થિક ફટકો

અહેવાલ અનુસાર, ન્યૂમને કહ્યું છે કે જો અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારો અને ઉધાર લેવાના ખર્ચમાં વધારાને કારણે અમેરિકાની હાઈપરસ્કેલ કંપનીઓને ડેટા સેન્ટર પરનો ખર્ચ ઘટાડવો પડે અથવા યેનની અસ્થિરતાને કારણે વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધે, તો એશિયાના નિકાસ કેન્દ્રો પર સીધી અને તાત્કાલિક અસર પડી શકે છે.ન્યૂમનના જણાવ્યા પ્રમાણે, આ અસર બેન્કોના ટ્રેડિંગ ફ્લોર પર અચાનક ગભરાટના રૂપમાં નહીં, પરંતુ ટોચના ચિપ ઉત્પાદકોના ઓર્ડર બુકમાં શાંત પરંતુ ઝડપી ઘટાડાના સ્વરૂપમાં જોવા મળી શકે છે. એટલે કે, એશિયાના દેશો માટે સૌથી મોટો ખતરો હવે માત્ર બેન્કિંગ અથવા કરન્સી કટોકટી પૂરતો મર્યાદિત નથી. AI આધારિત વૈશ્વિક ટેક ઉદ્યોગમાં જો માગ ઘટે, તો તેની અસર એશિયાના સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પર સીધી પડી શકે છે.

### સરકારે કહ્યું રાજધાની સના પર કબ્જો કરીશું

# યમનમાં હૂતી વિદ્રોહીઓ વિરુધ્ધ યુધ્ધ શરૂ

» **હૂતીઓનો દાવો – સાઉદી એરપોર્ટ અને અરામકોને નિશાન બનાવ્યા**

**સિટી ન્યૂઝ@સના**

યમનમાં હુતી વિદ્રોહીઓ અને સરકાર વચ્ચે ફરી યુદ્ધ તેજ બન્યું છે. સરકારે હુતીઓના કબજા હેઠળની રાજધાની સનાને પાછી મેળવવા માટે સૈન્ય અભિયાન શરૂ કર્યું છે. તાઈઝ, અલ-બાયદા અને અલ-જૌફ સહિતના ઘણા વિસ્તારોમાં લડાઈ ચાલી રહી છે.

બીજી તરફ, હુતીઓએ દાવો કર્યો છે કે તેમણે સાઉદી અરેબિયાના અબહા એરપોર્ટ, કિંગ ખાલિદ એરબેઝ અને તેલ અને ગેસ કંપની અરામકોની સુવિધાઓને મિસાઈલ અને ડ્રોનથી નિશાન બનાવી છે.

૭ સપ્ટેમ્બરના રોજ હુતીઓએ આરોપ લગાવ્યો હતો કે સાઉદી અરેબિયાએ અલ-જૌફ પ્રાંતના અલ-હજમ શહેરની



એક જેલ પર હવાઈ હુમલો કર્યો. શરૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે હુમલામાં એક બાળક સહિત ૭ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ૭ લોકો ઘાયલ થયા છે.

બાદમાં અલ-જૌફ સિવિલ ડિફેન્સના પ્રમુખ હસન સાબૌલાએ મૃત્યુઆંક વધીને ૧૧ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું કે ૨૦ કેદીઓ હજુ પણ કાટમાળમાં ગુમ છે. હુતી મીડિયા અનુસાર, મૃતકોમાં જેલમાં કોઈને મળવા આવેલો એક બાળક પણ સામેલ હતો. આ દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. સાઉદી અરેબિયાએ જેલ પરના હુમલાના આરોપ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. જેલ પરના હુમલાના આરોપ બાદ હુતીઓએ સાઉદી અરેબિયા વિરુદ્ધ મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનો દાવો કર્યો. હુતીઓએ કહ્યું કે તેમણે અબહા ઈન્ટરનેશનલ એરપોર્ટ, કિંગ ખાલિદ એર બેઝ અને અરામકોની કેટલીક સુવિધાઓને નિશાન બનાવી. આ ઉપરાંત સાઉદી અરેબિયાના ૪ સર્વેલન્સ ડ્રોન પણ તોડી પાડ્યા. આ હુમલાઓથી થયેલા નુકસાનની માહિતી હાલમાં સામે આવી નથી.

અહીં હુતીઓ પર સાઉદી શહેરોમાં નાગરિક અને આર્થિક ઠેકાણાઓને નિશાન બનાવવાનો આરોપ છે. આ હુમલાઓમાં ૭૩ લોકો ઘાયલ થયા હોવાની માહિતી આપવામાં આવી છે. હુમલાઓની અસર અબહા, ખમિસ મુશૈત, નજરન અને જિઝાનમાં પડી. સાઉદી પક્ષ અનુસાર, ઘાયલોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. સાઉદી અરેબિયાએ આ હુમલાઓનો સખત જવાબ આપવાની ચેતવણી આપી છે.

### હિમસ્ખલન પર્વતારોહકોના મોત 6 લોકો હજુ ગુમ

# રશિયામાં 33 લોકોના ગ્રુપ પર બરફ પડ્યો 12નાં મોત



**સિટી ન્યૂઝ@મોસ્કો**

રશિયાના ઉત્તરી કાકેશસ વિસ્તારમાં આવેલા માઉન્ટ મિઝહિરગી પર રવિવારે સાંજે હિમસ્ખલન થયું. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટનામાં ૧૧ પર્વતારોહકોના મોત થયા. જ્યારે ૧૦ લોકો કોઈક રીતે સુરક્ષિત નીચે ઉતરી આવ્યા, પરંતુ ૬ લોકો હજુ પણ ગુમ છે. બચાવ દળ તેમની શોધખોળમાં લાગેલું છે.

જ્યારે દુર્ઘટના થઈ ત્યારે ૩૩ પર્વતારોહકોનું એક ગ્રુપ પહાડ પર ચઢાણ કરી રહ્યું હતું. અચાનક પહાડ પરથી મોટી માત્રામાં બરફ સરકીને તેમના પર પડ્યો, જેના કારણે ઘણા લોકો બરફ નીચે દબાઈ ગયા.

ગુમ થયેલા પર્વતારોહકોને શોધવા માટે ૫૦થી વધુ બચાવકર્મીઓ અભિયાનમાં જોડાયા છે. પહાડી વિસ્તાર અત્યંત મુશ્કેલ છે અને ત્યાં ફરીથી હિમસ્ખલનનું જોખમ રહેલું છે. આ કારણોસર, બચાવ ટીમોને સાવચેતીપૂર્વક અભિયાન ચલાવવું પડી રહ્યું છે.



### સંતો જવાના હોવાથી મહિલા કર્મીઓની ડ્યૂટી હટાવી

# સ્વામીનારાયણ સંતોના કારણે પેરિસમાં એફિલ ટાવર બંધ રાખવું પડ્યું

### પેરિસમાં ભેદભાવ મુદ્દે કર્મચારીઓ હોબાળો કરી હડતાલ પર ઉતર્યા

**સિટી ન્યૂઝ@પેરિસ**

ફ્રાન્સની રાજધાની પેરિસમાં પ્રખ્યાત એફિલ ટાવર સોમવારે કર્મચારીઓની હડતાળને કારણે બંધ રહ્યો. આ મામલો શનિવારે હિંદુ સંગઠન બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના લગભગ ૧૦૦ સભ્યોની મુલાકાત સાથે સંબંધિત છે.

આરોપ છે કે BAPS પ્રતિનિધિમંડળના આગમન પહેલાં કેટલીક મહિલા કર્મચારીઓને તેમની જગ્યા પરથી હટવા માટે કહેવામાં આવ્યું, જેથી ત્યાં પુરુષ કર્મચારીઓને તૈનાત કરી શકાય.

આ ઘટનાથી મહિલા કર્મચારીઓ દુખી થઈ. તેમને આ અપમાનજનક લાગ્યું. મામલો વધ્યા પછી સોમવારે કર્મચારીઓએ બેઠક કરી અને મેનેજમેન્ટ સાથે વાતચીત કરી. વાત ન બનતા કર્મચારીઓએ હડતાળ કરી દીધી. આના કારણે એફિલ ટાવરને બંધ રાખવો પડ્યો. બાદમાં એફિલ ટાવરના મેનેજમેન્ટે પણ સ્વીકાર્યું કે તેને આવી વિનંતી માનવી જ ન જોઈતી હતી. BAPSએ જણાવ્યું કે લગભગ ૧૦૦ લોકોના એફિલ ટાવરની મુલાકાતની યોજના સંસ્થા અને ટાવરના મેનેજમેન્ટે સાથે મળીને બનાવી હતી. મુલાકાતનો સમય પણ એવી રીતે નક્કી કરવામાં આવ્યો હતો, જેથી અન્ય પ્રવાસીઓને ઓછીમાં ઓછી અગવડ પડે. સંસ્થા અનુસાર, તેની જાણકારીમાં કોઈને પણ એફિલ ટાવરમાં પ્રવેશતા રોકવામાં આવ્યા ન હતા. જોકે, જો આ ઘટનાથી કોઈને દુખ કે અગવડ પડી હોય તો BAPS તેના માટે માફી માગે છે.



### ગાંધીનગર કોર્ટમાં બદનક્ષીનો કેસ દાખલ

# નોરાએ ચાર્ટડ પ્લેનને રમકડું કહેતા કંપનીએ 3 કરોડનો દાવો કર્યો

## એવિએશન કંપનીને નુકસાન થયાનો આરોપ



**સિટી ન્યૂઝ@મુંબઈ**

પોતાના બિઝનેસ જેટને રમકડાનું વિમાન અને લેગો પ્લેન કહેવાયું એ એક એવિયેશન કંપનીને પસંદ ન આવ્યું હોવાથી એ હવે નોરા ફતેહીને કોર્ટમાં ઢસડી ગઈ છે. ગાંધીનગરની સિવિલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા કેસમાં ડ્યુન્સ એવિયેશન નામની કંપનીએ નોરાનાં નિવેદનો બદલ નુકસાનની ભરપાઈ પેટે ૩ કરોડ રૂપિયાની માગણી કરી છે. કંપનીએ જણાવ્યું હતું કે નોરા ફતેહી અને તેની ટીમે ૨૦૨૫ની ૧૪ ડિસેમ્બરે મુંબઈથી જયપુર જવા માટે એના CESSNA CITATION CJ૨ પ્લેનમાં મુસાફરી કરી હતી.એ મુસાફરીમાં નોરાએ મલ્ટિપલ વિડિયો રેકૉર્ડ કર્યા હતા અને એને તેના વેરિફાઇડ ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર સ્ટોરી ફૉર્મેટમાં પોસ્ટ કર્યા હતા. નોરાએ ચાર્ટર્ડ વિમાનની એવિયેશન સલામતી વિશે અત્યંત અપમાનજનક અને બેજવાબદાર નિવેદનો આપ્યાં હતાં એવો આક્ષેપ કેસમાં કરવામાં આવ્યો છે. વિડિયોના વાઇરલ થયા પછી ૪૫-૫૦ દિવસની અંદર કંપનીના બુકિંગમાં પંદરથી ૨૦ ટકાનો ઘટાડો થયો હતો એમ કેસમાં દાવો કરાયો છે.

### ગોવિંદાની પત્ની સુનીતા આહૂજાએ કહ્યું

# બોલીવુડના હિરો પત્ની કરતા હિરોઈન સાથે વધુ સમય વિતાવે છે...

ગોવિંદાની પત્ની સુનીતા આહુજા પોતાનાં નિવેદનોને કારણે ચર્ચામાં રહેતી હોય છે. હાલમાં તેણે ફિલ્મ-ઇન્ડસ્ટ્રીમાં સ્ટાર પત્નીઓના જીવન વિશે ખુલ્લેઆમ વાત કરતાં કહ્યું હતું કે બૉલીવુડના હીરો પોતાની પત્ની કરતાં હિરોઇન સાથે વધુ સમય વિતાવે છે અને તેથી તેમની વચ્ચે લાગણીસભર બૉન્ડિંગ થવું સ્વાભાવિક છે.આ મામલે વાત કરતાં સુનીતાએ કહ્યું હતું કે ’એક હીરોની પત્ની બનવા માટે દિલને પથ્થર જેવું મજબૂત બનાવવું પડે છે.તમે જુઓ તો હીરો તેની પત્ની કરતાં હિરોઇન સાથે વધુ સમય રહે છે એટલે તેમની વચ્ચે જોડાણ બનવું કુદરતી વાત છે.




# ગુજરાતી ફિલ્મ કીંગ ઓફ સાળંગપૂરનું ફર્સ્ટ લૂક રિવિલ

ગુજરાતી સિનેમામાં હાલમાં નવતર પ્રયોગો કરવામાં આવી રહ્યા છે, ત્યારે ઝી સ્ટુડિયોઝ અને વામિકા ફિલ્મ્સ ભક્તિસભર ગુજરાતી ફિલ્મ ’કિંગ ઓફ સાળંગપુર’ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મ દર્શકોને શ્રદ્ધા, ભક્તિ અને દિવ્ય આશીર્વાદની એક અદ્ભુત અને લાગણીસભર સફરે લઈ જશે.મેકર્સે ફિલ્મનો ફર્સ્ટ લુક રિવીલ કર્યો છે, જે ’કિંગ ઓફ સાળંગપુર’ની ભવ્ય દુનિયાની ઝલક કરાવે છે. ફિલ્મ સાળંગપુર હનુમાન દાદાના આધ્યાત્મિક મહાત્મ્યને સુંદર રીતે વણી લેશે.


### ‘લાલો’ બાદ હનુમાન અંશ સુપરહિટ થતાં

# તેરા સાંઈ, સાંઈ બાબા, ખાટુ શ્યામ પર પણ બનશે ફિલ્મ



**સિટી ન્યૂઝ@મુંબઈ**

’હનુમાન અંશ’ ફિલ્મની અભૂતપૂર્વ સફળતાએ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ધાર્મિક અને ભક્તિમય સિનેમા માટે નવા દ્વાર ખોલી દીધા છે. આ અગાઉ ’લાલો - કૃષ્ણ સદા સહાયતે’ ફિલ્મે પણ બોક્સ ઓફિસ પર આવો જ કમાલ કરી બતાવ્યો હતો. હવે આ જ સફળ ટ્રેન્ડ પર આગળ વધતાં અનેક નવી ફિલ્મો પાઇપલાઇનમાં છે. કેટલીક ફિલ્મોની સત્તાવાર જાહેરાત થઈ ગઈ છે, તો કેટલીક પર કામ ઝડપથી ચાલી રહ્યું છે. ’હનુમાન અંશ’ની સફળતાથી સિનેમા જગતમાં એક નવા યુગની શરૂઆત થઈ છે. માત્ર ૩ કરોડથી ઓછા બજેટમાં બનેલી અને શરૂઆતના સપ્તાહોમાં બહુ ઓછી સ્ક્રીન મેળવનારી આ ફિલ્મે જોતજોતામાં ટિકિટબારી પર ધમાકો મચાવી દીધો. આ નાની ફિલ્મે આખા બોલિવૂડની વિચારસરણી બદલી નાખી છે. ફિલ્મની જબરદસ્ત કમાણી અને વિવેચકોની પ્રશંસા બાદ હવે મેકર્સ મોટા પાયે ધાર્મિક પ્રોજેક્ટ્સ હાથ ધરી રહ્યા છે. બોલિવૂડમાં સમયાંતરે અલગ-અલગ ટ્રેન્ડ આવતા રહે છે-રોમેન્ટિક, એક્શન, મ્યુઝિકલ કે કોમેડી બાદ લાંબા સમય સુધી સિક્વલ્સનો દબદબો રહ્યો હતો.



### કચ્છના અંજારનો દર્દનાક કિસ્સો

# પ્રેમીએ પ્રેમીકાના પતિની હત્યા કરી મૃતદેહના ટુકડા કરી પ્લાસ્ટિકની થેલીમાં ભરી દીધા

## પતિને પત્નીના આડાસબંધની શંકા જતા મોતને ઘાટ ઉતારી દીધો'તો







**સિટી ન્યૂઝ@કચ્છ**

લગ્નેતર સંબંધનો દર્દનાક અંતનો કિસ્સો સામે આવ્યો છે. પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ગામમાં ૪૩ વર્ષીય લખ્ખુભાઈ રૂડાભાઈ હુંબલની ઘાતકીરીતે હત્યા કરવામાં આવી છે. ૩૧ ઓગસ્ટે ગુમ થયેલા લખ્ખુભાઈનો મૃતદેહ ૫ સપ્ટેમ્બરના રોજ ગામના તળાવ નજીકથી બે પ્લાસ્ટિકની થેલીઓમાંથી મળી આવ્યો હતો.
તપાસમાં મૃતદેહના ટુકડા હોવાનું સામે આવતા પોલીસે ઓળખ કરી હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.
પોલીસે મૃતકની પત્ની સાથે કથિત પ્રેમસંબંધ ધરાવતા તેના પાડોશી દિનેશ રાયધણભાઈ ઠાકોર (૩૫)ની ધરપકડ કરી છે. આ આખો કિસ્સો ઘણો જ કંપારી છોડાવી દે તેવો છે.
પોલીસ તપાસ મુજબ, દિનેશને મૃતકની પત્ની સાથે છેલ્લા આશરે દોઢેક વર્ષથી પ્રેમસંબંધ હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે, લખ્ખુભાઈને આ સંબંધ અંગે શંકા પડી હોવાની આશંકાથી દિનેશે તેની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.
મૃતદેહને અંજાર સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યો છે. પૂર્વ કચ્છના SP સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસ અને LCBની ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા હ્યુમન સોર્સના આધારે તપાસ આગળ ધપાવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, ૩૧ ઓગસ્ટની રાત્રે આશરે ૧૧ વાગ્યાની આસપાસ દિનેશે કોઈ કામની વાત કરવાના બહાને લખ્ખુભાઈને પોતાના ઘરે બોલાવ્યો હતો.વાતચીત દરમિયાન બંને વચ્ચે બોલાચાલી થયા બાદ દિનેશે કથિત રીતે લોખંડના સળિયાથી લખ્ખુભાઈના માથાના પાછળના ભાગે વારંવાર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે લખ્ખુભાઈનું મોત થયું હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે. પોલીસના જણાવ્યા મુજબ, હત્યા બાદ દિનેશે મૃતદેહનો નિકાલ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મૃતદેહ ભારે હોવાથી તેને એકલા હાથે લઈ જવો મુશ્કેલ પડ્યો હતો. ત્યારબાદ તેણે હેક્સો બ્લેડ સહિતના સાધનોનો ઉપયોગ કરી મૃતદેહના બે ટુકડા કરી નાંખ્યા હતા. આ ટુકડાઓને અલગ-અલગ પ્લાસ્ટિકની થેલીઓમાં પેક કરી વરસામેડી બસ સ્ટેન્ડ નજીક આવેલા ગામના તળાવ પાસે ફેંકી દેવામાં આવ્યા હતા. હત્યા બાદ તપાસને ગેરમાર્ગે દોરવા માટે આરોપીએ મૃતકનો મોબાઈલ ફોન પણ અન્ય સ્થળે ફેંકી દીધો હતો.

### કાનપુરની ચોંકાવનારી ઘટના

# વહુએ કરોડપતિ સસરાની નોકર પાસે 6 લાખમાં હત્યા કરાવી



## નોકરને ઘરની ડુપ્લિકેટ ચાવી બનાવવા 1200 રૂપિયા આપ્યા

**સિટી ન્યૂઝ@કાનપુર**

૨૦ દિવસ પહેલા શાલુ ભાભીએ મને બોલાવ્યો. કહ્યું- મારા સસરા વિનીત મિનોચાની હત્યા કરી દે અથવા અકસ્માત કરાવી દો. બદલામાં ૬ લાખ રૂપિયા આપીશ. મેં ના પાડી તો બોલ્યા- ડરશો નહીં, હું તમારી સાથે છું. અકસ્માત માટે તૈયાર નહોતો, તો તેમણે કહ્યું- સૂતી વખતે ઓશીકાથી મોં દબાવી દેજો. લોકોને હાર્ટએટેકથી મૃત્યુ થયું લાગશે. કામ પછી હું તમને નોકરી પર રાખી લઈશ.આ વિનીત મિનોચાની હત્યાના આરોપી વિશાલનું કહેવું છે. તેણે જણાવ્યું કે આ પછી મિત્ર રાજકિશોરને પ્લાનમાં સામેલ કર્યો. 30 હજાર રૂપિયા આપવાની લાલચ આપી. શાલુ ભાભીએ મને કહ્યું કે મને ગજરો આપવાના બહાને એપાર્ટમેન્ટ આવવું. સિક્યોરિટી ગાર્ડને પોતાનું નામ વિશાલની જગ્યાએ શિવમ જણાવવું.પ્લાન મુજબ, ૫ સપ્ટેમ્બરની રાત્રે બંને એપાર્ટમેન્ટ પહોંચ્યા. શાલુને ગજરો આપ્યો. તેણે બંનેને વિનીતના રૂમમાં છુપાવી દીધા અને પતિ સુબ્રત અને પુત્ર સાથે કીટી પાર્ટીમાં ચાલી ગઈ. બંને વેપારીના સૂઈ ગયા પછી ઓશીકાથી મોં દબાવવાના હતા, પરંતુ રૂમમાં પહોંચતા જ વિનીતે લાઈટ ચાલુ કરી દીધી અને બંનેને જોઈ લીધા. આ પછી બંનેએ છરીથી હુમલો કરી તેની હત્યા કરી દીધી. બાથરૂમમાં હાથ-પગ ધોઈને ત્યાંથી નીકળી ગયા.ખરેખરમાં, કલ્યાણપુરના રતન આર્બિટ એપાર્ટમેન્ટમાં શનિવારે રાત્રે ૧૧:૨૮ વાગ્યે વિનીતની તેમના ફ્લેટમાં હત્યા થઈ હતી. રવિવારે વહેલી સવારે ૩ વાગ્યે પરિવારના પાછા ફરવા પર બેડરૂમમાં તેમનો મૃતદેહ મળ્યો. CCTVમાં બંને આરોપીઓ દેખાયા હતા. પોલીસે એન્કાઉન્ટર બાદ વિશાલ અને રાજકિશોરની ધરપકડ કરી. પૂછપરછમાં શાલુના કહેવા પર હત્યા કરવાની વાત સામે આવી. પોલીસે સોમવારે શાલુની પણ ધરપકડ કરી જેલમાં ધકેલી દીધી. વેપારી વિનીત રતન આર્બિટ એપાર્ટમેન્ટના પહેલા માળે C-૧૦૪ ફ્લેટમાં પરિવાર સાથે રહેતા હતા. ૪ રૂમ અને ડાઈનિંગ રૂમવાળા આ ફ્લેટની કિંમત એક કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે.

## સસરા દવાના જથ્થાબંધ વેપારી હતા વર્ષનું 60 કરોડનું ટર્નઓવર હતું

# મોરબીમાં સોનીની દુકાનની દીવાલમાં બાકોરૂં પાડીને 17.24 લાખની ચોરી

## તસ્કરો સોના–ચાંદીના દાગીના ઉઠાવી ગયા! સરદાર રોડ પર આવેલ રાધા કૃષ્ણ જ્વેલર્સને નિશાન બનાવતા ચોરઃ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા તજવીજ આદરી

સિટી ન્યૂઝ@મોરબી




મોરબીના સરદાર રોડ ઉપર આવેલ રાધા કૃષ્ણ જ્વેલર્સ નામની દુકાનને તસ્કરે નિશાન બનાવી હતી. રાત્રિના સમયે દુકાનની દીવાલમાં બાકોરૂં પાડી અંદર પ્રવેશ કરી તસ્કર સોના-ચાંદીના દાગીના તથા ભંગાર મળી કુલ રૂ. ૧૭.૨૪ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો છે. બનાવ અંગે ભોગ બનેલ વેપારીએ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મોરબીમાં જૂના બસ સ્ટેશન પાસે સરદાર રોડ પર આવેલ ખારા કૂવાવાળી શેરીમાં રહેતા દીપકભાઈ જયંતીભાઈ માંડલિયા (ઉં.વ. ૪૫) એ અજાણ્યા શખ્સ સામે ચોરીની ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા મુજબ, ગત તા. ૫/૯ ના રોજ રાત્રિના પોણા ત્રણેક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા શખ્સે સરદાર રોડ પર સ્થિત તેમની 'રાધા કૃષ્ણ જ્વેલર્સ' નામની દુકાનની દીવાલમાં બાકોરૂં પાડ્યું હતું અને ત્યાંથી અંદર પ્રવેશ કર્યો હતો.દુકાનમાં પ્રવેશ્યા બાદ તસ્કરે ત્યાં રાખવામાં આવેલા સોના-ચાંદીના દાગીના તથા ભંગારમાંથી રૂ. ૨.૭૪ લાખની કિંમતના ૨૪ ગ્રામ સોનાના દાગીના, રૂ. ૧૨.૫૦ લાખની કિંમતના ૬ કિલો ૨૫૦ ગ્રામ ચાંદીના દાગીના તેમજ રૂ. ૨ લાખની કિંમતનો ૧ કિલો ૫૦૦ ગ્રામ ચાંદીનો ભંગાર મળી કુલ રૂ. ૧૭.૨૪ લાખના મુદ્દામાલની ચોરી કરી હતી.

સોની વેપારી દ્વારા મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રજૂ કરવામાં આવેલ વિગતોના આધારે પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# તાલુકા પોલીસ મથકમાં શખ્સનો હોબાળો, જમાદારને ફડાકો ઝીંક્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ તાલુકા પોલીસ મથકમાં સોમવારે બપોરે એક શખ્સે હોબાળો મચાવી ફરજમાં રુકાવટ કરી પોલીસ જમાદારને ફડાકો ઝીંક્યાનો બનાવ નોંધાયો છે. શખ્સે પોલીસ મથકમાં કપડાં કાઢી અભદ્ર વર્તન કરવા ઉપરાંત પોલીસ કર્મીઓને ધમકી આપી હતી. બનાવ અંગે જમાદારની ફરિયાદના આધારે પોલીસે આરોપી અંકિત પરમાર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા જમાદાર ધર્મેન્દ્ર પરમારે ફરિયાદમાં જણાવ્યું મુજબ કાનાભાઈ કટારિયા નામના વેપારી તેમની દુકાને ખરીદી કરવા આવ્યા હતા ત્યારે બે શખ્સો ઈન્વે રૂમમાં ધસી આવ્યા હતા. બંને ઉશ્કેરાઈ ટેબલ અને લેપટોપ પર જોરથી મુક્કા મારવા લાગ્યા હતા. આ દરમિયાન એક શખ્સે પોતે અંકિત પરમાર હોવાનું જણાવી પોતાની સામે અનેક ગુના હોવાની વાત કરી હતી.ત્યારબાદ અંકિત પરમાર પોલીસ મથકમાં કપડાં કાઢી ગાળો બોલવા લાગ્યો હતો. તેણે જમાદાર ધર્મેન્દ્ર પરમારનો કોલર પકડી ધક્કો મારી ફડાકો ઝીંક્યો હતો. તેમજ અહીં તાલુકામાં જ નોકરી કરવી હોય તો અંકિત પરમારને સલામ મારવી પડશે તેમ કહી પોલીસ કર્મીઓને ધમકી આપી હતી. આ ઉપરાંત પોલીસ મથકના રૂમમાં જ પેશાબ કરવાની ધમકી આપી અભદ્ર વર્તન કર્યું હોવાની ફરિયાદમાં નોંધ કરવામાં આવી છે. બનાવ અંગે તાલુકા પોલીસ મથકે ફરજમાં રુકાવટ, મારામારી અને ધમકી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધી આરોપી અંકિત પરમારની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કોઠારીયામાં પરિવારના 5 સભ્યો પર બેલડીનો પાઈપ - લાકડીથી હૂમલો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરના કોઠારીયા આણંદપર ગામમાં તા.૬ સપ્ટેમ્બરના સાંજના સમયે ૨ શખ્સોએ અન્ય પરિવારના ૫ સભ્યો પર લોખંડના પાઈપ - લાકડીથી હૂમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. મજૂરી કામ કરતા રવિ જાદવે કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ભાઈ પ્રફુલ સાથે ગામમાં જ રહેતા દિનેશ વાઢેરના દીકરાને ઝઘડો થયો હતો. જેનો ખાર રાખી તે અને વિશાલ વાઢેર લોખંડના પાઈપ અને લાકડી લઈ ત્યાં પહોંચી ગયા હતા અને રવિભાઈ, મનીષભાઈ, અશોકભાઈ, જાનાબેન, મૂળજીભાઈ અને તનવીરને માર માર્યો હતો અને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હતા. જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### હળવદ સબ પોસ્ટ ઓફિસમાં કૌભાંડ

# જોઈન્ટ એકાઉન્ટમાંથી મૂળ ખાતેદારની ખોટી સહી કરી મોબાઈલ નંબર બદલી નાખ્યો!

## રાજકોટના યુવકની જાણ બહાર નકલી સહીવાળું ફોર્મ રજૂ કરનાર હળવદની મહિલા સામે પોલીસ ફરિયાદ

સિટી ન્યૂઝ@હળવદ

હળવદ સબ પોસ્ટ ઓફિસમાં આવેલ જોઈન્ટ બચત ખાતામાં મૂળ ખાતેદારની જાણ બહાર ખોટી સહી કરીને પોતાનો મોબાઈલ નંબર અપડેટ કરાવી લેવાનું એક ગંભીર કૌભાંડ સામે આવ્યું છે. રાજકોટના યુવકની નકલી સહીવાળું ફોર્મ ખરા તરીકે ઉપયોગ કરી ઠગાઈ આચરવા બદલ એક મહિલા સામે હળવદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, રાજકોટના વસુંધરા કેનાલ રોડ પર રહેતા અને અભ્યાસ કરતા ૨૮ વર્ષીય પાર્થ અનીલભાઈ માનસેતાએ આરોપી નયનાબેન માણેકલાલ મેઢા (રહે. હળવદ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, હળવદ સબ પોસ્ટ ઓફિસ ખાતે ફરિયાદી અને આરોપીનું જોઈન્ટ એકાઉન્ટ આવેલું છે, જેમાં અગાઉ ફરિયાદીનો મોબાઈલ નંબર આપેલો હતો.

આરોપી નયનાબેને આ નંબર બદલીને પોતાનો મોબાઈલ નંબર અપડેટ કરાવવા માટે ફોર્મ ભર્યું હતું. જેમાં તેમણે ફરિયાદી પાર્થભાઈની ખોટી સહી કરી હતી. સહી ખોટી હોવાનું જાણવા છતાં આ ફોર્મ સબ પોસ્ટ ઓફિસમાં રજૂ કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અંગેની જાણ થતાં જ પાર્થભાઈએ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં પાણીમાં ડૂબી જતા 3ના મોત

સિટી ન્યૂઝ@મોરબી

મોરબી તાલુકા અને માળીયા(મી)ના ત્રણ અલગ અલગ બનાવમાં કેનાલ તથા પાણી ભરેલા કુંડમાં ડૂબી જતાં ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા હતા. પોલીસે ત્રણેય બનાવમાં અ.મોત નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી તાલુકાના જોધપર નદી ગામ નજીક મચ્છુ ડેમ-૨માંથી હરેન્દ્રકુમાર દાસ રહે. ટીંબડી મોરબી મૂળ ઓડિશા વાળાનો મૃતદેહ મળી આવ્યો હતો. તેઓ ગત તા.૦૫/૦૯ના રોજ મેટ્રોવર્લ્ડ સીરામીક નજીક નર્મદા કેનાલમાં ન્હાવા ગયા બાદ પાણીમાં ડૂબ્યા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

બીજા બનાવમાં રફાળેશ્વર મહાદેવ મંદિરના પાણી ભરેલા કુંડમાં ન્હાવા જતા જગદીશભાઈ પ્રેમજીભાઈ સોલંકી રહે. મોરબી વાળા ડૂબી જતાં તેમનું મોત થયું હતું. જ્યારે ત્રીજા બનાવમાં માળીયા(મી) તાલુકાના જુના ઘાંટીલા ગામના દિપકભાઈ શાંતીલાલ ઉભડીયા ઉવ.૪૧ પોતાની વાડી પાસેની નર્મદા કેનાલમાં ઈલેક્ટ્રિક દેડકાના હોર્સ પાઈપમાં આવેલ કચરો સાફ કરવા જતાં પાણીમાં ડૂબી ગયા હતા. ત્રણેય બનાવ અંગે પોલીસે અ.મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જાફરાબાદના વઢેરા ગામે વાડીની જાળીમાં ફસાઈ જતાં ત્રણ માસના સિંહબાળનું મોત

### ગળું જાળીમાં દબાઈ જતાં શ્વાસ રૂંધાયો; ખેડૂતે વનવિભાગને જાણ કરી, મૃતદેહ પીએમ માટે બાબરકોટ ખસેડાયો

**સિટી ન્યૂઝ@જાફરાબાદ**

જાફરાબાદ તાલુકાના વઢેરા ગામની સીમમાં આવેલી ખેડૂતની વાડીની ફરતે લગાવેલી જાળીમાં ફસાઈ જતાં અંદાજે ૩ માસના સિંહબાળનું કરુણ મોત નીપજ્યું હતું. ખેડૂત ગોવિંદભાઈ સોલંકીની વાડીમાં સિંહબાળ જાળીમાં ફસાઈ ગયું હતું. બહાર નીકળવા માટે કરેલા પ્રયાસ દરમિયાન તેનું ગળું જાળીમાં ભરાઈ ગયું હતું. ગળા પર દબાણ વધતાં શ્વાસ રૂંધાયો હતો અને ઘટનાસ્થળે જ માસૂમ સિંહબાળનું મોત થયું હતું.



મળતી માહિતી મુજબ, સિંહબાળ જાળીમાં ફસાયા બાદ લાંબા સમય સુધી બહાર નીકળવા માટે ઝઝૂમ્યું હતું. જોકે, જાળીમાં ગળું વધુ કસાઈ જતાં તેની સ્થિતિ ગંભીર બની હતી. અંતે શ્વાસ લેવામાં તકલીફ પડતાં તેનું મોત થયું હતું. આ ઘટનાથી વાડી માલિક સહિત આસપાસના ખેડૂતોમાં પણ દુખની લાગણી ફેલાઈ હતી.વાડીમાં સિંહબાળનો મૃતદેહ નજરે પડતાં ખેડૂત ગોવિંદભાઈ સોલંકીએ તાત્કાલિક જાફરાબાદ વનવિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને જાફરાબાદ વનવિભાગના આર.એફ.ઓ. જી.એન. શેત્રાણિયાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે સ્થળનું નિરીક્ષણ કરી સિંહબાળના મૃતદેહનો કબજો લીધો હતો.વનવિભાગે મૃતદેહને જરૂરી કાર્યવાહી અને પોસ્ટમોર્ટમ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો છે. સિંહબાળના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પીએમ કરવામાં આવશે. પીએમ રિપોર્ટ બાદ મોત અંગેની વધુ વિગતો સામે આવશે. સાથે જ વનવિભાગ દ્વારા ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારમાં સિંહોના અન્ય કોઈ વન્યજીવની હાજરી અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

### સૂર્યકિરણ ફ્લાઈંગના સ્ક્વોડ્રન લીડરની ઓળખ આપી ફસાવી

## એરફોર્સમાં નોકરીની લાલચ આપી યુવતી સાથે રૂ.1.95 લાખની ઠગાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના માધાપર પાસે રહેતી અને ગાંધીનગર TCSમાં સિસ્ટમ એન્જિનિયર તરીકે નોકરી કરતી ૨૮ વર્ષીય દિશાબા પરમાર સાથે એરફોર્સમાં નોકરી અપાવવાની લાલચ આપી રૂ.૧.૯૫ લાખની છેતરપિંડી કરાઈ હતી. આ અંગે યુવતીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં Instagram આઈડી, ૨ મોબાઈલ નંબર અને બેંક ખાતા ધારક સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, યુવતીને Instagram પર પ્રતિક ભારદ્વાજ નામના વ્યક્તિનો મેસેજ આવ્યો હતો. તેણે પોતે ઈન્ડિયન એરફોર્સની સૂર્યકિરણ ટીમમાં ફ્લાઈંગ બ્રાંચના સ્ક્વોડ્રન લીડર તરીકે કર્ણાટકમાં ફરજ બજાવતો હોવાનું જણાવી એરફોર્સમાં નોકરી અપાવવાની વાત કરી હતી. નોકરી માટે રૂ.૮૦ હજારની માંગણી કરી યુવતી પાસેથી આધારકાર્ડ, માર્કશીટ સહિતના દસ્તાવેજો WhatsApp પર મંગાવ્યા હતા.

યુવતીએ અલગ-અલગ હપ્તામાં રૂ.૮૦ હજાર મોકલ્યા બાદ આરોપીએ બેકગ્રાઉન્ડ ચેક ફેલ થયાનું કહી ઉપરી અધિકારીને વધુ રૂ.૧.૧૫ લાખ આપવા પડશે તેમ જણાવ્યું હતું. યુવતીએ કુલ ૨૩ ટ્રાન્ઝેક્શનમાં રૂ.૧.૯૫ લાખ મોકલ્યા હતા. જોકે, નોકરી અપાવવામાં આવી નહોતી કે રકમ પરત કરાઈ નહોતી. અંતે યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી છે.

## 35 લાખ સામે 18 લાખ વ્યાજ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કોઠારિયા વિસ્તારમાં હાર્ડવેરનો વ્યવસાય કરતા વિરેન્દ્રભાઈ ચૌહાણે ધંધાના વિસ્તરણ માટે મુસ્તકીમ અંસારી સહિત ૭ શખ્સો પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. લાખો રૂપિયાનું વ્યાજ ચૂકવવા છતાં પઠાણી ઉઘરાણી અને ધમકીઓ ચાલુ રહેતાં તેમણે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, દોઢ વર્ષ અગાઉ CNC મશીન માટે મુસ્તકીમ અંસારીએ ૪ ટકા માસિક વ્યાજે રૂ.૨.૮૦ લાખ આપ્યા હતા. આ રકમ અને વ્યાજ ચૂકવવા ફરિયાદીએ અન્ય ૬ વ્યક્તિઓ પાસેથી પણ વ્યાજે નાણાં લીધા હતા. અત્યાર સુધીમાં આશરે રૂ.૧૮ લાખ વ્યાજ ચૂકવ્યા હોવા છતાં વધુ વ્યાજની ઉઘરાણી ચાલુ રાખવામાં આવી હતી.

ફરિયાદમાં ૪થી ૬ ટકા વ્યાજ વસૂલવા, સહી કરેલા કોરા ચેક અને મિલકતના અસલ દસ્તાવેજો સુરક્ષા પેટે લઈ લેવાયાનો તેમજ હપ્તામાં મોડું થાય તો ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી અપાયાનો ઉલ્લેખ છે.

આજીડેમ પોલીસે મુસ્તકીમ અંસારી, દિનેશ પટેલ, મુકેશ ગઢવી, અમૃત ઉર્ફે અમીત શાહ, પ્રમોદ ચૌહાણ, નાગરાજ ધાધલ અને શક્તિ જાડેજા સામે BNS તથા ગુજરાત મની લેન્ડર્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જસદણના ફુલજર નજીક ફોરેસ્ટ ઓફિસર સહિત સ્ટાફ પર લાકડીથી હુમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જસદણના ફુલજર ગામ નજીક ફોરેસ્ટ ઓફિસર દલસુખભાઈ કમેજાળીયા સહિતના સ્ટાફ પર ૮ જેટલા શખ્સોએ લાકડીઓ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી ૨ આરોપીઓની અટકાયત કરી છે.ફરિયાદ મુજબ, ફોરેસ્ટની સરકારી વીડીમાં ગેરકાયદે ઢોર ચરાવવા અંગે જીલા રાતડીયા સામે ગુનો નોંધાયો હતો. પૂછપરછ માટે તેને અને નાગજી રાતડીયાને સાથે આવવાનું કહેતાં માથાકૂટ થઈ હતી. જીલા વોંકળામાં કૂદતાં ઈજા થતાં સાથીઓને બોલાવ્યા હતા. બાદમાં ભરત, સતા, મોકો અને હાથી રાતડીયા સહિતના શખ્સો લાકડીઓ સાથે ધસી આવ્યા હતા અને દલસુખભાઈ તથા સ્ટાફ પર હુમલો કર્યો હતો. દલસુખભાઈને ગરદન પાછળ લાકડી વાગતાં ઈજા થઈ હતી. નર્સરી કર્મચારી મુકેશ દેડાણીયાને પણ માર મારાયો હતો. ઈજાગ્રસ્તોને જસદણ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

## કોઠારીયામાં પરિવારના 5 સભ્યો પર બેલડીનો પાઈપ - લાકડીથી હૂમલો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કોઠારિયા આણંદપર ગામમાં ૬ સપ્ટેમ્બરની સાંજે ૨ શખ્સોએ પરિવારના સભ્યો પર લોખંડના પાઈપ અને લાકડીથી હુમલો કર્યાની ઘટના સામે આવી છે. મજૂરી કામ કરતા રવિ જાદવે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રવિના ભાઈ પ્રફુલનો ગામમાં રહેતા દિનેશ વાઢેરના પુત્ર સાથે ઝઘડો થયો હતો. તેની ખાર રાખી દિનેશ વાઢેર અને વિશાલ વાઢેર લોખંડના પાઇપ તથા લાકડી લઈ આવ્યા હતા અને રવિ, મનીષ, અશોક, જાનાબેન, મૂળજીભાઈ સહિતના પરિવારજનો સાથે મારામારી કરી હતી. તેમજ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યા હોવાની ફરિયાદમાં નોંધ છે. ફરિયાદના આધારે કુવાડવા રોડ પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


# DCPનો ઈશારો થતા QRTના કમાન્ડોની આંગળી આધુનિક રાયફલની ટ્રીગર ઉપર આવી ગઈ

ડીસીપી સિન્હાના વોકીટોકી ઉપર આદેશ મળતા એક વાહન એકદમ સાઈડમા જ ઉભુ રહી ગયું. તે વાહન કતારમાંથી બહાર નિકળી ગયુ તે રીર્ઝવ પાર્ટી હતી, તેને મદદ માટે બોલાવવામાં ના આવે ત્યાં સુધી તેમણે અહિયા જ રોકાઈ જવાનું હતું. ડીસીપી સિન્હા ની કાર પાછળ બાકીના વાહનો જઈ રહ્યા હતા. રેડી ફોર ઓપરેશનને સંદેશો મળતા QRT ટીમના જવાનોની આગળી પોતાની આધુનિક રાયફલની ટ્રીગર ઉપર આવી ગઈ હતી. ડીસીપી સિન્હા એ પણ પોતાના હાથમાં નાઈન એમએમ પિસ્તોલ ૯MM Pistol લઈ લીધી હતી. યાકુબનગર એટલે એકદમ ગરીબ મુસ્લિમોની વસ્તી હત. ૨૦૦૨ના તોફાનમાં આ મુસ્લિમોની તમામ મિલ્કત સળગી ગઈ હતી. હવે તેમની અંદર પોતાના જુના ઘરમાં જવાની હિમંત રહી ન્હોતી. કારણ તેમના ઘરની ચારેતરફ હિન્દુઓની ગીચ વસ્તી હતી. રીઝવાને જયારે યાકુબનગર ની વાત કરી ત્યારે ડીસીપી સિન્હા ના મગજના એન્ટેના એટલા માટે ઉભા થઈ ગયા હતા કે આતંકીઓએ બોમ્બ બ્લાસ્ટ ૨૦૦૨ના તોફાનનો બદલો લેવા માટે કર્યા હતા અને યાકુબનગર માં વસતા મુસ્લીમો પણ તોફાનનો ભોગ બનેલા હતા. એક મુસ્લિમ એનજીઓ NOG એ તેમને આ મકાન બનાવી આપ્યા હતા જેના કારણે પ્રબળ સંભાવના હતી કે આ મુસ્લિમોએ આંતકીને મદદ કરી હશે. રીઝવાનની માહિતી પ્રમાણે બ્લાસ્ટ કરવા માટે ગુજરાત બહારથી ૬ લોકો આવ્યા હતા પણ તે કોણ હતા અને ક્યાંથી આવ્યા હતા તેની જાણકારી તેની પાસે ન્હોતી. માત્ર એટલી જ માહિતી હતી કે શાહપુર Shahpur રહેલા ફિરોજભાઈ નું ૫ નંબરનું એક મકાન ખાલી હતું, તેમાં આ ૬ વ્યક્તિઓ રોકાઈ હતી અને જે દિવસે બ્લાસ્ટ થયા તેની સવારે જ આ ૬ અહિયાથી નિકળી ગયા હતા. ખરેખર આ ૬ વ્યક્તિઓને બ્લાસ્ટ સાથે સંબંધ હતો કે નહીં તેની પણ સિન્હા ને ખબર ન્હોતી. આ એક સંજોગ પણ હોઈ શકે તેમ હતો છતાં રીઝવાન ની માહિતી ઉપર એક્ટ કર્યા સિવાય કોઈ રસ્તો પણ ન્હોતો. સતત મહેનત પછી પણ જયારે કોઈ માહિતી મળતી ન્હોતી ત્યારે કદાચ આ માહિતી મહત્વની સાબીત થઈ શકે તેમ હતી. રેડી ફોર ઓપરેશનનો





મેસેજ મળતા બાકીનો સ્ટાફ પોતાની કારની બારીમાંથી ક્યા આવ્યા છે તે જાણવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યાં અચાનક ડીસીપી ની કાર થંભી ગઈ અને ઝડપભેર ડીસીપી પિસ્તોલ સાથે નીચે ઉતર્યા તેમને નીચે ઉતરતા જોઈ પાછળના વાહનોમાં રહેલો સ્ટાફ પણ ઝડપભેર હથિયારો સાથે વાહની બહાર આવી ગયો. ડીસીપી ની કાર જયાં થંભી તે યાકુબનગર ની શરૂઆત હતી, પહેલા મકાન પાસે ખાટલો ઢાળી બહાર બેઠેલા વૃધ્ધને ડીસીપી એ પુછ્યુ ચાચા ૫ નંબરના મકાન કીધર હૈ, ચાચા ડરી ગયા કારણ બુલેટપ્રુફ જાકીટ પહેલા સિન્હા ના હાથમાં રહેલી પીસ્તોલ ઉપર તેમની પહેલી નજર પડી હતી, છતાં ચાચાએ હિમંત કરી કહ્યુ સાબ મેરા ૧ નંબર હૈ ૫ નંબર ઉધર પે હૈ, તેમ કહી તેણે એક ઘર તરફ ઈશારો કર્યો. ત્યાં સુધી ઈન્સપેક્ટર જાડેજા અને બાકીનો સ્ટાફ ડીસીપી પાસે આવી ગયો હતો. ચાચાના ઈશારા તરફ ડીસીપી એ જોયુ અને પછી તરત જાડેજા સામે જોતા કહ્યુ જાડેજા મેં અપને સ્ટાફ કે સાથે આગે બઢતા હુ, તુમ મુઝે કવર દેના.ડીસીપીએ પોતાની પિસ્તોલ બંન્ને હાથે પકડી અને તે ૫ નંબરના ઘર તરફ દોડ્યા. ક્યુઆરટી QRT ના જવાનો પૈકી પાંચ જવાનો ડીસીપી સાથે સામેલ થઈ ગયા અને ૧ જ મિનિટમાં ૫ નંબરનં મકાન ચારે તરફથી ઘેરાઈ ગયુ. ડીસીપી ઘરમાં પ્રવેશ કરવાના દરવાજા તરફ આગળ વધ્યા અને દરવાજો નોક કરવા જાય ત્યારે જ તેમનું ધ્યાન દરવાજાની બહાર લટકી રહેલા તાળા તરફ ગયુ છતાં તેમણે પિસ્તોલની ટ્રીગલ ઉપર આંગળી રાખી એક મિનિટ વિચાર કર્યો અને તેમની પાછળ કવર આપવા ઉભા રહેવા ઈન્સપેક્ટર જાડેજા ને ધીમા અવાજે કહ્યુ કીસી કો પુછો અંદર કોન રહેતા હૈ.

જાડેજા તરત બાજુના મકાન તરફ ગયા, સિન્હા છતાં એલર્ટ હતા તેમનુ ધ્યાન દરવાજા સહિત આસપાસ ફર્યા કરતુ હતું. જાડેજા કોઈને પુછી તરત પાછા આવ્યા, તેમણે કહ્યુ પડોશી બતાતે હૈ, યહા કોઈ અનજાન લોગ રહેતે થે, લેકીન ૪ દિન પહેલે વે ચલે ગયે અબ કોઈ નહીં રહતા. સિન્હા વિચારમાં પડી ગયા, પણ પડોશીની વાત ઉપર ભરોસો કરીને જતા રહેવુ તેમને યોગ્ય લાગ્યુ નહીં. તેમણે જાડેજાને કહ્યુ જાડેજા તાલા તોડ દો, જાડેજાએ સાથે આવેલા એસઆરપી


પ્રશાંત દયાળ

SRP જવાન સામે જોયુ તે સમજી ગયો તેણે ૩૦૩ રાયફલનો એક કુંદો માર્યો તેની સાથે તાળુ તુટી પડી ગયુ સાવ તકલાદી તાળુ હતું. સિન્હાએ ફરી પીસ્તોલ ઉંચી કરી, પણ દરવાજો ખોલતા તેમા એકદમ અંધારૂ હતું, જાડેજા ટોર્ચ ચાલુ કરો કહી તેઓ સીધા પિસ્તોલ આગળની તરફ રાખી ઘરમાં દાખલ થયા. જાડેજા એ એક હાથમાં ટોર્ચ અને બીજા હાથમાં રીવોલ્વર પકડી રાખી હતી. જાડેજા અને સિન્હા એ ચારે તરફ ઘરમાં જોયુ, ઘર એકદમ નાનુ હતું, એક રૂમ રસોડાનું, જાડેજા રસોડા તરફ ગયા પણ ત્યાં પણ કોઈ ન્હોતુ કોઈ સામાન પણ ન્હોતો, માત્ર પાણીયારામાં એક પાણીનું માટલુ હતું અને એક ગ્લાસ હતો. ઘરમાં કોઈ જ મળ્યુ સિન્હા નીરાશ થઈ ગયા, પણ ત્યારે તેમના બુટના તળીયે કઈક આવ્યુ તેમણે તરત કહ્યુ જાડેજા ટોર્ચ દો, સિન્હા એ હાથમાં ટોર્ચ લીધી અને જમીન ઉપર ટોર્ચનો પ્રકાશ માર્યો. આજુબાજુ તેમણે આખા ઘરના ફ્લોર ઉપર જોયુ, જમીન ઉપર નાની ખિલ્લી, છરા અને વાયરના નાના ટુકડા પડ્યા હતા. સિન્હા એ નીચા નમી વાયરના કપાયેલા ટુકડાઓ ઉપાડ્યા. તેમણે ટોર્ચના પ્રકાશમાં ધ્યાનથી વાયર સામે જોયુ, જાડેજા સમજી શક્યા નહીં, સાહેબ વાયર કેમ જોઈ રહ્યા છે. સિન્હાએ જયારે પણ બ્લાસ્ટ થયા હતા તે તમામ સ્થળની ફોરેનસીક ઓફિસર સાથે વિઝિટ કરી હતી, તે બ્લાસ્ટ સ્પોટ ઉપર શુ જોયુ હતું. તે યાદ કરવા લાગ્યા તેમના ચહેરા ઉપર એકદમ ચમક આવી, તેમણે જાડેજા ને બેટરીના પ્રકાશમાં વાયર બતાડતા કહ્યુ જાડેજા હમ સહી સ્પોટ પે આયે હે, બ્લાસ્ટ મેં યહી વાયર ટાઈમર કે સાથ થા અને ફરી જમીન ઉપર બેટરીનો પ્રકાશ ફેંકતા કહ્યુ દેખો સાયકલ Cycle કે છરે ઔર ખીલ્લીયા ભી હૈ, વો ભી બોમ્બ કે સાથ રખી ગઈ થી. તેઓ એકદમ ઘરની બહાર નિકળ્યા, તેમણે કહ્યુ જાડેજા યહ ઘર કો લોક કરવા દો ઔર હમારા ગાર્ડ ભી યહા રખ દો. જાડેજા એ સર કહ્યુ, તરત બીજો આદેશ આપતા કહ્યુ મે ક્રાઈમ બ્રાન્ચ જા રહા હુ, તુમ યહ મકાન કે માલિક ફીરોજ Firoz કો ઢુંઢ લો ઔર કહી સે ભી ઉસકો ઉઠા કે ક્રાઈમ બ્રાન્ચ લે આઓ, જાડેજાને સુચના આપી ત્યાંથી સિન્હા ક્રાઈમ બ્રાન્ચ જવા નિકળ્યા. યાકુબનગર ના લોકોના ચહેરા ઉપર ભય વ્યાપી ગયો હતો. આમ પણ તેમને પોલીસ જોઈ ડર લાગતો હતો અને તેમણી આટલી મોટી સંખ્યામાં પોલીસ જોઈ. જો કે તેમને ખબર પડતી ન્હોતી કે પોલીસ કેમ આવી છે. એકાદ માણસે જાડેજાને પુછવાની હિમંત કરી પુછ્યુ કયાં હુવા હૈ સાબ, પણ જાડેજાએ કુછ નહીં કહી ફોડ પાડ્યો નહીં, તેના કારણે કંઈક ગંભીર બન્યુ છે, પણ શુ બન્યુ છે તેની ખબર પડતી ન્હોતી. સિન્હા ની કાર ક્રાઈમ બ્રાન્ચ તરફ ઝડપથી પાછી ફરી રહી હતી. (ક્રમશઃ)



# રાજકોટ લોકમેળાનું સ્થળાંતર હવે અનિવાર્ય : મયુર શાહ

## લોકમેળો પ્રજાના આનંદ માટે છે કે પછી શહેરની પ્રજાને હેરાન કરવા માટે? તંત્ર સામે મયુર શાહના આકરા સવાલો

## ટ્રાફિક, પાર્કિંગ અને ગંદકીથી પ્રજા પરેશાન; શહેર બહાર હાઈવે નજીક વિશાળ સ્થળ પસંદ કરવાની માંગ

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે રાજકોટમાં યોજાતા લોકમેળાના આયોજનને લઈને તંત્ર સામે આકરો સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, વર્ષોથી રાજકોટ શહેરની મધ્યમાં યોજાતા લોકમેળાના કારણે આસપાસના વિસ્તારોમાં રહેતા સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. તેમ છતાં તંત્ર દ્વારા દર વર્ષે માત્ર તાત્કાલિક વ્યવસ્થા કરીને સંતોષ માની લેવામાં આવે છે અને કાયમી ઉકેલ શોધવાની દિશામાં કોઈ ગંભીર નિર્ણય લેવામાં આવતો નથી.

મયુર શાહે જણાવ્યું કે, લોકમેળો રાજકોટની પરંપરા અને ઓળખ સાથે જોડાયેલો છે અને તેનો વિરોધ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી. પરંતુ લોકમેળાના નામે શહેરના લાખો નાગરિકોને ટ્રાફિક, પાર્કિંગ, ગંદકી અને અવ્યવસ્થાની સમસ્યામાં ધકેલી દેવી એ યોગ્ય આયોજન કહી શકાય નહીં.

લોકમેળાના દિવસોમાં રેસકોર્સ અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોવાથી રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. સ્થાનિક રહીશો માટે પોતાના ઘર સુધી પહોંચવું મુશ્કેલ બની જાય છે. વેપારીઓ, નોકરીયાતો, વિદ્યાર્થીઓ, દર્દીઓ અને રોજિંદી અવરજવર કરતા નાગરિકોને પણ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે છે.

### પાર્કિંગની વ્યવસ્થા ક્યાં છે?


મયુર શાહે સવાલ કર્યો કે, “જ્યારે હજારો લોકો પોતાના વાહનો લઈને મેળામાં આવવાના હોય ત્યારે તેમના વાહનો પાર્ક કરવા માટે પૂરતી જગ્યા અંગેનું કાયમી આયોજન કેમ કરવામાં આવતું નથી?”

મેળામાં આવતા લોકો રસ્તાની બંને બાજુ વાહનો પાર્ક કરવા મજબૂર બને છે અને તેના કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બને છે. એક તરફ તંત્ર લોકોને મેળામાં આવવા માટે પ્રોત્સાહિત કરે છે અને બીજી તરફ વાહન પાર્કિંગ માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવતી નથી.

આવી પરિસ્થિતિમાં સ્થાનિક રહીશો અને સામાન્ય વાહનચાલકોને જ ભોગવવું પડે છે.

### મેળો પૂરો થાય પછી શહેરને મળે છે કચરાની “ભેટ”!

મયુર શાહે વધુમાં જણાવ્યું કે, લોકમેળો પૂર્ણ થયા બાદ પણ સમસ્યા પૂરી થતી નથી. મેળામાં મોટી સંખ્યામાં લોકો આવતા હોવાથી ખાણીપીણીનો કચરો, પ્લાસ્ટિક, થેલીઓ, પાણીની બોટલો સહિતનો કચરો એકઠો થાય છે.




“લોકમેળો પૂરો થયા બાદ શહેરને શું મળે છે? કચરાના ઢગલા, ગંદકી અને સફાઈ માટે તંત્રની દોડધામ! જો દર વર્ષે આ જ સ્થિતિ સર્જાવાની હોય તો તંત્રે હવે આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે.”

### શહેરની મધ્યમાં મેળો યોજવાનો આગ્રહ શા માટે?

મયુર શાહે તંત્રને સીધો સવાલ કર્યો છે કે, રાજકોટનો વિકાસ સતત શહેરની બહાર થઈ રહ્યો છે, નવા વિસ્તારો વિકસી રહ્યા છે, હાઈવે આસપાસ મોટા પ્રમાણમાં ખુલ્લી જમીન અને વિશાળ જગ્યાઓ ઉપલબ્ધ છે, તો પછી લોકમેળા જેવા વિશાળ જનસમૂહના કાર્યક્રમ માટે શહેરની મધ્યમાં જ જગ્યા પસંદ કરવાનો આગ્રહ શા માટે?

શહેરની બહાર અથવા હાઈવે નજીક યોગ્ય વિશાળ સ્થળ પસંદ કરવામાં આવે તો ત્યાં અલગથી વિશાળ પાર્કિંગ, ટ્રાફિક મેનેજમેન્ટ, પ્રવેશ-બહારના અલગ માર્ગો, જાહેર પરિવહન વ્યવસ્થા, પોલીસ-સુરક્ષા વ્યવસ્થા અને સફાઈ માટે જરૂરી માળખું ઊભું કરી શકાય.

તેના કારણે મેળામાં આવનારા લોકોને પણ વધુ સુવિધા મળશે અને શહેરના સ્થાનિક રહીશોને પણ ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે.

### તંત્ર દર વર્ષે “વ્યવસ્થા કરીશું” કહેવાને બદલે કાયમી નિર્ણય કરે

મયુર શાહે જણાવ્યું કે, દર વર્ષે મેળો આવે ત્યારે તંત્ર દ્વારા ટ્રાફિક અને પાર્કિંગ માટે વિવિધ રસ્તાઓ બંધ કરવા, ડાયવર્ઝન આપવા અને પોલીસનો વધારાનો બંદોબસ્ત કરવાની કામગીરી કરવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે દર વર્ષે આવી કટોકટી જેવી વ્યવસ્થા ઊભી કરવાની જગ્યાએ લાંબા ગાળાનું આયોજન કેમ ન કરવામાં આવે?

“જો કોઈ વ્યવસ્થા દર વર્ષે નવી સમસ્યા ઊભી કરે છે, તો માત્ર વ્યવસ્થા વધારવી એ ઉકેલ નથી. વ્યવસ્થાનું સ્થળ જ બદલવું એ કાયમી ઉકેલ છે.”

### લોકમેળો રહે, પરંતુ રાજકોટની પ્રજા હેરાન ન થાય

મયુર શાહે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે કોંગ્રેસ પક્ષ લોકમેળાની પરંપરાનો વિરોધ કરતો નથી. પરંતુ લોકમેળો જનતાની ખુશી અને મનોરંજન માટે હોવો જોઈએ, જનતાની મુશ્કેલીનું કારણ બનવા માટે નહીં.

લોકમેળામાં હજારો-લાખો લોકો આવે છે ત્યારે શહેરની મુખ્ય ટ્રાફિક વ્યવસ્થા પર તેની અસર પડે છે. એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓને પણ રસ્તો આપવામાં મુશ્કેલી ઊભી ન થાય તે માટે વિશેષ આયોજન જરૂરી છે.

આથી આગામી વર્ષથી લોકમેળાના આયોજન અંગે અત્યારથી જ નવું અને વૈજ્ઞાનિક આયોજન કરવામાં આવે અને શહેરની બહાર હાઈવે નજીક વિશાળ સ્થળની પસંદગી કરવામાં આવે, તેવી માંગ મયુર શાહે કરી છે.

### “હવે નિર્ણય લેવાનો સમય આવી ગયો છે”

મયુર શાહે અંતમાં જણાવ્યું કે, “રાજકોટના લોકો હવે માત્ર જાહેરાતો અને દાવાઓ સાંભળવા માંગતા નથી, પરંતુ કાયમી ઉકેલ ઈચ્છે છે. લોકમેળો રાજકોટની પરંપરા છે, તેને વધુ ભવ્ય રીતે યોજવો હોય તો ભલે યોજો, પરંતુ શહેરના સ્થાનિક રહીશોની શાંતિ અને સુવિધાના ભોગે નહીં.

હવે તંત્રએ આંખ ખોલીને વિચારવું પડશે. લોકમેળાનું યોગ્ય સ્થળાંતર એ કોઈ રાજકીય મુદ્દો નથી, પરંતુ રાજકોટના ભવિષ્ય અને શહેરી આયોજનનો પ્રશ્ન છે. આગામી વર્ષથી લોકમેળો શહેરની મધ્યમાંથી બહાર, હાઈવે આસપાસના યોગ્ય અને વિશાળ સ્થળે ખસેડવામાં આવે તે હવે અનિવાર્ય છે.

મેળાની મજા મેળામાં આવનારા લોકોને મળે અને રાજકોટના સ્થાનિકોને ટ્રાફિક, પાર્કિંગ અને ગંદકીમાંથી મુક્તિ મળે આ જ સાચું આયોજન કહેવાય.”

## દૂરબીન વડે ગોળી કાઢી દર્દીને યાતના મુક્ત કરતા ડો. હિમાંશું ઠક્કર

# મહિલાના ગળામાં ફસાઈ ગોળી, પાણી પણ ન ગળાયું એન્ડોસ્કોપીથી મળી રાહત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના જાણીતા ENT સર્જન ડૉ. હિમાંશુ ઠક્કરે રાજકોટના ૭૦ વર્ષીય શ્રીમતી દેવિકાબેન વ્યાસની અન્નનળીમાં ફસાયેલી આશરે ૧.૫ સેમીની અત્યંત કઠણ આયુર્વેદિક ગોળી સફળતાપૂર્વક દૂર કરી હતી. ગોળી એટલી કઠણ હતી કે તેને તોડી શકાય તેમ નહોતું. ડૉ. ઠક્કરે વિશેષ એન્ડોસ્કોપિક ટેકનિક અને કુશળતાથી ગોળીને તોડ્યા વગર, એક જ ટુકડામાં સફળતાપૂર્વક બહાર કાઢી હતી.

શ્રીમતી દેવિકાબેન વ્યાસ ઘૂંટણ અને સાંધાના દુખાવા માટે આયુર્વેદિક ગોળી લેતા હતા. ગોળી ગળતી વખતે તે અચાનક અન્નનળીના ઉપરના ભાગમાં, ક્રિકોફેરિંજિયસના સ્તરે ફસાઈ ગઈ હતી. ત્યારબાદ તેઓ આખો દિવસ પાણી પણ ગળી શક્યા નહોતા અને ગળામાં ભારે દુખાવો થવા લાગ્યો હતો. સાંજે તેમને સારવાર માટે ડૉ. ઠક્કર્સ ENT એન્ડ ડેન્ટલ સર્જિકલ હોસ્પિટલ, રાજકોટ ખાતે લાવવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન અન્નનળીના ઉપરના ભાગમાં અવરોધ હોવાની શંકા થઈ હતી. દર્દીની તાત્કાલિક જનરલ એનેસ્થેશિયા હેઠળ એન્ડોસ્કોપિક પ્રક્રિયા કરવામાં આવી. ઈસોફેગોસ્કોપ અને વિશેષ ફોર્સેપ્સની મદદથી અત્યંત કઠણ ગોળીને કાળજીપૂર્વક પકડીને તોડ્યા વગર બહાર કાઢવામાં આવી.

ગોળી બહાર નીકળતા જ દર્દીને તાત્કાલિક રાહત મળી હતી. પાણી અને ખોરાક ગળવામાં થતી તકલીફ સંપૂર્ણપણે દૂર થઈ ગઈ હતી. દર્દીને આશરે બે કલાક ઓબ્ઝર્વેશનમાં રાખ્યા બાદ રજા આપવામાં આવી હતી. હાલમાં તેઓ પાણી તથા ખોરાક કોઈપણ તકલીફ વિના લઈ શકે છે.

આ કેસમાં એક મહત્વપૂર્ણ બાબત એ જોવા મળી કે દર્દીની અન્નનળીના ઉપરના ભાગમાં સાંકડાપણું (સ્ટ્રિક્ચર) હતું. આવા સાંકડાપણાને કારણે સામાન્ય કદની ગોળી, વટાણા જેવી વસ્તુ અથવા ખોરાકનો મોટો ટુકડો પણ અન્નનળીમાં ફસાઈ શકે છે.

ડૉ. હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે બાળકો મોઢામાં કોઈ વસ્તુ નાખીને તેને ગળી જાય અથવા શ્વાસનળીમાં ફસાવી દે ત્યારે આપણે ખૂબ સાવચેતી રાખીએ છીએ. પરંતુ વૃદ્ધોમાં પણ આવી ઘટનાઓને ગંભીરતાથી લેવી જરૂરી છે. દાંત ઓછા હોવા, દાંત પડી ગયા હોવા અથવા ચાવવામાં તકલીફ હોવાના કારણે વૃદ્ધોમાં કઠણ ગોળી અથવા ખોરાકનો મોટો ટુકડો અન્નનળીમાં ફસાવાનું જોખમ વધી શકે છે."

જો કોઈ વૃદ્ધ વ્યક્તિને વારંવાર ગોળી કે ખોરાક ગળવામાં તકલીફ થતી હોય, ખોરાક ગળા કે છાતીમાં અટકી જતો હોય અથવા પાણી પણ ગળવામાં તકલીફ થતી હોય તો તેને અવગણવું નહીં અને માત્ર દવાની અસરની રાહ જોવી નહીં. આવા કિસ્સામાં યોગ્ય તબીબી તપાસ જરૂરી છે.

કેટલાક દર્દીઓમાં અન્નનળીના ઉપરના ભાગમાં ક્રિકોફેરિંજિયસ સાંકડાપણું જોવા મળી શકે છે. યોગ્ય ક્લિનિકલ પરિસ્થિતિમાં Plummer-Vinson syndrome, જે આયર્નની ઉણપથી થતી એનિમિયા સાથે સંકળાયેલો છે, તેમાં પણ અન્નનળીના ઉપરના ભાગમાં વેબ અથવા સાંકડાપણું અને ગળવામાં તકલીફ જોવા મળી શકે છે.


આવા દર્દીઓમાં હિમોગ્લોબિન અને આયર્નની તપાસ સહિત જરૂરી રક્ત તપાસ, તેમજ ગળા અને અન્નનળીની યોગ્ય તપાસ દ્વારા મૂળ કારણ શોધવું જરૂરી છે. સમયસર નિદાન અને સારવારથી ગંભીર જટિલતાઓને ટાળી શકાય છે.

ડૉ. ઠક્કરે વધુમાં જણાવ્યું કે ગળેલી વસ્તુ ક્યારેક અન્નનળીના બદલે **શ્વાસનળી (વિન્ડપાઇપ)**માં પણ જઈ શકે છે. શ્વાસનળીમાં ફસાયેલી વસ્તુથી શ્વાસ લેવામાં ગંભીર અવરોધ થઈ શકે છે અને કેટલાક કિસ્સામાં તે જીવલેણ પણ બની શકે છે.

તેથી બાળકોની જેમ વૃદ્ધોએ પણ ગોળીઓ, કઠણ ખોરાક અને મોટા ટુકડા ગળતી વખતે વિશેષ સાવચેતી રાખવી જોઈએ. દાંત ઓછા હોય અથવા ચાવવામાં તકલીફ હોય તેવા વૃદ્ધોએ નરમ ખોરાક નાના ટુકડામાં લઈ, સારી રીતે ચાવીને અને ધીમે ખાવું જોઈએ.

વારંવાર ગળવામાં તકલીફ થતી હોય તો સમયસર ENT નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.

જનજાગૃતિ સંદેશ...જો ગોળી કે ખોરાક ગળામાં ફસાઈ જાય અને પાણી પણ નીચે ન ઉતરે, તો તેને અવગણશો નહીં. ઘરગથ્થુ ઉપાયો કરવામાં સમય બગાડશો નહીં તાત્કાલિક તબીબી સારવાર લો.






**ગોળીને તોડ્યા વગર એક જ ટૂકડામાં દૂર કરી**

# રાજકોટમાં પર્વ પર્યુષણ નિમિત્તે 8 દિવસ કતલખાના બંધ રહેશે: મનપા તંત્ર દ્વારા જાહેરનામું બહાર પડાયું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

## માંસ, મટન, મચ્છી અને ચિકનના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ; નિયમભંગ કરનાર સામે જી.પી.એમ.સી. એક્ટ હેઠળ કડક કાર્યવાહી

જૈન સમાજના પવિત્ર અને આસ્થાના મહાપર્વ પર્યુષણ પર્વને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ અને સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. જૈન ધર્મમાં અહિંસા અને જીવદયાનું વિશેષ મહત્વ હોવાથી મનપા કમિશનર દ્વારા આગામી ૮ સપ્ટેમ્બરથી લઈને ૧૬ સપ્ટેમ્બર સુધી શહેરભરના તમામ કતલખાનાઓ બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ અંગે આરોગ્ય શાખા દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડી સમગ્ર શહેરમાં તેની ચુસ્ત અમલવારી કરવા સૂચના આપવામાં આવી છે.મહાનગરપાલિકાના જાહેરનામા અનુસાર, આ નિર્ધારિત દિવસો દરમિયાન માત્ર કતલખાના જ નહીં પરંતુ શહેરના સમગ્ર વિસ્તારમાં ખુલ્લા કે બંધ સ્થળોએ માંસ, મટન, મચ્છી અને ચિકનનું વેચાણ કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. પવિત્ર તહેવાર દરમિયાન ધાર્મિક લાગણી જળવાઈ રહે અને જીવહિંસા અટકે તે હેતુથી આ સમગ્ર સમયગાળા દરમિયાન માંસાહારી ખાદ્યસામગ્રીના વેચાણ પર મનાઈ રહેશે.આ જાહેરનામાનો ભંગ કરનારા વેપારીઓ કે સંચાલકો સામે પાલિકા તંત્ર કડક હાથે કામ લેશે. મનપા કમિશનર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે સંબંધિત તમામે આ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો કોઈ આ જાહેરનામાનું ઉલ્લંઘન કરશે તો તેની સામે ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ મુજબ કાયદેસરની ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




# ઓગસ્ટમાં RPFએ 28 મુસાફરોનો ગુમ થયેલો સામાન સુરક્ષિત રીતે પરત કર્યો

## 2.59 લાખનો સામાન સોંપ્યો; 6 લોકોને પરિજનો સાથે મેળવ્યા, ચેઈન પુલિંગમાં 18 આરોપી પકડાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા ઓગસ્ટ દરમિયાન સુરક્ષા, મુસાફર સેવા અને જનજાગૃતિના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. “સેવા હી સંકલ્પ” અંતર્ગત ૧ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન વિવિધ ઓપરેશન હેઠળ મુસાફરોને મદદ કરવાની સાથે રેલવે સંપત્તિની સુરક્ષા અને રેલ વ્યવહારને અસર કરતી પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

મુસાફરી દરમિયાન ટ્રેન કે સ્ટેશન પર છૂટી ગયેલા સામાનને પરત અપાવવા માટે ચલાવવામાં આવતા “ઓપરેશન અમાનત” હેઠળ RPFએ કુલ ૨૮ મુસાફરોનો ૨,૫૯,૨૧૫ની કિંમતનો સામાન રિકવર કરીને સંબંધિત મુસાફરોને પરત સોંપ્યો હતો.

૬ વિખૂટા પડેલા લોકોને પરિજનો સાથે મેળવ્યાઃ “ઓપરેશન નાન્હે ફિરશ્તે” હેઠળ ૧ બાળકને સુરક્ષિત રીતે તેના પરિજનોને સોંપવામાં આવ્યું હતું. જ્યારે “ઓપરેશન ડિગ્નિટિ” અંતર્ગત પોતાના પરિજનોનાથી વિખૂટા પડેલા ૫ લોકોને તેમના પરિવારજનો સાથે મેળવવામાં આવ્યા હતા.

ટ્રેનોના સમયબદ્ધ સંચાલનમાં વિક્ષેપ ઊભો કરતી અનાધિકૃત ચેઈન પુલિંગ સામે “ઓપરેશન સમય પાલન” હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. ઓગસ્ટ દરમિયાન ચેઈન પુલિંગના ૨૮ કેસ નોંધાયા હતા, જેમાં ૧૮ આરોપીઓની અટકાયત કરી રેલવે એક્ટ હેઠળ કાયદાકીય કાર્યવાહી કરાઈ હતી. રેલવે સંપત્તિની ચોરીમાં ૨ આરોપી ઝડપાયાઃ “ઓપરેશન રેલ સુરક્ષા” હેઠળ રેલવે સંપત્તિ ચોરીના ૧ કેસમાં ૨ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. બંને સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી.

### જનજાગૃતિ અભિયાનમાં વિવિધ મુદ્દે સમજણ

“ઓપરેશન જનજાગરણ” અંતર્ગત RPF પોસ્ટ અને ચોકીઓ દ્વારા બેનર, પોસ્ટર અને PA સિસ્ટમના માધ્યમથી મુસાફરો તથા લોકોને રેલવે લાઇન ન ઓળંગવા, ચાલુ ટ્રેન પર પથ્થરમારો ન કરવા, નશાથી દૂર રહેવા, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી સહિતના મુદ્દે જાગૃત કરવામાં આવ્યા હતા. ગામના સરપંચો તથા આગેવાનો સાથે બેઠકો યોજી રેલવે સુરક્ષા અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. રાજકોટ ડિવિઝનના DRM ગિરીરાજ કુમાર મીનાએ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવી RPFની સુરક્ષા, મુસાફર સહાય અને જનજાગૃતિની કામગીરીને સરાહનીય ગણાવી હતી. સુરક્ષિત અને સુગમ રેલ મુસાફરી માટે આવા પ્રયાસો સતત ચાલુ રાખવાની વાત તેમણે કરી હતી.

# જન્માષ્ટમી શોભાયાત્રાનું મુસ્લિમ સમાજે પુષ્પવર્ષાથી સ્વાગત કર્યું

## સદર બજારમાં ઢોલ-નગારાના તાલે સ્વાગત; કોમી એકતા અને ભાઈચારાનો સંદેશ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં જન્માષ્ટમી નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યોજાયેલી શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય શોભાયાત્રાનું સદર બજાર વિસ્તારમાં મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઢોલ-નગારાના તાલ સાથે શોભાયાત્રા પર પુષ્પવર્ષા કરી કોમી એકતા, ભાઈચારો અને સર્વધર્મ સમભાવનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સદર બજારમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રાના સ્વાગતની પરંપરા કોમી એકતાના હિમાયતી મરહુમ ગનીબાપુ કાળાભાઈ કટારિયાએ શરૂ કરી હતી. છેલ્લા અનેક વર્ષોથી તેમના પરિવારજનો અને મુસ્લિમ સમાજના આગેવાનો આ પરંપરાને જાળવી રહ્યા છે.



સદર તાજિયા કમિટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારિયાના માર્ગદર્શન હેઠળ નરેશભાઈ દેવીપૂજક, આસીફભાઈ ખોખર, સોયબભાઈ સોદાગર, હનીફભાઈ જુનાગઢી, આબિદભાઈ શેખ, હનીફભાઈ માંડરીયા, યુનુસભાઈ કટારિયા, યુસુફભાઈ ગનીબાપુ કટારિયા, હનીફભાઈ ગનીબાપુ કટારિયા, રફીકભાઈ ગનીબાપુ કટારિયા, શકીલભાઈ હબીબભાઈ કટારિયા અને સુફીયાનભાઈ યુસુફભાઈ કટારિયા સહિતના આગેવાનોએ શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ નાગદાનભાઈ ચાવડા, કારડિયા રજપૂત સમાજના અરુણભાઈ પરમાર, રાધેશ્યામ ગૌશાળાના રાધેશ્યામ બાપુ, જયંતિભાઈ તેરૈયા તેમજ સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોને પુષ્પહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હબીબભાઈ ગનીબાપુ કટારિયાએ જણાવ્યું હતું કે ધાર્મિક તહેવારો સમાજને એકબીજા સાથે જોડવાનું કાર્ય કરે છે. રાજકોટની ગંગા-જમની તહેઝીબ, પરસ્પર પ્રેમ અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવતી આ પરંપરા આગામી સમયમાં પણ જળવાઈ રહેશે.

### આજનો દિવસ આખા વર્ષ નો શ્રેષ્ઠ દિવસ છે

# સૂર્ય અને ચંદ્ર સ્વરાશિમાં અને પુષ્ય નક્ષત્રનો યોગ આજે થાય છે : સદગુરૂદેવ પારસમુનિ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ સંપ્રદાયના મહામંત્ર પ્રભાવક પૂજ્ય ગુરુદેવ જગદીશમુનિ મહારાજ સાહેબના સુશિષ્ય સદગુરુદેવ પારસમુનિ મહારાજ સાહેબે જણાવ્યું છે કે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ દરમિયાન આજે સૂર્ય અને ચંદ્ર પોતાની સ્વરાશિમાં એકસાથે બિરાજમાન છે. સૂર્ય સિંહ રાશિમાં છે, જ્યારે ૮ સપ્ટેમ્બરે ચંદ્ર કર્ક રાશિમાં હોવાથી જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ આ સંયોગને વિશેષ ગણાવવામાં આવ્યો છે.સદગુરુદેવના જણાવ્યા મુજબ, સૂર્ય અને ચંદ્ર પોતાની સ્વરાશિમાં એકસાથે હોય ત્યારે સકારાત્મક ઊર્જાનો સંયોગ સર્જાતો હોવાનું જ્યોતિષમાં માનવામાં આવે છે. સાથે આજે મંગળવારે પુષ્ય નક્ષત્ર હોવાથી 'મંગળ પુષ્ય અમૃત યોગ' પણ બની રહ્યો છે. પુષ્ય નક્ષત્રને જ્યોતિષશાસ્ત્રમાં શુભ નક્ષત્રોમાંનું એક માનવામાં આવે છે.



આ દિવસે માતા-પિતાના આશીર્વાદ લેવા, પરિવારજનોને પ્રેમ આપવો, ગોળનું સેવન અને દાન કરવું તથા સફેદ વસ્તુઓનું દાન કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. અન્યને ભોજન કરાવવું, કોઈની નિંદા ન કરવી અને દોષ જોવાને બદલે ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાની પણ સલાહ આપવામાં આવી છે.

જ્યોતિષીય માન્યતા મુજબ 'મંગળ પુષ્ય અમૃત યોગ' દરમિયાન જમીન, મકાન કે પ્રોપર્ટીની ખરીદી, સોના-ચાંદી તથા ઈલેક્ટ્રોનિક વસ્તુઓની ખરીદી શુભ માનવામાં આવે છે. નવા વ્યવસાયની શરૂઆત, કરજ ચૂકવવાની શરૂઆત તથા મંગળ દોષના નિવારણ માટે જપ-તપ અને દાન કરવાનું પણ લાભદાયક ગણાવવામાં આવે છે.

મંગળવાર હનુમાનજીને સમર્પિત હોવાથી આ દિવસે હનુમાનજીની આરાધના કરવાથી વિશેષ પુણ્ય પ્રાપ્ત થતું હોવાની જ્યોતિષીય માન્યતા પણ છે. સદગુરુદેવ પારસમુનિએ સકારાત્મક વિચારો અને સારા કર્મો સાથે દિવસનો લાભ લેવા જણાવ્યું છે.

# રાજ્યમાં વરસાદના વરતારા સામે વિજ્ઞાન જાથા ઉઠમણું-બેસણું કરશે

## વરતારા બેબુનિયાદ સાબિત થયાનો દાવો; ખેડૂતોને વરતારા પર ભરોસો ન કરવા અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારત જન વિજ્ઞાન જાથાએ વરસાદના વરતારા કરનારા સામે વિરોધ નોંધાવતાં આગામી દિવસોમાં 'વરતારાનું ઉઠમણું-બેસણું' કાર્યક્રમ યોજવાની જાહેરાત કરી છે. જાથાના જણાવ્યા મુજબ અત્યાર સુધી કરવામાં આવેલા વરસાદના અનેક વરતારા ખોટા સાબિત થયા છે અને આવા અનુમાનો પર ભરોસો રાખવાથી ખેડૂતોને નુકશાન થઈ શકે છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું હતું કે અગાઉ હવામાન અંગે આધુનિક સાધનો, રડાર અને સેટેલાઇટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાથી પરંપરાગત વરતારા માહિતીના સ્ત્રોત તરીકે ઉપયોગમાં લેવાતા હતા. આજે હવામાન વિભાગ પાસે રડાર, સેટેલાઇટ અને અન્ય આધુનિક સાધનો ઉપલબ્ધ હોવા છતાં વ્યક્તિગત અનુમાનના આધારે વરસાદની તારીખ અને વિસ્તાર જાહેર કરવા યોગ્ય નથી.

જાથાના જણાવ્યા મુજબ, જુનાગઢમાં યોજાયેલા વર્ષા પરિસંવાદ સહિત વિવિધ સ્થળોએ કરવામાં આવેલા વરસાદ, વાવણી અને તારીખ આધારિત અનુમાનો નિષ્ફળ ગયા છે. આથી વરતારા કરનારા ખેડૂતોની માફી માગે અને આવા વરતારા કાયમી બંધ કરે તેવી માંગ સાથે જાથાએ ૭ દિવસની મહેતલ આપી છે.

જાથા આગામી દિવસોમાં વરતારાની 'ખાંભી' ઊભી કરી તેની સામે છાજીયા લઈ પ્રતીકાત્મક કાર્યક્રમ યોજશે. સાથે જ સરકારને વરતારા કરનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવા અને વરતારા પર ભરોસો રાખીને વાવણી કરી નુકશાન ભોગવનારા ખેડૂતોને સહાય આપવા રજૂઆત કરવામાં



આવી હોવાનું જણાવાયું છે.

જયંત પંડયાએ ખેડૂતોને હવામાન વિભાગ અને વૈજ્ઞાનિક સાધનો આધારિત માહિતી પર વિશ્વાસ રાખવાની અપીલ કરી છે. તેમના જણાવ્યા મુજબ, ઋતુચક્રમાં થઈ રહેલા ફેરફારોને કારણે જૂની પદ્ધતિના વરસાદી વરતારા આજના સમયમાં અપ્રસ્તુત બની રહ્યા છે.

જાથાએ મુખ્યમંત્રી, કૃષિમંત્રી, સચિવ સહિત સંબંધિત વિભાગોને આવેદનપત્ર પાઠવી વરસાદના વરતારા સામે કાયદાકીય પગલાં ભરવા રજૂઆત કરી છે. વરતારાના આધારે વાવણી કરી નુકશાન ભોગવનારા ખેડૂતો પુરાવા સાથે જાથાનો સંપર્ક કરે તો જરૂરી કાનૂની કાર્યવાહી માટે મદદ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

જાથાના જણાવ્યા મુજબ, રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની ભારે અછત છે અને દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આવી સ્થિતિમાં ખેડૂતો વૈજ્ઞાનિક અભિગમ અપનાવી ખેતી સંબંધિત નિર્ણયો લે અને વરતારા કરનારા પર અંધવિશ્વાસ ન રાખે તેવી અપીલ કરવામાં આવી છે.

વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ અને ૯૪૨૬૯ ૮૦૯૫૫ તથા ઈ-મેઈલ bjvjoffice@gmail.com પર સંપર્ક કરવા જણાવાયું છે.

# રુડાનગર સ્થાનકવાસી જૈન સંઘમાં પ્રથમવાર પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મૌન સાધક સદગુરુદેવ પૂજ્ય પારસમુનિજી મહારાજ સાહેબની પ્રેરણાથી રુડાનગર સ્થાનકવાસી જૈન સંઘના આંગણે આ વર્ષે પ્રથમવાર પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ભક્તિભાવપૂર્વક અને ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે. ૮થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા આ પાવન મહાપર્વમાં ધર્મ આરાધના, આત્મશુદ્ધિ અને આધ્યાત્મિક જાગૃતિને પ્રોત્સાહન આપતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

**૮થી ૧૫ સપ્ટેમ્બર સુધી ધર્મ આરાધના, જપ-તપ અને ભાવસભર પ્રવચનમાળાનું આયોજન**

આ ધર્મોત્સવમાં ગોંડલ સંપ્રદાયના તપ સમ્રાટ પૂજ્ય રતિલાલજી મહારાજ સાહેબ, ધ્યાન સાધક પૂજ્ય હસમુખમુનિજી મહારાજ સાહેબ તેમજ પૂજ્ય અંજિતાબાઈ મહાસતીજી અને પૂજ્ય સંજીતાબાઈ મહાસતીજી (થાણા-૨)નું પાવન સાનિધ્ય પ્રાપ્ત થશે.પર્યુષણ મહાપર્વ દરમિયાન દરરોજ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, સામૂહિક સામાયિક, પ્રતિક્રમણ, જપ-તપ, આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠિ અને ભાવસભર પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજના પ્રતિક્રમણમાં જોડાનાર તમામ ભાવિકો માટે સંઘ તરફથી ચૌવિહારની વિશેષ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.રુડાનગર જૈન સંઘના પ્રમુખ મયુર શાહ, કારોબારી સમિતિ અને ટ્રસ્ટી મંડળે તમામ શ્રાવક-શ્રાવિકાઓને પરિવાર સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મ આરાધનાનો લાભ લેવા અને પર્યુષણ મહાપર્વને સફળ બનાવવા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# સરગમ ક્લબના જયપુર ફૂટ કેમ્પમાં 56 દિવ્યાંગોએ વિનામૂલ્યે લાભ લીધો

## ત્રણ દિવસીય કેમ્પમાં 21 કેલિપર્સ, 19 કૃત્રિમ પગ અને 16 સાધનોનું રિપેરિંગ કરાયું





**સિટી ન્યૂઝ@રાજકોટ**

સામાજિક, સાંસ્કૃતિક અને તબીબી ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી સરગમ ક્લબ તથા માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉંના સંયુક્ત ઉપક્રમે ૧થી ૩ સપ્ટેમ્બર દરમિયાન દિવ્યાંગો માટે ત્રણ દિવસીય જયપુર ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કમાણી ફાઉન્ડેશનના સહયોગથી યોજાયેલા આ સેવાકીય કેમ્પમાં કુલ ૫૬ દર્દીઓએ વિનામૂલ્યે લાભ લીધો હતો.

કેમ્પ દરમિયાન ૨૧ દર્દીઓને કેલિપર્સ, ૧૯ દર્દીઓને કૃત્રિમ પગ તથા ૧૬ દર્દીઓના સાધનોનું રિપેરિંગ કરી આપવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ દિવ્યાંગોને તેમની જરૂરિયાત મુજબ કૃત્રિમ પગ બેસાડવા સહિતની વિવિધ સેવાઓ સંપૂર્ણપણે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. કેમ્પમાં આવેલા તમામ દર્દીઓ અને તેમના પરિવારજનો માટે ચા-પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.


રાજસ્થાનથી આવેલા નિષ્ણાત તબીબો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા અને તુફાનસિંહ તોમર સહિતની ટીમે દર્દીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સારવાર આપી હતી. કેમ્પ દરમિયાન દર્દીઓના માપ, સાધનોની જરૂરિયાત અને રિપેરિંગ સંબંધિત કામગીરી પણ નિષ્ણાતોની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉંના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પની સફળતા માટે કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તેમજ સરગમ ક્લબના કમિટી સભ્યો અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, કૈલાશબા વાળા, અલ્કાબેન કામદાર, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, દિવ્યબેન ઉમરાણીયા, મિતલબેન ચગ, મધુરીકાબેન જાડેજા, સુધાબેન દોશી, હર્ષાબેન કથ્રેચા અને નિશાબેન વડગામા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.સરગમ ક્લબ દ્વારા આગામી જયપુર ફૂટ કેમ્પનું આયોજન ૧ ઓક્ટોબરથી સતત ત્રણ દિવસ માટે કરવામાં આવશે. જરૂરિયાતમંદ દિવ્યાંગોને આ કેમ્પનો લાભ લેવા માટે સંસ્થાએ અપીલ કરી છે.

# ઈવનિંગ પોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા.૦૯/૦૯/૨૬ ને બુધવાર નાં રોજ ૫:30 કલાકે ”મેલોડી કલર્સ” દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે, તેમજ તા. ૧૧/૦૯/૨૬ શુક્રવાર નાં રોજ ૫:30 કલાકે “એ. રફી. મ્યૂઝિકલ ઈવેન્ટ ગ્રુપ” દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૨/૦૯/૨૬ શનિવાર નાં રોજ ૫:30 કલાકે “મહાદેવ સોશિયલ ગ્રુપ” દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૧૩/૦૯/૨૬ રવિવાર નાં રોજ ૫:30 કલાકે “ચારાના મ્યૂઝિકલ ગ્રુપ” દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, મનસુરઅલી ત્રિવેદી, અફઝલ આર. મકવાણા, બિપિનભાઈ ઠાકર તેમજ દિનેશભાઈ ધમલ વગેર જહેમત ઉઠાવી રહ્યા છે.



# પાલીતાણામાં આત્મસ્પર્શી ચાતુર્માસ ઉત્સવનું આયોજન

**સિટી ન્યૂઝ@ગોતમ ગોસ્વામી-પાલીતાણા**

પાલીતાણાની પવિત્ર ભૂમિ પર આત્મસ્પર્શી ચાતુર્માસ ઉત્સવનું અત્યંત ભક્તિભાવ, ધાર્મિક માહોલ અને ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ચાતુર્માસ દરમિયાન ધાર્મિક આરાધના સાધના અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

આ ચાતુર્માસ મા પૂજ્ય પંન્યાસ પ્રવર નીતિરત્ન વિજયજી મહારાજ સાહેબ પૂજ્ય મુનિ ભવ્યરત્ન વિજયજી મહારાજ સાહેબ, કુલદીપક પૂજ્ય મુનિ ક્ષેમગુણરત્ન વિજયજી મહારાજ સાહેબ સહિત અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં સંપન્ન થયો હતો ચાતુર્માસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં આરાધકોનું સન્માન અને બહુમાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, સંઘ વધામણા તથા ગુરુ વધામણાના સુંદર કાર્યક્રમો યોજાતા સમગ્ર વાતાવરણ ભક્તિ અને આનંદથી ગુંજી ઉઠ્યું હતું ચાતુર્માસના લાભાર્થી પરિવાર સંઘવી મૂલચંદજી ભૂતાજી ગોલગૌત્ર પરિવાર દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. પરિવાર દ્વારા કરવામાં આવેલા આ ભવ્ય ધાર્મિક આયોજનને સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓએ બિરદાવ્યું હતું ચાતુર્માસના સમાપન પ્રસંગે ઉપસ્થિત ભાવિકોએ ધાર્મિક ભાવના સાથે સાધુ-સાધ્વીજી ભગવંતોના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

# રાજકોટમાં 2025ના નવનિયુક્ત નોટરીઓનું સન્માન કરાશે

## નોટરી એસોસિયેશનની બેઠકમાં નિર્ણય; 25 સપ્ટેમ્બરે સાંજે 7 કલાકે કાર્યક્રમ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર નોટરી એસોસિયેશનની બેઠક ૧ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, ઉપપ્રમુખ યોગેશ સુદાણી અને મંત્રી હસમુખ જોશીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન કેન્દ્ર તથા ગુજરાત સરકાર દ્વારા નોટરી તરીકે નિયુક્ત થયેલા તમામ નોટરીઓનું સન્માન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.



બેઠકમાં બાર કાઉન્સિલના સભ્યો દિલીપ પટેલ, રમેશ ભંડેરી, કમલેશ તન્ના, વિજય દવે, મનીષ ચૌહાણ, ધીરૂભા પરમાર, આર.ડી. દવે, જયેશ જાની અને અશોક ત્રાંબડીયા સહિત ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત નોટરીઓને શિલ્ડ અર્પણ કરી એસોસિયેશનના પદાધિકારીઓ, હોદ્દેદારો તેમજ રાજ્યના ધારાસભ્યો અને સંસદ સભ્યોના હસ્તે સન્માન કરવાનો નિર્ણય લેવાયો છે.

આ ભવ્ય સન્માન સમારોહ ૨૫ સપ્ટેમ્બરના રોજ સાંજે ૭ કલાકે યોજાશે. સન્માન માટે નક્કી થયેલા નોટરીઓએ પોતાનું નોટરી સર્ટિફિકેટ રાજકોટ બાર એસોસિયેશનના તુષારભાઈને આપી નામ નોંધાવવાનું રહેશે. સન્માનિત નોટરીઓને એક લિંક મોકલવામાં આવશે, જેના માધ્યમથી તેઓ ફોટો અને જરૂરી વિગતો અપલોડ કરી શકશે.

બેઠકમાં પૂર્વ પ્રમુખો બીપીન ગાંધી, જયંત ગાંગાણી, ભરત આહયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રમેશ કથીરિયા અને હિતેશ દવે સહિતનાઓએ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ સૂચનો આપ્યા હતા.

# રાજકોટના 4 ખેલાડીઓએ નેશનલ ફૂટબોલમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું

## ડો.બી.સી.રોય ટ્રોફીમાં ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરી સારો દેખાવ કર્યો


**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા આયોજિત જૂનિયર બોયઝ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ, ડો. બી.સી. રોય ટ્રોફી ૨૦૨૬-૨૭ ટાયર-૨ની મેચો ૨૫ ઓગસ્ટથી ૫ સપ્ટેમ્બર દરમિયાન નારાયણપુર, છત્તીસગઢ ખાતે રમાઈ હતી. આ ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમે પણ ભાગ લીધો હતો.

ગુજરાતની ટીમની પસંદગી ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટના આધારે કરવામાં આવી હતી. જેમાં રાજકોટના ૫ ખેલાડીઓ પ્રથમ ૩૦ ખેલાડીઓમાં પસંદ થયા હતા. ત્યારબાદ ફાઈનલ ૨૦ ખેલાડીઓની ટીમમાં રાજકોટના ૪ ખેલાડીઓએ સ્થાન મેળવી ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

રાજકોટના રાજન રૈયાણી, અમન રૂદાતલા, પ્રશાન્ન ધોળકિયા અને અનિકેત ગુપ્તાએ ચેમ્પિયનશિપમાં ગુજરાત તરફથી રમી સારો દેખાવ કર્યો હતો. રાજકોટના ૪ ખેલાડીઓની રાજ્યની ટીમમાં પસંદગી થતાં જિલ્લા ફૂટબોલ ક્ષેત્રે ગૌરવની લાગણી ફેલાઈ છે.

ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાલા સહિતના હોદ્દેદારોએ ચારેય ખેલાડીઓને અભિનંદન પાઠવી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી છે.



# અમરેલીના શિક્ષક કેવલ મહેતાની શિક્ષણયાત્રા આફ્રિકા સુધી પહોંચી

## શિક્ષાસ્ટોરીઝથી ગ્રામ્ય વિદ્યાર્થીઓની પ્રતિભા લાખો લોકો સુધી પહોંચાડી; યુગાન્ડાની શાળાઓમાં શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ

**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલીના શિક્ષક કેવલભાઈ મહેતા છેલ્લા ૧૧ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે નવતર પહેલો સાથે જોડાયેલા છે. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક અભિગમ અને ગ્રામ્ય પ્રતિભાને યોગ્ય મંચ મળે તેવા પ્રયાસો તેમની શિક્ષણયાત્રાનો આધાર રહ્યા છે. અમરેલીથી શરૂ થયેલી તેમની યાત્રા હવે આફ્રિકાની શાળાઓ સુધી પહોંચી છે.

ગામડાંની સરકારી શાળાઓમાં મર્યાદિત સંસાધનો વચ્ચે વિદ્યાર્થીઓ દ્વારા થતા નવતર પ્રયોગો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓને ઓળખ મળે તે માટે કેવલ મહેતાએ શિક્ષાસ્ટોરીઝ નામનું ડિજિટલ માધ્યમ શરૂ કર્યું છે. ઈન્સ્ટાગ્રામ પર વીડિયો અને રિલ્સ દ્વારા ગ્રામ્ય શિક્ષણ ક્ષેત્રે થઈ રહેલા પ્રયોગો, વિદ્યાર્થીઓની સિદ્ધિઓ, જીવનસંઘર્ષ અને પ્રેરણાદાયી કહાનીઓ લાખો લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

દ્વિચક્રી વાહનચાલકોની સલામતી માટે વિદ્યાર્થીએ તૈયાર કરેલા નવતર હેલ્મેટના વિચારથી લઈને ઝૂંપડપટ્ટીમાં રહેતી દીકરીના વિમાન ઉડાડવાના સ્વપ્ન સુધીની અનેક કહાનીઓ શિક્ષાસ્ટોરીઝમાં રજૂ થઈ છે. આ પહેલથી ગ્રામ્ય વિદ્યાર્થીઓની પ્રતિભાને નવી ઓળખ મળી રહી છે.

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના વિચારો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા કેવલ મહેતા સતત કાર્યરત છે. છેલ્લા ૧૨ વર્ષથી વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મક વિચારસરણી અને રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.તાજેતરમાં કેવલ મહેતાએ યુગાન્ડાની શાળાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત લઈ ત્યાંની શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કર્યો હતો. સ્થાનિક શૈક્ષણિક પરિસ્થિતિ, વિદ્યાર્થીઓના પડકારો અને નવી પહેલોને સમજવાની સાથે વિવિધ સંવાદ અને પરિસંવાદોમાં ભારતની શિક્ષણ પદ્ધતિ, શિક્ષકોના પ્રયોગો અને વિદ્યાર્થીઓની સર્જનાત્મક પ્રવૃત્તિઓ અંગે આદાન-પ્રદાન કર્યું હતું.મહેતા ગ્રુપની શતાબ્દી ઉજવણી નિમિત્તે વિશ્વ પર્યાવરણ દિવસ પર સ્થાનિક શાળાના ૧૦૦ બાળકો સાથે ૧૦૦ સંકલ્પો લેવડાવવામાં આવ્યા હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે જોડાયેલા બાળકો માટે વિચારસ્પર્ધા યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ આસપાસની સમસ્યાઓના નવા ઉકેલો રજૂ કર્યા હતા.

વિદ્યાર્થીની પ્રતિભાને ઓળખી યોગ્ય મંચ આપવાના અભિગમ સાથે શિક્ષાસ્ટોરીઝ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રેરણાદાયી પ્રયોગો સમાજ સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે. અમરેલીથી શરૂ થયેલી આ શિક્ષણયાત્રા હવે આફ્રિકાની શાળાઓ સુધી પહોંચીને સ્થાનિક અનુભવને વૈશ્વિક દૃષ્ટિ સાથે જોડતી પહેલ બની છે.

# રઘુવંશી સમાજની દીકરી સ્વ.ધ્રુવી કોટેચા સાથે અન્યાય કરનાર લોકોને માં મોગલ જરૂર દંડ દેશે : પૂ.મણીધર બાપુ

## સ્વ.ધ્રુવી કોટેચા પરિવારને માં મોગલ ધામ કબરાવ કચ્છ ચારણઋષિ પૂ.બાપુએ રૂડા આશીર્વાદ પાઠવ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**






રાજકોટમાં થોડા સમય પહેલા એક બેદરકાર વાહનચાલકની બેદરકારીને લીધે રઘુવંશી લોહાણા સમાજની ૧૪ વર્ષની માસૂમ દીકરી ધ્રુવી કોટેચા એ જીવ ગુમાવ્યો હતો તેમજ આ અકસ્માતમાં ધ્રુવીના માતા દર્શનાબેન ને પણ ખુબજ ગંભીર ઈજા થયેલ હતી.રાજકોટના આ ખુબજ ચર્ચિત બનાવમાં સમસ્ત હિન્દુ સમાજ આ દુખદ ઘટનામાં કોટેચા પરિવારની વારે આવી અને સ્વ.ધ્રુવી કોટેચાને શ્રધાંજલિ પાઠવવા પ્રાર્થના સભા યોજેલ હતી જેમાં માં મોગલ ધામ કબરાવ કચ્છ ચારણઋષિ પૂ.મણીધર બાપુએ રઘુવંશી સમાજની લાડકી દીકરી સ્વ.ધ્રુવીને લાઈવ વીડિયો કોલથી શ્રદ્ધાંજલિ પાઠવી અને સ્વ.ધ્રુવીની સદગત આત્માને મોગલ માં ના ચરણો માં વાસ મળે તેવી પ્રાર્થના કરી હતી.હાલમાં સ્વ.ધ્રુવીના માતા દર્શનાબેનની તબિયતમાં સુધારો આવતા કોટેચા પરિવાર જન્માષ્ટમીના પાવન અવસરે ગેલમોગલ શક્તિપીઠના મહંત અને જય શ્રી ગોપાલ ટ્રસ્ટ ના પ્રમુખ વિજયબાપુ સાથે માં મોગલ ને શીશ જુકાવવા અને ચારણઋષિ પૂ.મણીધર બાપુને વંદન કરવા કબરાવ કચ્છ દર્શને ગયેલ હતો.આ તકે પૂ.મણીધર બાપુએ સ્વ.ધ્રુવીના માતા દર્શનાબેન અને કોટેચા પરિવારને રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે "સ્વ.ધ્રુવી સાથે અન્યાય કરનાર લોકોને માં મોગલ જરૂર દેશે આ અને માં મોગલ ધ્રુવી ને ન્યાય જરૂર અપાવશે".ચારણ ઋષિ પૂ.બાપુએ વિજયબાપુ દ્વારા બાળકો, ગરીબ ગુરબાઓ, સાધુ સંતો માટે ભોજન મહાપ્રસાદ અન્નક્ષેત્ર સેવા અને ગૌ સેવાને બિરદાવી હતી તેમજ વિજયબાપુ દ્વારા થતા વ્યસનમુક્તિ ના આયોજન, સનાતન ધર્મ અને હિન્દુત્વના કાર્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

કબરાવ કચ્છ માં મોગલ ધામ પૂ.ચારણ ઋષિ બાપુના દર્શનાર્થે સ્વ.ધ્રુવી ના પિતા દેવાંગભાઈ અને તેમના પત્ની દર્શનાબેન, ધ્રુવી ના કાકા મીથીલેશભાઈ અને તેમના પત્ની તથા સમગ્ર કોટેચા પરિવાર સાથે ગેલમોગલ માંના ઉપાસક વિજયબાપુ ઉપસ્થિત રહ્યા હતા.

તસ્વીરમાં વિજયબાપુ અને સ્વ.ધ્રુવી કોટેચાના માતા દર્શનાબેનને આશીર્વાદ પાઠવતા પૂ.ચારણ ઋષિ મણીધર બાપુ નજરે પડે છે.

# રાજકોટના PSI જનકસિંહ રાણાનું PI તરીકે પ્રમોશનઃ ગૌરવભેર યોજાઈ પાયપિંગ સેરેમની





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દળમાં આજનો દિવસ એક ગૌરવપૂર્ણ અને યાદગાર ક્ષણ બની રહ્યો. અત્યાર સુધી રાજકોટ શહેરમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા શ્રી જનકસિંહ રાણાને પોલીસ ઈન્સ્પેક્ટર (PI) તરીકે બઢતી મળતાં આજરોજ તેમની 'પાયપિંગ સેરેમની' અત્યંત હર્ષોલ્લાસ સાથે યોજવામાં આવી હતી. આ સન્માનજનક સમારંભમાં સિનિયર અધિકારીઓ અને પરિવારજનોની ઉપસ્થિતિમાં તેમના ખભા પર નવા રેન્કના

### રાજ્યના 13 પોલીસ અધિકારીઓની બઢતીના ભાગરૂપે જનકસિંહ રાણાને મળી નવી જવાબદારી, હવે કચ્છ પૂર્વ-ગાંધીધામ ખાતે બજાવશે ફરજ

સ્ટાર લગાવવામાં આવ્યા હતા, જે તેમની વર્ષોની મહેનત, અદમ્ય સાહસ અને ખાખી વર્દી પ્રત્યેની તેમની અતુટ નિષ્ઠાનું ઉત્કૃષ્ટ પરિણામ દર્શાવે છે.ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ સઘન બનાવવા અને વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે રાજ્યના DGP શ્રી જી.એસ. મલિક દ્વારા તાજેતરમાં ૧૩ બિન-હથિયારી PSI ને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યું હતું. આ જ મહત્વપૂર્ણ હુકમ અંતર્ગત શ્રી જનકસિંહ રાણાને પણ આ યોગ્યતા અને બઢતી પ્રાપ્ત થઈ છે. પ્રમોશનની સાથે જ તેમની નવી નિમણૂક કચ્છ પૂર્વ-ગાંધીધામ ખાતે કરવામાં આવી છે. રાજકોટ જેવા મહત્વના શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાનો બહોળો અનુભવ મેળવ્યા બાદ, હવે તેઓ કચ્છ જેવા સંવેદનશીલ અને મહત્વના જિલ્લામાં પોતાની કુનેહનો લાભ આપશે. આ બઢતી સાથે જ તેમને હવે ક્લાસ-૨ અધિકારી તરીકેના ઉચ્ચ પગાર ધોરણ (લેવલ-૮) સહિતના લાભો પણ પ્રાપ્ત થશે. પાયપિંગ સેરેમની સંપન્ન થયા બાદ શ્રી રાણા પર પોલીસ બેડામાંથી, મિત્રો અને તેમના શુભેચ્છકો તરફથી અભિનંદનનો ધોધ વરસી રહ્યો છે. તેમની આ નવી ભૂમિકા માત્ર એક હોદ્દાની વૃદ્ધિ નથી, પરંતુ રાજ્યની સુરક્ષા વ્યવસ્થામાં એક મોટી જવાબદારીનો ઉમેરો છે. કચ્છ પૂર્વ-ગાંધીધામ ખાતે PI તરીકેની તેમની આ નવી સફર અત્યંત યશસ્વી અને સફળ રહે તેવી સૌ કોઈ કામના કરી રહ્યું છે.





# આર.એમ. છાયા હાઈસ્કૂલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ભવ્ય સ્નેહમિલન યોજાશે

## 40થી 41 વર્ષની ગૌરવપૂર્ણ શિક્ષણયાત્રાની ઉજવણી નિમિત્તે 13 સપ્ટેમ્બરે ગ્રાન્ડ એલ્મનિ ગેટ–ટુગેધરનું આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી મહાત્મા ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી રમેશભાઈ એમ. છાયા બોયઝ હાઈસ્કૂલની ૪૦થી ૪૧ વર્ષની સફળ અને ગૌરવપૂર્ણ શિક્ષણયાત્રા નિમિત્તે આર.એમ. છાયા બોયઝ હાઈસ્કૂલ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ભવ્ય સ્નેહમિલન અને ગ્રાન્ડ એલ્મનિ ગેટ-ટુગેધરનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટના ડો. રાધાકૃષ્ણ રોડ, સદર બજાર ખાતે આવેલી શાળાના પરિસરમાં બપોરે ૩:૩૦ વાગ્યાથી રાત્રિભોજન સુધી આ વિશેષ કાર્યક્રમ યોજાશે. શાળાના વિવિધ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકત્ર થઈ બાળપણની સુખદ યાદોને તાજી કરશે, જૂના મિત્રો તથા શિક્ષકો સાથે પુનસંપર્ક સાધશે અને શાળાજીવનની અમૂલ્ય સ્મૃતિઓને ફરી એકવાર વાગોળશે.આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એક મંચ પર લાવી પરસ્પર સ્નેહ, મિત્રતા અને સંવાદને વધુ મજબૂત બનાવવાનો છે. વર્ષો બાદ મળનારા મિત્રો માટે આ કાર્યક્રમ લાગણીસભર અને યાદગાર બની રહે તે માટે આયોજક કમિટી દ્વારા વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. કાર્યક્રમમાં જોડાવા માટે રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦ રાખવામાં આવી છે. ઇચ્છુક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઓનલાઇન ગૂગલ ફોર્મ મારફતે પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકશે. સ્નેહમિલન પૂર્ણ થયા બાદ તમામ નોંધાયેલા સભ્યો માટે એકસાથે રાત્રિભોજનનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

શાળાના તમામ બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ યાદગાર સંમેલનમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા આયોજક કમિટી દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ, આ સ્નેહમિલન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે માત્ર મુલાકાતનો પ્રસંગ નહીં, પરંતુ શાળા સાથેના જૂના સંબંધોને ફરી જીવંત કરવાનો અવસર પણ બની રહેશે.

કાર્યક્રમની સફળતા માટે વર્તમાન આચાર્ય પાયલબેન જોશી, શિક્ષક કૌશિકભાઈ રાવલ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એડવોકેટ પિયુષ ઝાલા, મનીષભાઈ પરમાર, નીતીશ આહાયા, વર્ચસ્વીન ધોળકિયા, રૂપેશભાઈ વાઘેલા, પ્રતિકભાઈ કોટક, રવિભાઈ મોટવાણી, કૌશિકભાઈ દહીસરીયા અને રાજવીરસિંહ જેઠવા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. રજિસ્ટ્રેશન અને માહિતી માટે સંપર્કઃ **70966 98000**

# 11 KV અન્ડરગ્રાઉન્ડ લાઇન મુદ્દે ટંકારામાં ખેડૂતોનો પ્રતીક ઉપવાસ

## એડિકા સોલાર કંપની સામે ખેડૂતોનો વિરોધ; મામલતદાર કચેરી બહાર આંદોલન શરૂ

**સિટી ન્યૂઝ@ટંકારા**

ટંકારાથી કોઠારીયા જવાના માર્ગે આવેલી એડિકા ઈન્ડસ્ટ્રીઝ એલ.એલ.પી. સોલાર કંપની સામે ૧૧ KV અન્ડરગ્રાઉન્ડ વીજ લાઇનના મુદ્દે સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. કંપનીએ સરકારી નિયમોનું પાલન કર્યા વિના જોખમી રીતે વીજ લાઇન નાખી હોવાનો દાવો કરી બે જાગૃત નાગરિકોએ મોરબી કલેક્ટર, ટંકારા મામલતદાર અને પોલીસ સમક્ષ લેખિત રજૂઆત કરી છે.

હેમંતભાઈ મોહનભાઈ દુબરીયા અને દિનેશભાઈ કરશનભાઈ સોલંકીએ મામલતદાર કચેરી સામે પ્રતીક ઉપવાસ શરૂ કર્યો છે. રજૂઆત મુજબ, સોલાર પાવર હડમતિયા સબ-સ્ટેશન સુધી પહોંચાડવા માટે કોઠારીયા માર્ગ પર અન્ડરગ્રાઉન્ડ વીજ લાઇન નાખવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગની શરતો મુજબ લાઇન રસ્તાની મારેખા તથા નાળા-પુલિયાથી ઓછામાં ઓછી ૬ મીટર દૂર નાખવાની હોવા છતાં નિયમોનું પાલન થયું નથી.



ચોમાસામાં આ માર્ગ પર પાણી ભરાતું હોવા ઉપરાંત નજીકમાં સિંચાઈનું તળાવ પણ આવેલું છે. માર્ગ પરથી પદયાત્રીઓ તેમજ શીતળા માતાના મંદિરે જતા દર્શનાર્થીઓની અવરજવર રહેતી હોવાથી શોર્ટ સર્કિટના કારણે જાનહાનિનો ભય હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ખેડૂતોની રજૂઆત મુજબ, કંપનીના ભાગીદાર પરેશભાઈ મોરડીયાને નોટિસ આપ્યા બાદ ખેડૂતોને બ્લેકમેઈલિંગના આરોપ સાથે પોલીસ કેસમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સર્વે નં. ૩૩૭ અને ૩૬૦માંથી આશરે ૧૫૦૦થી ૨૦૦૦ ટ્રેક્ટર જેટલી માટીનું ખનન કરી ઉપાડવામાં આવ્યું હોવાની પણ અગાઉ રજૂઆત કરવામાં આવી હતી.

મામલતદાર કચેરી બહાર ૧૦ ઓગસ્ટથી શરૂ કરાયેલા પ્રતીક ઉપવાસ દરમિયાન આંદોલનકારીઓએ કંપનીની કામગીરીની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની અને ખેડૂતોને ન્યાય આપવાની માંગ કરી છે. તાત્કાલિક કાર્યવાહી નહીં થાય અને કોઈ અઘટિત બનાવ બનશે તો તેની જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# રાજયમાં ગણેશ મહોત્સવ,નવરાત્રિમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા ગણેશ મહોત્સવ અને નવરાત્રિ દરમિયાન ગુજરાતના ૩૪ જિલ્લામાં અંધશ્રદ્ધા નિવારણ માટે 'ચમત્કારોથી ચેતો' લોકજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર, સુરેન્દ્રનગર, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, પાલનપુર, મહેસાણા, વાવ-થરાદ અને પાટણ સહિતના જિલ્લાઓમાં કાર્યક્રમો યોજાશે. જાથાના જણાવ્યા મુજબ, વર્ષ ૧૯૯૨થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી રાજ્ય, પ્રાદેશિક અને ૧૪ શાખાઓના સહયોગથી ૧૦,૮૯૧



જનજાગૃતિ સ્ટેજ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. દોરા-ધાગા અને ચમત્કારના નામે છેતરપિંડી કરનારા ૧,૨૯૦ લોકોનો પર્દાફાશ તથા ૩,૫૦૦ જેટલા ધૂણતા અને સવારી આવતા ભુવા, ફકીર, મુજાવર સહિતના લોકોની પ્રવૃત્તિ બંધ કરાવવામાં આવી હોવાનું જણાવાયું છે. ત્રણ કલાકના સ્ટેજ કાર્યક્રમમાં અંધશ્રદ્ધા, વ્હેમ અને કહેવાતા ચમત્કારો અંગે વૈજ્ઞાનિક સમજ આપવામાં આવશે. ભૂત-પ્રેત, ડાકણ, મેલીવિદ્યા, વાસ્તુશાસ્ત્ર, ફેંગશૂઈ અને ફળકથન જેવી બાબતો અંગે દાખલા અને પુરાવા સાથે રજૂઆત કરવામાં આવશે. કાર્યક્રમમાં હાથમાંથી કંકુ-ભસ્મ નીકળવું, લોહી નીકળવું, બેડી તૂટવી, ઉકળતા તેલમાંથી પુરી તળવી સહિતના કહેવાતા ચમત્કારોના પ્રયોગો કરી તેમની પાછળનું વિજ્ઞાન સમજાવવામાં આવશે. જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ કાર્યક્રમોમાં ધાર્મિક લાગણીઓને ધ્યાનમાં રાખવામાં આવતી હોવાનું જાથાએ જણાવ્યું છે. જાથાના જણાવ્યા મુજબ, સંસ્થા ભગવાન, ઈશ્વર, અલ્લાહ કે ધાર્મિક શાસ્ત્રોના વિરોધમાં નહીં પરંતુ અંધશ્રદ્ધા સામે લોકજાગૃતિ માટે કાર્ય કરે છે. કાર્યક્રમ યોજવા ઈચ્છુક સંસ્થાઓ અને મંડળોએ અગાઉથી નોંધણી કરાવી નિયમો તથા સંમતિપત્રકની વિગતો મેળવવાની રહેશે. કાર્યક્રમ માટે રાજકોટથી ટીમના આવવા-જવાના વાહન ખર્ચ, રહેવા-જમવા તથા કેમિકલનો ખર્ચ આયોજકોએ ભોગવવાનો રહેશે. વધુ માહિતી માટે મો. 98252 16689 અને 94269 80955 તથા ઈ-મેઈલ bjvjoffice@gmail.com પર સંપર્ક કરવા જણાવાયું છે.




## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટેક્સમેકો રેલ એન્ડ એન્જિનિયરિંગ લિ.એ જણાવ્યું છે કે કંપનીને કુલ રૂ.૧૩૧.૩૬ કરોડના બે ઓર્ડર મળ્યા છે. ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. પાસેથી રૂ.૨૪.૪૮ કરોડનો, ટોક્સ ટેક્સમેકો રેલકાર લિઝિંગ પ્રા. લિ. પાસેથી રૂ.૧૦૬.૮૮ કરોડનો
- વીએ ટેક વેગબેક લિ.એ જણાવ્યું છે કે કંપનીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. પાસેથી ધીરુભાઈ અંબાણી ગ્રીન ગીગા કોમ્પ્લેક્સ (ડીએજીઈજીસી), જામનગર સ્થિત એફ્લુઅન્ટ ટ્રિટમેન્ટ પ્લાન્ટ (ઈટીપી)ની ડિઝાઈન, એન્જિનિયરિંગ, ઉત્પાદન, સપ્લાય, બાંધકામ અને કમિશનિંગ માટે ઓર્ડર મળ્યો છે.
- એનએલસી ઈન્ડિયા લિ.ની ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મળેલી બોર્ડ મીટિંગ માં કંપનીના થર્મલ, માઈનિંગ અને ડાયવર્સિફિકેશન પ્રોજેક્ટ્સની કેપેક્સ જરૂરિયાત માટે પંજાબ નેશનલ બેન્ક પાસેથી ૧૦ કરોડ ડોલરનું ધિરાણ લેવા અને કંપનીની એજીએમ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજવાના પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યા છે.
- એરફ્લોઆ રેલ ટેકનોલોજી લિ.એ જણાવ્યું છે કે કંપનીને નમો ભારત રેપિડ રેલના એક રેક સેટની સપ્લાય અને સ્થાપના માટે સ્ટોર્સ/એચએસક્યુ /રેલ કોચ ફેક્ટરી / કપુરથાલા પંજાબ પાસેથી રૂ.૩૧.૦૮ કરોડનો ઓર્ડર મળ્યો છે.

**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| PRANAV CONSTRUCTIONS | 07/9 | 09/9 | 118 - 124 | 120 | 14,880 |
| GLASS WALL SYSTEMS (INDIA) | 08/9 | 10/9 | 172 - 182 | 82 | 14,924 |
| PRASOL CHEMICALS | 08/9 | 10/9 | 643 - 676 | 22 | 14,872 |
| KANOHAR ELECTRICALS | 08/9 | 10/9 | 601 - 632 | 23 | 14,536 |
| KARAMTARA ENGINEERING | 09/9 | 11/9 | 241 - 254 | 59 | 14,986 |
| LCC PROJECTS | 09/9 | 11/9 | 139 - 146 | 102 | 14,892 |
| MANIPAL PAYMENT & IDENTITY SOLUTIONS | 09/9 | 11/9 | 322 - 339 | 44 | 14,916 |
| ASSET RECONSTRUCTION CO. (INDIA) | 09/9 | 11/9 | 132 - 139 | 107 | 14,873 |
| RENTOMOJO | 09/9 | 11/9 | 384 - 404 | 37 | 14,948 |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| QUALIANCE INTERNATIONAL | 04/9 | 08/9 | 120 - 127 | 2000 | 2,54,000 |
| APANA LOGISTICS | 07/9 | 09/9 | 60 | 4000 | 2,40,000 |
| AMTECH ESTERS | 09/9 | 11/9 | 71 - 75 | 3200 | 2,40,000 |
| VINOD TEXWORLD | 09/9 | 11/9 | 94 | 2400 | 2,25,600 |
| INFRAX RENEWABLE | 09/9 | 11/9 | 104 | 2400 | 2,49,600 |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |
| RAKSAN TRANSFORMERS | 10/9 | 15/9 | 258 - 273 | 800 | 2,18,400 |
| OM GALAXY | 10/9 | 15/9 | 85 - 90 | 3200 | 2,88,000 |
| MAHARAJA & SPEEDEX INDIA | 10/9 | 15/9 | 177- 186 | 1200 | 2,23,200 |

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**